વર્ષ : ૬૫ ■ અંક : ૧૨ ■ તા.૧૬-૬-૨૦૨૫

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક



## અમદાવાદ વિમાની દુર્ઘટના
# દેશ સ્તબ્ધ

# ચોમાસામાં સજ્જતા કેળવીએ...

## તૈયારી એ જ ઉપાય

### સજ્જતા ચકાસણી યાદી

01 પાઈપો અને ગટર સાફ રાખો.

02 આકસ્મિક પરિસ્થિતિ માટે સિમેન્ટની ખાલી થેલીઓમાં રેતી ભરીને રાખો.

03 તાકીદની પરિસ્થિતિ માટે : બેટરી (ટોર્ચ), વધારાના પાવર (સેલ), સૂકો ખોરાક, વધારાના કપડાં, પીવાનું પાણી, દવાઓ, ઓળખપત્ર, દસ્તાવેજો, કિંમતી ચીજવસ્તુઓ, અગત્યના ફોન નંબર, સલામત રીતે એક જ જગ્યાએ હાથવગા રાખો.

04 ઝડપથી સ્થળાંતર માટે સલામત આશ્રય સ્થાનો અને ઊંચાણવાળા વિસ્તારો અગાઉથી જાણી રાખો.

05 પૂરના પાણીથી નુકસાન થઈ શકે તેવી ચીજ વસ્તુઓ અને દસ્તાવેજો ઊંચી છાજલીઓ અગર ઉપરના માળ ઉપર રાખો.

06 ઓછા સમયમાં સ્થળાંતર માટે તૈયાર રહો.

સ્થળાંતર માટેના રસ્તાઓ અને વૈકલ્પિક રસ્તાઓ અગાઉથી નક્કી રાખો.

07 ચોમાસા દરમિયાન ટીવી કે રેડિયો જેવાં માધ્યમોમાં પ્રસારિત થતી ચેતવણીઓ અને સાવધાની માટેની સૂચનાઓ સાંભળવાની આદત કેળવો.

08 તમારા વિસ્તારમાં સરકાર દ્વારા આયોજિત મોકડ્રીલમાં ભાગ લો.

09 કુટુંબના સભ્યો સાથે પૂર સમયે રાખવાની થતી સાવધાનીઓ અંગે અવારનવાર ચર્ચા કરો.

10 તબીબી, આગ અને પોલીસ સંબંધિત તાકીદની પરિસ્થિતિમાં ફોન નં.૧૦૮નો સંપર્ક કરવા માટે તમારા કુટુંબના સભ્યોને માહિતગાર રાખો.

**આપની સજ્જતા, એ જ આપના પરિવારની સલામતી...**

ગુજરાત સરકાર દ્વારા જનહિતમાં પ્રકાશિત

**Gujarat**
The Reliable fortnightly of Gujaratis

Year : 65 ■ Issue : 12 ■ Date : 16 - 6 - 2025

**તંત્રી** : કે. એલ. બચાણી
**સહતંત્રી** : અરવિંદ પટેલ
**કાર્યવાહક તંત્રી** : જયેશ દવે
**સંપાદક** : મનીષા વાઘેલા
**સહસંપાદક** : બેલા મહેતા, અરૂણા ડાવરા, નીરવ રાવલ
**કલાનિર્દેશક** : જસ્મીન દવે
**લેઆઉટ ડિઝાઇન** : મૌલિક એમ. રાજપૂત
**વિતરણ વિભાગ** : પી. જી. ચંડીસરા, દામિની ચૌહાણ, જયદીપસિંહ ઝાલા

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**વિતરણ વિભાગ** : ફોન : ૦૭૯ - ૨૩૨૫૩૪૪૨
**ઈ-મેલ એડ્રેસ** : gujaratmagazine@gmail.com
**ફરિયાદ એડ્રેસ** : gujaratpaxik1@gmail.com
**ફેસબુક લિંક** : gujaratinformation.official

**તંત્રી વિભાગ**
'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**



રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.



માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ દ્વારા મુદ્રિત

**48 + 4 Cover = Total 52 Pages**

આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઈઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઈ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.


# શબ્દશઃ



- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભવિષ્યમાં આવનારા પર્યાવરણના પડકારોના નિવારણનું આગવું વિઝન પર્યાવરણ સુરક્ષા સાથેના વિકાસને ધરાતલ પર ઉતારવાના સંકલ્પો સાથે આપણને આપ્યું છે.
- ગુજરાતના આજના સર્વગ્રાહી વિકાસના મૂળમાં વડાપ્રધાનશ્રીએ જળશક્તિ, જનશક્તિ, ઊર્જાશક્તિ, રક્ષાશક્તિ અને જ્ઞાનશક્તિનો આપેલો વિચાર છે.
- પાછલાં ૧૧ વર્ષોમાં દેશમાં વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં એ.આઇ. આધારિત ઉદ્યોગો, સેમિકંડક્ટર અને ઇલેક્ટ્રોનિક ક્ષેત્રને વિશેષ પ્રોત્સાહન આપવા પૉલિસીઝ અને મિશન કાર્યરત થયા છે.
- ગુજરાતમાં એવું પ્રોત્સાહક અને શાંતિપૂર્વક વાતાવરણ તથા સુદ્રઢ ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે કે, એકવાર ગુજરાતમાં ઉદ્યોગ-રોકાણ માટે આવનારા લોકો ગુજરાત સિવાય અન્ય ક્યાંય રોકાણો માટે જતા નથી.
- વડાપ્રધાનશ્રીએ અપૂરતા પાણીવાળા વિસ્તારોને પાણીદાર બનાવવાનો સંકલ્પ કરીને સૌની યોજના, સુજલામ્-સુફલામ્ યોજના અને કેનાલ નેટવર્ક દ્વારા છેવાડાના વિસ્તારો સુધી પાણી પહોંચાડ્યું છે.
- છેલ્લા ૨૦ વર્ષમાં અટલ સરોવર, એઇમ્સ, આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટ, વિવિધ ફ્લાયઓવર સહિતના વિવિધ વિકાસ પ્રકલ્પો થકી રાજકોટની પણ કાયપલટ થઈ છે.
- એક સર્વે મુજબ રાજ્યમાં ૩.૪૦ લાખ પરિવારોએ સોલાર રૂફટોપ લગાવ્યાં છે, જેમાંથી લોકોએ ૫૮ ટકા વીજળી ઘર વપરાશમાં ઉપયોગમાં લીધી અને ૪૨ ટકા વીજળી સરકારને વેચીને કમાણી કરી છે.
- "ક્લીન ગુજરાત અને ગ્રીન ગુજરાત" માટે રાજ્યનાં શહેરો સ્વચ્છ સાથે પ્લાસ્ટિકમુક્ત બને તે નાગરિકોનું પણ કર્તવ્ય છે.
- ભારતને સોફ્ટ પાવર લીડર અને નોલેજ બેઝ્ડ ઇકોનોમીમાં અગ્રેસર રાખવા ગુજરાત લીડ લેવા સજ્જ છે.

**(મુખ્યમંત્રીશ્રીએ આપેલાં વિવિધ વક્તવ્યના અંશો)**

6 કરુણાંતિકા





11 પ્રતિભાવ



20 વિકાસયાત્રા

12 કવર સ્ટોરી



33 પ્રકૃતિ
34 સંક્ષિપ્ત સમાચાર
36 સમાચાર વિશેષ
37 સંવર્ધન
42 પ્રાકૃતિક કૃષિ
43 નિર્ણય
45 અવનવું
46 ક્વિઝ કોર્નર
47 પ્રેરણા
48 સાયબર સુરક્ષા
49 જાણકારી
50 શબ્દ યાત્રા

# નિ:શબ્દ કરુણાંતિકા...

કુદરતની ગતિ અકળ છે, તેને કોઇ પામી શક્યુ નથી. અમદાવાદમાં બનેલી ભયાવહ દુ:સ્વપ્ન સમાન વિમાની દુર્ઘટના તેની સાક્ષી પૂરે છે. આ દુર્ઘટના સમયે સમગ્ર દેશ ગુજરાતની પડખે રહ્યો. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ સમગ્ર પરિસ્થિતિનો ચિતાર મેળવવા સત્વરે અમદાવાદ આવ્યા. વડાપ્રધાનશ્રીએ ઘટના સ્થળની મુલાકાત લઇ પરિસ્થિતિ, બચાવ કાર્ય,આરોગ્યલક્ષી સેવાઓ અંગે જાત માહિતી મેળવી માર્ગદર્શન પૂરું પાડ્યું. અમદાવાદમાં એર ઈન્ડિયાનું પેસેન્જર વિમાન તૂટી પડવાની દુર્ઘટના સામે તત્કાલ બચાવ અને રાહત કામગીરીની તેમજ ઈજાગ્રસ્તોને તાત્કાલીક સારવાર માટેની વ્યવસ્થા યુદ્ધના ધોરણે હાથ ધરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સૂચનાઓ આપી હતી. ગુજરાતને કદી ન પૂરાય એવી ખોટ પડી, સંવેદનશીલ ભૂતપૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીને આપણે ગુમાવ્યા.

પ્રકૃતિ આપણને કેટલાક જીવન ઉપયોગી નિયમો શીખવે છે, જેમાંનો એક નિયમ છે "લો ઓફ કમ્પનસેશન". એટલે કે જો આપણે એક દાણો વાવીએ તો તેના દસગણા કરીને પ્રકૃતિ આપણને પાછા આપે છે. આવી પ્રકૃતિના જતન-સંવર્ધન માટે મહર્ષિ દયાનંદ સરસ્વતીએ આપેલા 'વેદો તરફ પાછા વળો'ના સૂત્રની જેમ 'પ્રકૃતિ તરફ પાછા વળો' સૂત્રને જન અભિયાન સ્વરૂપે અપનાવવાની તાતી જરૂરિયાત છે. આ સૂત્રને ચરિતાર્થ કરવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'પ્લાસ્ટિક પ્રદૂષણના અંત'ના આપેલા વિચારને જનશક્તિના સામર્થ્યથી સાકાર કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિશ્વ પર્યાવરણ દિવસે ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિરમાં આયોજિત કાર્યક્રમમાં આહ્વાન કર્યું હતું. આ વર્ષના વિશ્વ પર્યાવરણ દિવસથી વડાપ્રધાનશ્રીએ રિડ્યુસ, રિયૂઝ, રિસાઇકલ અને રિકવર એમ ચાર 'આર' થી પર્યાવરણ રક્ષાનો મંત્ર આપ્યો છે.

જમીન સાથે જળની સુરક્ષા માટે જનશક્તિને જોડવામાં



આવી છે. ઝાલાવાડમાં જળ ક્રાંતિ સર્જી વિકાસની દિશામાં નવપ્રસ્થાન કરાવતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સુરેન્દ્રનગરમાં રૂ. ૬૯૬ કરોડના ૧૨ વિકાસ પ્રકલ્પોનાં લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યા, જેમાંથી રૂ. ૬૬૪ કરોડનાં કામો તો પાણી અને સિંચાઈની સુવિધા માટેનાં છે.

સેવા, સમર્પણ, સુશાસનના સમન્વયથી નાગરિકોની સુવિધા અને સુખાકારી વધે તે માટે રાજ્યમાં આયોજનબદ્ધ કામગીરી થઈ રહી છે. જામનગરમાં "શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫"નાં ૨૦ વર્ષની પૂર્ણતાના અવસરે વિશેષ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. મુખ્યમંત્રીશ્રીએ જામનગર શહેર તથા ગ્રામીણ વિસ્તારોના રૂ. ૪૩૦ કરોડ ૫૦ લાખના ખર્ચે વિવિધ ૩૦ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યાં હતાં, તો વળી, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રૂ. ૩૪૩.૩૯ કરોડનાં ૧૩ વિકાસકામોનાં લોકાર્પણ તથા રૂ. ૨૧૩.૭૯ કરોડનાં ૨૮ વિકાસ કામોનાં ખાતમુહૂર્ત કરીને રાજકોટ શહેર-જિલ્લાને રૂ. ૫૫૭.૧૮ કરોડના વિકાસ પ્રકલ્પોની ભેટ આપી હતી. જેનાથી શહેર અને જિલ્લાનાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ઉદ્યોગ અને જીવનશૈલીમાં વિકાસક્રાંતિ આવશે. આ ઉપરાંત આવાં તો અનેક વિકાસકામોની ઝાંખી આ અંકમાં મળશે.

ગુજરાત પાક્ષિકના આ અંકમાં અમદાવાદ વિમાની દુર્ઘટનાના મૃતકોને શ્રદ્ધાંજલિ અને સ્વજનોને સાંત્વના પાઠવવામાં આવી છે.

**કે. એલ. બચાણી,** આઇ.એ.એસ.
**માહિતી નિયામક**







# અમદાવાદ વિમાની દુર્ઘટના: દેશ સ્તબ્ધ

અમદાવાદથી લંડન જતું વિમાન ટેકઓફ બાદ તુરત જ તૂટી પડવાની કરૂણાંતિકા સર્જાતા દોડી આવેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અપાર દુ:ખની લાગણી સાથે શોકગ્રસ્ત પરિવારો પરત્વે સંવેદના વ્યક્ત કરી હતી. વડાપ્રધાનશ્રીએ ઘટનાસ્થળની મુલાકાત લઇ પરિસ્થિતિ, બચાવકાર્ય, આરોગ્યલક્ષી સેવાઓ અંગે જાતમાહિતી મેળવી માર્ગદર્શન આપ્યું હતું. તેમણે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર લઇ રહેલા દર્દીઓની સ્વાસ્થ્ય પૃચ્છા કરીને સ્વજનોને આ વિકટ પરિસ્થિતિનો સામનો કરવા હિંમત બંધાવી હતી. આ ભયાવહ દુર્ઘટનામાં સરકારે મૃતક અને પરિવારજનોને દરેક તબક્કે જરૂરી મદદ પૂરી પાડવાની ખાતરી આપી હતી.

અમદાવાદમાં એર ઈન્ડિયાનું પેસેન્જર વિમાન તૂટી પડવાની દુર્ઘટના સામે તત્કાલ બચાવ અને રાહત કામગીરીની તેમજ ઈજાગ્રસ્ત મુસાફરોને તાત્કાલીક સારવાર માટેની વ્યવસ્થા યુદ્ધના ધોરણે હાથ ધરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે સૂચનાઓ આપી હતી. મુખ્યમંત્રીશ્રીને આ દુ:ખદ ઘટનાની જાણ થતાં જ તેમણે મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી અને સંબંધિત વરિષ્ઠ સચિવોનો ટેલીફોન પર સંપર્ક કરીને ઈજાગ્રસ્ત મુસાફરોને તાત્કાલીક સારવાર માટે પહોંચાડવા ગ્રીન કોરીડોરની વ્યવસ્થા માટે અને હોસ્પિટલમાં સારવારની તમામ વ્યવસ્થાઓ અગ્રતાક્રમે સુનિશ્ચિત કરવા પણ સૂચનાઓ આપી હતી. કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાથે વાતચીત કરીને આ વિમાન દુર્ઘટનામાં બચાવ – રાહત કામગીરી માટે NDRFની ટીમો અને કેન્દ્ર સરકારની સંપૂર્ણ મદદની ખાતરી આપી હતી.

**સારવાર સાથે સંવેદનાનો સેવાભાવી અભિગમ**

અમદાવાદ પ્લેનક્રેશ દુર્ઘટનામાં દાઝી ગયેલા ઈજાગ્રસ્તોને સંપૂર્ણ મેડિકલ પ્રોટોકોલ સાથેની સઘન અને શ્રેષ્ઠત્તમ સારવાર અમદાવાદ સિવિલ હોસ્પિટલ દ્વારા આપવામાં આવી. નિષ્ણાત તબીબોના સતત મોનિટરિંગ સાથે નર્સિંગ સ્ટાફે અસરગ્રસ્તોની સેવા- શૂશ્રુષા






















કરી. અમદાવાદમાં બનેલી પ્લેન દુર્ઘટનાના ઇજાગ્રસ્તોની પડખે સિવિલ હોસ્પિટલ રહી. હોસ્પિટલના તબીબો, નર્સિંગ સ્ટાફ, પેરામેડિકલ સ્ટાફ રાઉન્ડ ધ કલોક સેવારત રહ્યો.તમામ લોકોએ એકજૂટ થઈને એક એક જીવ બચાવવા નિષ્ઠાપૂર્વક ફરજ નિભાવી.

**સ્વજનોને હિંમત બંધાવતા વડાપ્રધાનશ્રી**

અમદાવાદ પ્લેનક્રેશ દુર્ઘટનાથી આખો દેશ સ્તબ્ધ છે ત્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સમગ્ર પરિસ્થિતિનો ચિતાર મેળવવા અમદાવાદ આવી પહોંચ્યા હતા અને પ્લેનક્રેશ દુર્ઘટનાસ્થળની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી.

વડાપ્રધાનશ્રીએ ક્ષતિગ્રસ્ત થયેલી મેડિકલ હોસ્ટેલ અને મેસ બિલ્ડિંગનું નિરીક્ષણ કર્યું હતું. આ મુલાકાતમાં વડાપ્રધાનશ્રીની સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી શ્રી કિંજારાપુ રામ મોહન નાયડુ, કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલ, કેન્દ્રીય રાજ્ય ઉડ્ડયન મંત્રી શ્રી મુરલીધર મોહોલ, ગુજરાતના નાગરિક ઉડ્ડયન મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત, ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઇ સંઘવી, રાજ્યમંત્રી શ્રી જગદીશભાઇ વિશ્વકર્મા, મુખ્ય સચિવ શ્રી પંકજ જોશી, ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મનોજકુમાર દાસ, રાજ્ય પોલીસ વડા શ્રી વિકાસ સહાય સહિત વહીવટીતંત્રના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પ્લેનક્રેશ દુર્ઘટનાસ્થળની મુલાકાત લઈને વડાપ્રધાનશ્રી અમદાવાદ સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા અને ત્યાં સારવાર મેળવી રહેલા ઇજાગ્રસ્ત દર્દીઓની મુલાકાત લીધી હતી. આ દુર્ઘટનામાં ઇજાગ્રસ્ત થયેલા તબીબો અને હેલ્થકેર વર્કર્સની મુલાકાત પણ વડાપ્રધાનશ્રીએ લીધી હતી અને ઇજાગ્રસ્તોની સારવાર કરી રહેલા તબીબો પાસેથી દર્દીઓની હાલની સ્વાસ્થ્ય પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ સ્થળોની મુલાકાત લઈને નિરીક્ષણ કર્યા પછી અમદાવાદમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ તથા કેન્દ્ર અને રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ અને વરિષ્ઠ સચિવશ્રીઓ સાથે ઉચ્ચસ્તરીય બેઠક પણ યોજી હતી.

**પરિસ્થિતીનો તાગ મેળવતા કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી**

એર ઇન્ડિયાના અમદાવાદથી લંડન જતાં વિમાનની સર્જાયેલી

















કમનસીબ દુર્ઘટના સંદર્ભે કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની ઉપસ્થિતમાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજીને સમગ્ર ઘટનાની તલસ્પર્શી માહિતી મેળવી હતી. આ બેઠકમાં કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ રાહત-બચાવ કામગીરીની સમીક્ષા કરીને સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનો કર્યા હતા. કેન્દ્રીય મંત્રી શ્રી સી. આર. પાટીલ, કેન્દ્રીય મંત્રી શ્રી કિંજરાપુ રામમોહન નાયડુ, કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રી મુરલીધર મોહોલ પણ આ બેઠકમાં જોડાયા હતા.

**એર ઇન્ડિયા ફ્લાઇટ નંબર AI-171ની દુર્ભાગ્યપૂર્ણ ઘટનાથી સમગ્ર દેશ આઘાતમાં છે, આ અકસ્માતમાં માર્યા ગયેલા મુસાફરોના પરિવારો સાથે તમામ દેશવાસીઓ ઊભા છે**

**ભારત સરકાર, ગુજરાત સરકાર અને પ્રધાનમંત્રી તરફથી, હું તમામ મૃતકો પ્રત્યે મારી ઊંડી સંવેદના વ્યક્ત કરું છું**

**ભારત સરકાર અને ગુજરાત સરકાર સાથે મળીને રાહત અને બચાવ કાર્યમાં રોકાયેલા છે**

**- કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઇ શાહ**

કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીને આ બેઠકમાં નાગરિક ઉડ્ડયન વિભાગ, DGCA, આરોગ્ય વિભાગ, પોલીસ તંત્ર અને રાહત કમિશનર દ્વારા સમગ્ર વિમાન દુર્ઘટનાનો ઘટનાક્રમ, રાહત-બચાવ કામગીરી, આરોગ્યલક્ષી સેવાઓ સહિતની સંપૂર્ણ માહિતી પૂરી પાડવામાં આવી હતી.

આ દુર્ભાગ્યપૂર્ણ ઘટનાને દુઃખદ ગણાવીને કેન્દ્રીય મંત્રી શ્રી શાહે પીડિત પરિવારોને સરકાર તરફથી જરૂરી તમામ સહાય પૂરી પાડવા માટે આદેશો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, ઈજાગ્રસ્તોને ઝડપી સારવાર મળે, મૃતક અને પરિવારજનોના DNA સેમ્પલ કલેક્શન, મૃતકની ઓળખથી લઈને પાર્થિવ દેહને તેમના ઘર સુધી સુરક્ષિત પહોંચાડવા સુધીના દરેક તબક્કે જરૂરી મદદ સરકાર તરફથી પૂરી પાડવામાં આવશે.

મૃતકોની ઓળખ થઈ શકે તે માટે DNA મેચ કરવાની કામગીરીને વધુ સુદ્રઢ અને બનાવવા તેમજ ઘટનાની સંપૂર્ણ તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી ઘટના સ્થળને સંપૂર્ણ રીતે સુરક્ષિત રાખવા માટે શ્રી અમિતભાઇ શાહે સંબંધિત અધિકારીશ્રીઓને સૂચના

આપી હતી.

કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ કહ્યું કે, તેમણે અકસ્માત સ્થળની પણ મુલાકાત લઈને સમીક્ષા કરી છે. બધા મુસાફરોના મૃતદેહ બહાર કાઢવાનું કામ લગભગ પૂર્ણ થઈ ગઈ છે. જે લોકો વિદેશમાં છે તેમના સંબંધીઓને જાણ કરવાની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઇ છે અને તેઓ પહોંચતાની સાથે જ તેમના DNA નમૂના પણ લેવામાં આવશે.

તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાતમાં જ લગભગ 1000 DNA પરીક્ષણો કરાવવા પડશે. આ બધા પરીક્ષણો કરવા માટેની ક્ષમતા ગુજરાતમાં હોવાથી ડીએનએ પરીક્ષણ માટે ગુજરાતની બહાર ક્યાંય જવાની જરૂર રહેશે નહીં. રાજ્યની એફએસએલ અને નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી સાથે મળીને શક્ય તેટલા ઓછા સમયમાં ડીએનએ પરીક્ષણ પૂર્ણ કરી અને મૃતદેહ પરિવારના સભ્યોને સોંપશે.

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઇ શાહે આ દુર્ઘટનામાં જે યાત્રીઓ ઘાયલ થયા છે અને સારવારગ્રસ્ત છે તેમની ખબર અંતર હોસ્પિટલમાં જઈને પૂછી હતી. એટલું જ નહિ, મૃત્યુ પામેલા મુસાફરો અને હતભાગીઓ પ્રત્યે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને સમગ્ર દેશ સંવેદના વ્યક્ત કરીને શોકગ્રસ્ત પરિવારોની પડખે ઊભો છે, તેમ પણ તેમણે કહ્યું હતું.

રાજ્ય સરકારે દુર્ઘટનાની જાણ થતાવેંત ત્વરિત હાથ ધરેલી રાહત-બચાવની કામગીરી સંદર્ભે આ બેઠકમાં જણાવવામાં આવ્યું હતું કે, DNA કામગીરી માટે ૪૫ ડોક્ટરની ટીમ, SDRFની બે ટીમ, NDRF-૨ ટીમ રાહત બચાવ કામગીરીમાં ૮૫ ફાયર ફાઈટર અને AMCની પૂરી ટીમ તથા ૭૫થી વધુ એમ્બ્યુલન્સને કામગીરીમાં જોડવામાં આવી હતી. ઘાયલ અને મૃતકોને તાત્કાલિક સારવાર માટે પહોંચાડવા ગ્રીન કોરિડોર તૈયાર કરવામાં આવ્યો હતો.

એટલું જ નહિ, રાજ્ય સરકારે સ્ટેટ ઓપરેશન સેન્ટરમાં કંટ્રોલ રૂમ કાર્યરત કરીને હેલ્પલાઈન નંબરો સહિત અન્ય અલગ અલગ ૭ હેલ્પલાઈન નંબર જાહેર કર્યા હતા.

આ સંદર્ભમાં શ્રી અમિતભાઇ શાહે બચાવ-રાહતમાં કેન્દ્ર સરકારની એજન્સીઓ અને રાજ્ય સરકારના પોલીસ, આરોગ્ય, ફાયર અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ તંત્રના સંકલન અને ત્વરિત કામગીરી અંગે સંતોષવ્યક્ત કર્યો હતો.

આ ઉચ્ચ સ્તરીય બેઠકમાં રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ, નાગરિક ઉડ્ડયન મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂત, ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઇ સંઘવી, મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, ગૃહ વિભાગના અને મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી એમ. કે. દાસ સહિત રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### વડાપ્રધાનશ્રી અને મુખ્યમંત્રીશ્રીએ સોશિયલ મીડિયા પર શોક વ્યક્ત કર્યો



# ઉઠાવો કલમ
# પ્રતિભાવ

મુદ્રિત માધ્યમો માટે વાચક સર્વોપરી છે. વાચકોના વિચારો જાણવા માટે ગુજરાત પાક્ષિકમાં ‘ઉઠાવો કલમ’ની નવતર પહેલ શરૂ કરવામાં આવી છે. જેને બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે. **ગુજરાતનો મહોત્સવઃ શાળા પ્રવેશોત્સવ** આ વિષય પર વાચક મિત્રોએ પોતાના વિચારો ૧૫૦ થી ૨૦૦ શબ્દોમાં રજૂ કરવાના રહેશે. આ ઉપરાંત વાચકો ગુજરાત પાક્ષિક વિશે પોતાનાં મંતવ્યો, સૂચનો અને વિચાર પણ રજૂ કરી શકશે.

યુદ્ધ એટલે અશાંતિ... વિશ્વ પર નજર નાખીએ તો ઇઝરાયલ, રશિયા અને યુક્રેનમાં છેલ્લાં ઘણાં વર્ષથી યુદ્ધ ચાલુ છે. હજારો લોકો આ યુદ્ધમાં હોમાઈ ગયા. મોટી ઇમારતો ધરાશાયી થઈ ગયી. યુદ્ધ ગમે એ કારણે થતું હોય, તેનાં પરિણામો બંને દેશો માટે અને વિશ્વ માટે નકારાત્મક જ આવવાનાં છે. ભારતે પહેલગામ આંતકવાદી હુમલાનો જડબાતોડ જવાબ 'ઑપરેશન સિંદૂર'થી બખૂબી આપ્યો. પરંતુ આપણે ઇતિહાસમાંથી બોધપાઠ લેવો જોઈએ. પ્રથમ અને બીજા વિશ્વ યુદ્ધે ઘણા દેશોને તત્કાલીન સમયમાં 50 વર્ષ પાછળ ધકેલી દીધા. આમ, યુદ્ધથી અનેક ગેરફાયદાઓ થાય છે. વૈશ્વિક શાંતિ અને સમૃદ્ધિ માટે UNO જેવી સંસ્થાઓએ આગળ આવવું પડશે અને વસુધૈવ કુટુમ્બકમ્‌ની વિચારધારાને પોતાનામાં વિકસાવવી પડશે.

**કેતન મહેશ્વરી** (જિલ્લો : ભુજ - કચ્છ)

કુરુક્ષેત્ર હોય કે, કલિંગનું યુદ્ધ; પ્રથમ અને દ્વિતીય વિશ્વયુદ્ધ હોય કે, ગાઝા-ઇઝરાયલ વિવાદ, રશિયા યુક્રેન યુદ્ધ હોય, કે પછી ભારત-પાકિસ્તાન યુદ્ધ, યુદ્ધ હંમેશાં વિનાશકારી જ સાબિત થયું છે. હિરોશિમા, નાગાસાકી અને હોલોકોસ્ટ જેવી ભીષણ ઘટનાઓ માનવજાત પર કલંકસ્વરૂપ છે, જેણે જે તે રાષ્ટ્રને આર્થિક, રાજકીય અને સામાજિક અધોગતિના મુખમાં ધકેલ્યું છે.

યુદ્ધના કારણે જે તે રાષ્ટ્રનો આર્થિક વિકાસ રૂંધાય છે. આંતરમાળખાકીય સુવિધાઓ નષ્ટ થવાથી બેરોજગારી, ગરીબી જેવી સમસ્યાઓનું નિર્માણ થાય છે. વિદેશી અને સ્વદેશી રોકાણકારોનું પ્રમાણ ઘટે છે અને રાષ્ટ્ર પ્રગતિની રેસમાં ૫૦થી ૧૦૦ વર્ષ પાછળ ધકેલાઈ જાય છે. યુદ્ધના કારણે ચોમેર અશાંતિ, અરાજકતા અને ભયનો માહોલ ઊભો થાય છે. તેથી જ કહેવાયું છે કે, “જયાં સુધી વાંસળીની ભાષામાં સમાધાન થતું હોય, ત્યાં સુધી યુદ્ધના શંખ ન ફૂંકવા જોઈએ.”

**યશ ઠક્કર** (જિલ્લો: અમદાવાદ)

યુદ્ધ એ માત્ર દુઃખ, વિનાશનો માર્ગ છે. માનવજાતના ઇતિહાસમાં જ્યારે પણ યુદ્ધો થયાં છે તેની અસરો હંમેશા વિનાશક રહી છે. યુદ્ધ માત્ર દુઃખદ વારસો છોડી જાય છે. યુદ્ધથી કોઈપણ પક્ષે વાસ્તવિક રીતે જીત થતી નથી. યુદ્ધના કારણે ઘણા ગેરફાયદાઓ થાય છે.

- યુદ્ધથી માત્ર સૈનિકોને જ નહીં પરંતુ સામાન્ય નાગરિકો કે જેઓ યુદ્ધ સાથે સીધા જોડાયેલા હોતા નથી તેમને પણ નુકસાન થાય છે. સંસાધનોની અછતના કારણે મૂળભૂત સુવિધાઓ તથા વિકાસ માટેની યોજનાઓ સામે પડકારો ઊભા થાય છે.
- સરહદ વિસ્તારમાં રહેતા નાગરિકો પોતાનું ઘર ત્યજીને શરણાર્થી તરીકેનું જીવન જીવવા મજબૂર થાય છે. તેઓ માનસિક તણાવ અને અસુરક્ષિતતાની લાગણી સાથે જીવે છે.
- દેશની આર્થિક વ્યવસ્થા કંગાળ બની જાય છે અને મોંઘવારી વધે છે.
- રાસાયણિક અને પરમાણુ હથિયારો હવા, પાણી અને જમીનના પ્રદૂષણમાં વધારો કરે છે. તેની અસરો વિનાશક તથા લાંબા ગાળાની હોય છે.
- સાઇબર હુમલા દ્વારા દેશની સંવેદનશીલ માહિતીનો દુરુપયોગ કરવામાં આવે છે.
- આમ, યુદ્ધ એ કોઈ પણ સમસ્યાનો સ્થાયી ઉકેલ નથી. યુદ્ધથી મળતી જીતની કિંમત ઘણી વાર હારથી પણ વધુ હોય છે.

**દેવેન્દ્ર પટેલ** (જિલ્લો : ગાંધીનગર)

# પ્રકૃતિના પોકારનો પડઘો
# ગુજરાત બન્યું પર્યાવરણનું પ્રહરી




પ્લાસ્ટિક આ યુગની એક મહાન શોધ.....!!! ખરેખર...... એવું માની શકાય ખરું... તેના ટકાઉપણા અને વૈવિધ્યપૂર્ણ ઉપયોગને કારણે માનવજાત માટે ખૂબ જ ઉપયોગી એવું પ્લાસ્ટિક સમગ્ર જીવસૃષ્ટિ માટે એક વિકરાળ સમસ્યા પુરવાર થઈ રહ્યું છે. આવું કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. માનવીને અડધાથી પણ વધુ રોજિંદી કામગીરીમાં પ્લાસ્ટિકની અનિવાર્યપણે જરૂર રહે છે. કૃષિથી માંડી આરોગ્ય સુધી, ખાદ્ય પદાર્થોના પૅકેજિંગથી લઈ, કાપડ સુધી પ્લાસ્ટિક અનિવાર્ય બની ગયું છે. દૈનિક વપરાશની ચીજવસ્તુઓમાં મહત્તમ પ્લાસ્ટિક હોવા પાછળનો તેનો ટકાઉપણાનો ગુણ છે. પરંતુ તેના વધુ પડતા ઉપયોગ અને પુનઃઉપયોગને અભાવે પ્રકૃતિને પારાવાર નુકસાન થઈ રહ્યું છે.

શું તમે વિચાર્યું છે કે આ સિંગલ યુઝ્ડ પ્લાસ્ટિક કચરાનું પછી શું થાય છે? પ્લાસ્ટિકનો સંપૂર્ણ નાશ થતાં 500 વર્ષ સુધીનો સમય લાગી શકે છે ત્યારે તેને આમ કચરામાં નાખી દેવું એ બુદ્ધિપૂર્વકનું કાર્ય છે.... ? ના... જરાય.... નહીં.... પ્લાસ્ટિક સમગ્ર પૃથ્વી પરની જીવસૃષ્ટિ માટે એક વિકટ સમસ્યા બની ગયું છે. વપરાશ પછી ફેંકવામાં આવતું પ્લાસ્ટિક, જમીન પ્રદૂષણ, નાળાં તથા નદીઓમાં વહી પાણીનું પ્રદૂષણ કરે છે અને દરિયાઈ જીવસૃષ્ટિ માટે પણ એક સમસ્યારૂપ બન્યું છે. પ્લાસ્ટિકના કચરાને ખુલ્લામાં સળગાવવાથી હવામાં જીવસૃષ્ટિ માટે જોખમી ગેસ ભળે છે અને સર્જાય છે ગંભીર પ્રદૂષણ.

**વડાપ્રધાનશ્રીએ 'પ્લાસ્ટિક પ્રદૂષણના અંત'ના આપેલા વિચારને જનઆંદોલન બનાવીને સાકાર કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલનું આહ્વાન.**

હિન્દુસ્તાનની ચિર પુરાતન સંસ્કૃતિમાં પર્યાવરણનું મહત્ત્વ હજારો વર્ષોથી જીવનનું અંગ બનેલ છે. આપણે એક એવી સમાજ વ્યવસ્થા / સંસ્કૃતિના અને મહાન પરંપરાના વારસદારો છીએ કે જયાં પ્રકૃતિનું શોષણ નહીં પરંતુ પ્રકૃતિનું દોહન આપણા જીવનનો સિદ્ધાંત રહ્યો છે. મહાત્મા ગાંધીજીના ટ્રસ્ટીશિપના સિદ્ધાંત મુજબ આપણે પ્રકૃતિનું રક્ષણ કરવાનું છે, શોષણ નહીં.

વર્તમાન યુગમાં માનવી ઔદ્યોગિક ક્રાંતિ બાદ પર્યાવરણ અને તેને લગતી સમસ્યાઓની અસરોથી પીડાઈ રહ્યો છે. એમાં પણ પ્લાસ્ટિકજન્ય પ્રદૂષણે પ્રકૃતિને સૌથી વધુ નુકસાન કર્યું છે. માનવીય સંસ્કૃતિ અને પર્યાવરણ પૂરક છે. પર્યાવરણ વિના માનવીય અને જૈવિક સૃષ્ટિ શકય નથી અને પર્યાવરણનાં પંચમહાભૂતો જેવાં કે - જળ, જમીન, અગ્નિ, હવા અને આકાશ વગર આપણા સમાજ અને સંસ્કૃતિનું અસ્તિત્વ શક્ય નથી.

ગંભીર વૈશ્વિક સમસ્યાઓ વખતે ભારત હરહંમેશ વિશ્વ માટે માર્ગદર્શકની ભૂમિકા નિભાવતું આવ્યું છે. અત્યાર સુધીમાં



સમગ્ર વિશ્વને અનેક સમસ્યાઓમાં ભારતે દોરીસંચાર કરી ઉગાર્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્લાસ્ટિકના પ્રદૂષણને નાથવા અને ભારતને પ્લાસ્ટિકમુક્ત ભારત બનાવવાનું સ્વપ્ન સાકાર કરવા આહ્વાન કર્યું છે. વડાપ્રધાનના સંકલ્પને પાર પાડવા કૃતનિશ્ચયી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પર્યાવરણની જાળવણી અને પ્લાસ્ટિક કચરાના વ્યવસ્થાપનની દિશામાં પહેલ કરી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'પ્લાસ્ટિક પ્રદૂષણના અંત'ના આપેલા વિચારને જનઆંદોલન બનાવીને સાકાર કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિશ્વ પર્યાવરણ દિવસે ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિરમાં આયોજિત કાર્યક્રમમાં આહ્વાન કર્યું હતું. આ કાર્યક્રમમાં વન-પર્યાવરણ અને ક્લાઇમેટ ચેન્જ મંત્રી શ્રી મુળુભાઈ બેરા તથા રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ વિશ્વ પર્યાવરણ દિવસને માત્ર એક ઇવેન્ટ નહિ, પરંતુ સૌ માટે "પ્લાસ્ટિક પ્રદૂષણનો અંત" કરવાના સંકલ્પનો દિવસ ગણાવી વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં સમગ્ર દેશમાં છેલ્લા 15 દિવસથી ચાલી રહેલા 'વન નેશન, વન મિશન - પ્લાસ્ટિક પ્રદૂષણનો અંત' કેમ્પેઇનનો ઉલ્લેખ કર્યો હતો.

**વડાપ્રધાનશ્રીએ 'પ્લાસ્ટિક પ્રદૂષણના અંત' માટે રિડ્યુસ, રિયૂઝ, રિસાઇકલ અને રિકવર એમ ચાર 'આર'થી પર્યાવરણ રક્ષાનો મંત્ર આપ્યો છે**

તેમણે કહ્યું હતું કે, આ વર્ષના વિશ્વ પર્યાવરણ દિવસથી વડાપ્રધાનશ્રીએ રિડ્યુસ, રિયૂઝ, રિસાઇકલ અને રિકવર એમ ચાર 'આર' થી પર્યાવરણ રક્ષાનો મંત્ર આપ્યો છે. કાપડની થેલીનો ઉપયોગ, પાણી માટે સ્ટીલની બોટલ રાખવી જેવાં નાનાં નાનાં પ્રયાસો અને આદતો કેળવીને આપણે પોતે જ પરિવર્તનની શરૂઆત કરવી જોઈએ.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કુદરતથી વિમુખ થઈને પર્યાવરણના ભોગે વિકાસ થઈ શકે નહિ. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પર્યાવરણના જતનથી સસ્ટેનેબલ વિકાસની વિભાવના આપી છે. 'છોડમાં રણછોડ' જોવાની આપણી સંસ્કૃતિમાં પર્યાવરણ જતનની ભાવના આદિકાળથી રહેલી છે. આ સંદર્ભમાં, અમદાવાદમાં સિંદૂરવન અને ગાંધીનગરમાં સચિવાલય પ્રાંગણમાં 4 હજાર રોપાઓના વાવેતર સાથે માતૃવન નિર્માણથી 'એક પેડ માં કે નામ 2.0' અભિયાનનો પ્રારંભ કર્યો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિશ્વ પર્યાવરણ દિવસ-2025થી શરૂ કરાવેલા 'ગ્રીન વોલ ઓફ અરવલ્લી




પ્રોજેક્ટ' અંતર્ગત રાજ્યના અરવલ્લી, બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, પંચમહાલ, મહીસાગર, દાહોદ એમ સાત જિલ્લાના 19,225 હેક્ટર વિસ્તારમાં વૃક્ષો-રોપાઓ વાવવાનું રાજ્ય સરકારે આયોજન કર્યું છે.

વન-પર્યાવરણ અને ક્લાઇમેટ ચેન્જ મંત્રી શ્રી મુળુભાઈ બેરાએ 'વિશ્વ પર્યાવરણ દિવસ' નિમિત્તે જણાવ્યું હતું કે, GPCB ના નેતૃત્વ હેઠળ 646 પ્લાસ્ટિક પ્રોસેસિંગ યુનિટ, 7 વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટ અને ૫ કો-પ્રોસેસિંગ સિમેન્ટ પ્લાન્ટ કાર્યરત છે. રિવર્સ વેન્ડિંગ મશીનો, કાપડની થેલી માટેના એટીએમ, પર્યાવરણને અનુકૂળ પ્રસાદ બોક્સ જેવાં નવીનતમ પગલાંઓ પર્યાવરણ સંરક્ષણ તરફ પરિવર્તન લાવવામાં મદદ કરશે.

વન-પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગત 22 મે થી રાજ્યમાં પર્યાવરણ સંરક્ષણના કાર્યક્રમ હેઠળ 1.5 લાખથી વધુ નાગરિકો દ્વારા 2500થી વધુ કાર્યક્રમના આયોજન થકી બીચ ક્લિનિંગ, ગાર્ડન ક્લિનિંગ જેવા કાર્યક્રમો દ્વારા 6 લાખ કિલોથી વધુ પ્લાસ્ટિક કચરો એકત્રિત કરી નિકાલ કરવામાં આવ્યો છે.

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ પ્લાસ્ટિકના રિસાઇકલ અને રિયૂઝને લગતા વિવિધ ઇનોવેશન-સ્ટાર્ટપ્સના પ્રદર્શન સ્ટોલની મુલાકાત લઈને ઇનોવેટર્સને પ્રોત્સાહિત કર્યા હતા. 'ગુજરાતમાં પ્લાસ્ટિક વેસ્ટ મૅનેજમૅન્ટની બેસ્ટ પ્રેક્ટિસિસ', 'એક પેડ માં કે નામ' અને વિશ્વ પર્યાવરણ દિવસની પ્રિ-કેમ્પેન વિષય પર દસ્તાવેજી ફિલ્મ પ્રસ્તુત કરવામાં આવી હતી.

સુરત ખાતે અફલ્યૂઍન્ટ ટ્રેડિંગ માટે CETP અને તેનાં સભ્ય યુનિટ્સ વચ્ચે વ્યૂહાત્મક સમજૂતી કરાર-MOU મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા કુલ 11 જેટલા વિવિધ પ્રકલ્પોનાં વર્ચ્યુઅલી લોકાર્પણ, ખાતમુહૂર્ત અને ઇ-લોન્ચિંગ કરવામાં આવ્યાં હતાં.




### જીપીસીબી દ્વારા રિસાઇકલના અર્થતંત્ર અને પ્લાસ્ટિક પૅકેજિંગ પર ટૅક્નીકલ સત્ર

વિશ્વ પર્યાવરણ દિને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) દ્વારા ગાંધીનગરના મહાત્મા મંદિરમાં મહત્ત્વપૂર્ણ ટૅક્નીકલ સત્રોનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ગુજરાતના રિસાઇકલિંગના અર્થતંત્ર અને કમ્પોસ્ટેબલ પ્લાસ્ટિક વ્યવસ્થાપનની




## પ્લાસ્ટિકના વિકલ્પો અને રિસાઇક્લિંગ સોલ્યુશન્સની પ્રદર્શની

વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી ગાંધીનગરના મહાત્મા મંદિરમાં યોજાઈ હતી. જેમાં મુખ્યમંત્રીશ્રીએ પ્લાસ્ટિકના વિકલ્પો અને રિસાઇક્લિંગ સોલ્યુશન્સના પ્રદર્શનની મુલાકાત લઈને રસપ્રદ માહિતી મેળવી હતી.

આ પ્રદર્શનીમાં આર્ટિફિસિયલ ઇન્ટેલિજન્સની મદદથી પ્લાસ્ટિકના કચરાને અલગ તારવી શકતી એવી મશીનરી આકર્ષણનું કેન્દ્ર બની હતી. વૉલ્યુમ પ્રદર્શનીમાં સ્વસહાય જૂથની બહેનો દ્વારા સિંગલ-યૂઝ પ્લાસ્ટિક (SUP) માંથી બનાવાયેલી હેન્ડબેગ અને ફેશન વસ્તુઓ જોવા મળી હતી. પ્રદર્શનીમાં વપરાયેલી શેરડીના છોતરામાંથી બનાવાયેલી કમ્પોસ્ટેબલ ફૂડ કટલરી આઇટમ જોવા મળી હતી. તો પ્લાસ્ટિક બોટલોને રિસાઇકલ કરી તેમાંથી તૈયાર થયેલા મટીરિયલનો ઉપયોગ વિવિધ કપડાં નિર્માણમાં કરાય છે તેની સમજ લોકોને અપાઈ હતી. તદુપરાંત કાપડની બેગના વેન્ડિંગ મશીન, પ્લાસ્ટિક કચરામાંથી બાંધકામ સામગ્રીનું ઉત્પાદન જેવા પ્રોજેક્ટ્સરૂપે પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવા સાથે તેના અસરકારક રિયૂઝને દર્શાવવામાં આવ્યો હતો.



વિસ્તૃત ચર્ચા કરવામાં આવી.

આ સત્રોમાં વરિષ્ઠ નીતિનિર્માતા, ઉદ્યોગકારો, સંશોધકો એકઠા થયા હતા અને ગુજરાતની સંસાધન કાર્યક્ષમતા અને કચરા નિવારણ તરફની યાત્રા પર ચર્ચા કરવામાં આવી.

પ્રથમ સત્રમાં મલ્ટિ-લેયર્ડ પ્લાસ્ટિક પૅકેજિંગ (MLP)ના સ્થાને મોનો-મટીરિયલ્સ તરફ ટ્રાન્ઝિશન, પ્રમાણિત કમ્પોસ્ટેબલ પૅકેજિંગનો વ્યાપ અને EPR પાલનના વિસ્તરણ જેવી બાબતો પર ચર્ચા થઈ હતી. જ્યારે બીજા સત્રમાં ઉપયોગમાં લેવાયેલ તેલ, ઇ-વેસ્ટ, લિથિયમ આયર્ન બેટરીઓ અને સોલાર કચરો જેવાં ક્ષેત્રોમાં ગુજરાતની વ્યાપક પરિભ્રમણ નીતિ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. જેમાં નીતિ, આધાર, ESG સંકલન, પરિભ્રમણ અર્થતંત્ર માટેનાં નાણાકીય સાધનો અને ગ્રીન નોકરીઓના સર્જન જેવી બાબતો ચર્ચા યોજાઈ હતી. આ બંને સત્રોમાં EPR અમલ, કમ્પોસ્ટેબલ પૅકેજિંગ પાઇલટ અને પ્લાસ્ટિક કચરા ટ્રેસેબિલિટી સિસ્ટિમ માટેના પ્રયોગોની ચર્ચા થઈ હતી. આ ચર્ચાઓ વૈશ્વિક અને રાષ્ટ્રીય માળખા જેમ કે UNEP ગ્લોબલ પ્લાસ્ટિક્સ ટ્રીટી, મિશન લાઇફ અને પ્લાસ્ટિક વેસ્ટ મૅનેજમૅન્ટ રૂલ્સ સાથે સુમેળ ધરાવતી હતી









અને ગુજરાતને પર્યાવરણ સંચાલન તથા પરિભ્રમણ નીતિ અમલના ક્ષેત્રે રોલમૉડેલ તરીકે રજૂ કરે છે.

આ સત્રોમાં શહેરની સ્થાનિક સંસ્થાઓ, નીતિ નિર્માતા, ઉદ્યોગ સમૂહો, સ્ટાર્ટઅપ, સંશોધકો અને ટકાઉ વિકાસ ક્ષેત્રે કાર્યરત વ્યાવસાયિકો ઉત્સાહભેર જોડાયા હતા.

## "ગ્રીન વૉલ ઑફ અરવલ્લી" પ્રોજેક્ટ

ગાંધીનગર મહાત્મા મંદિરમાં "ગ્રીન વૉલ ઑફ અરવલ્લી" પ્રોજેક્ટ પર ટૅક્નીકલ સેશન યોજાયું હતું. જેમાં "રાષ્ટ્રીય પ્લાસ્ટિક પ્રદૂષણ નાબૂદી અભિયાન" અંતર્ગત તા. ૩૧મી ઑક્ટોબર, ૨૦૨૫ સુધી રાજ્યભરમાં પ્લાસ્ટિક એકત્રિતકરણ માટે યોજાનાર મહાભિયાનની રૂપરેખા વર્ણવાઈ હતી. આ અભિયાનમાં નાગરિકો પણ જોડાશે.

અરવલ્લી ગિરિમાળાના અવશેષિત પર્યાવરણીય તંત્રોને પુનઃસ્થાપિત કરવા માટે આ યોજના આફ્રિકાના 'ગ્રેટ ગ્રીન વૉલ' પ્રોજેક્ટ પરથી પ્રેરિત છે. ગુજરાતમાં અરવલ્લી ગિરિમાળાએ અરવલ્લી, બનાસકાંઠા, સાબરકાંઠા અને મહેસાણા જિલ્લાઓમાં ફેલાયેલી છે, જેનો કુલ વન વિસ્તાર લગભગ ૨,૧૮,૪૮૦ હેક્ટર છે. આ પ્રોજેક્ટ વર્ષ ૨૦૨૫થી ભારત સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવ્યો છે, જે અંતર્ગત અરવલ્લી પર્વતમાળાની આસપાસ ૧,૪૦૦ કિ.મી લાંબી અને ૫ કિ.મી પહોળી લીલી પટ્ટી બનાવવા માટે જંગલ વધારવાની, થાર રણના પૂર્વ તરફના વિસ્તરણને રોકવાની, જમીનનો ધસારો રોકવા માટે ટેરેસિંગ, ચેકડેમ અને બંડિંગ જેવાં ભૂમિ અને ભેજ સંરક્ષણનાં કામો દ્વારા પર્યાવરણની પરિસ્થિતિ જાળવવાનું આયોજન આ પ્રોજેક્ટ હેઠળ કરવામાં આવ્યું છે.

આ પ્રોજેક્ટના પ્રથમ તબક્કામાં ૮,૧૬,૭૩૨ હેક્ટર નોંધાયેલ વન વિસ્તારનો પુનઃપ્રતિસ્થાપન કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે, જેમાં ગુજરાતમાં ૫,૬૭૭ હેક્ટરનો સમાવેશ થાય છે. છેલ્લાં પાંચ વર્ષમાં ગુજરાતના આ ૪ જિલ્લાઓમાં કુલ ૨.૦૧ કરોડથી વધુ વાવેલા વનસ્પતિઓ દ્વારા ૨૬,૧૪૪ હેક્ટર વિસ્તાર વનોથી ધન્ય થયો છે. ૨૦૨૫-૨૬ના વર્ષ માટે આ ૪ જિલ્લાઓમાં વધુ ૭૮.૦૪ લાખ વાવેલા વૃક્ષોથી ૮,૪૨૨ હેક્ટર વિસ્તાર હરિયાળો બનાવવાનો રાજ્ય સરકારનો નિર્ધાર કરાયો છે.

## 'વિશ્વ પર્યાવરણ દિવસ ૨૦૨૫' મહાત્મા મંદિર - ઝીરો વેસ્ટ ઇવેન્ટ

વિશ્વ પર્યાવરણ દિવસે મહાત્મા મંદિર ખાતે 'વિશ્વ પર્યાવરણ દિન-૨૦૨૫'ની ઉજવણી 'પ્લાસ્ટિક મુક્ત ગુજરાત'ની વિભાવનાને ચરિતાર્થ કરતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમ અંતર્ગત સમગ્ર પ્રોગ્રામ દરમિયાન વાપરવામાં આવતી તમામ ચીજવસ્તુઓ જેમ કે, ફ્લેક્સ બેનર, કાગળના ગ્લાસ, ફૂડ વેસ્ટ, એક્ઝિબિશનમાં વપરાયેલ તમામ સામગ્રીઓ, ફૂલ તથા સજાવટ માટે વાપરવામાં આવેલી તમામ વસ્તુઓનું રિસાઇક્લિંગ કરવામાં આવશે. આમ આ કાર્યક્રમ 'ઝીરો વેસ્ટ ઇવેન્ટ' તરીકે ઊજવવામાં આવી હતી. આ કાર્યક્રમ દરમિયાન મીડિયાના પ્રતિનિધિઓને આપવામાં આવેલ મીડિયા કિટમાં કાપડની બેગ રિસાઇકલ પેપરમાંથી બનાવેલા નોટપેડ પ્લાન્ટેબલ પેન તથા સ્ટીલની બોટલનું વિતરણ કરવામાં આવ્યું હતું.



## 'એન્વાયરમેન્ટ કોન્કલેવ-૨૦૨૫'

*દક્ષિણ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના સહયોગથી ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) દ્વારા કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલના અધ્યક્ષસ્થાને અને વન, પર્યાવરણ, ક્લાઇમેટ ચેન્જ અને જળસંપત્તિ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં સરસાણામાં 'એન્વાયરમેન્ટ કોન્કલેવ-૨૦૨૫' યોજાઈ હતી. આ કાર્યક્રમમાં પર્યાવરણ સંરક્ષણ માટે શ્રેષ્ઠ યોગદાન આપનાર, ગ્રીનબેલ્ટ વિકાસ, જળ સંરક્ષણ, કાર્બન ક્રેડિટ પહેલ અને વાયુ ગુણવત્તા વ્યવસ્થાપન માટે શ્રેષ્ઠ અને વિશેષ કામગીરી કરનાર ઉદ્યોગકારોને 'Carbon Emission Reduction' એવૉર્ડ એનાયત કરી સન્માનિત કરાયા હતા.*

## વાપીના લખમદેવ તળાવ અને ચલાના અટલબિહારી વાજપેયી જનઉદ્યાનને ખુલ્લો મુકાયો



વાપી મહાનગરપાલિકા દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં નાણાંમંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, વાપીને લીલુંછમ હરિયાળું બનાવવા માટે આ વર્ષે ૫૦ હજાર રોપા લગાવવાનો ટાર્ગેટ છે. જાહેર સ્થળો અને બગીચાઓમાં આ રોપા રોપાશે. પર્યાવરણની વધતી જતી સમસ્યાને અટકાવવા માટે વિદ્યાર્થીઓ ક્લાઇમેટ એક્ટિવિસ્ટ બની રહ્યા છે ત્યારે વિદ્યાર્થીઓને પણ ખાસ અપીલ કરવાની કે, ઘરે તમારાં માતા પિતા અને વડીલોને પણ ભવિષ્ય માટે જાગૃત કરવાં જોઈએ.

મંત્રીશ્રીના હસ્તે વાપીના લખમદેવ તળાવ અને ચલાના અટલ બિહારી વાજપેયી જન ઉદ્યાનનું રિડેવલપમેન્ટનું ડિજિટલ અનાવરણ કરવામાં આવ્યુ હતું. મંત્રીશ્રીના હસ્તે સંકુલમાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

## આંગણવાડીનાં ભૂલકાંઓ સાથે પુનિતવનમાં વૃક્ષારોપણ

મહિલા અને બાળકલ્યાણ મંત્રી શ્રી ભાનુબેન બાબરીયાએ ગાંધીનગરનાં પુનિતવનમાં આંગણવાડીનાં ભૂલકાંઓ સાથે વૃક્ષારોપણ કર્યું હતું. ગાંધીનગરની બોરીજનાં ત્રણ આંગણવાડી કેન્દ્રોના ૯૨ બાળકો અને વાલીઓ સાથે મંત્રીશ્રીએ વૃક્ષારોપણ કર્યું હતું. આ ઉપરાંત શૌર્ય અને ઔષધીઓથી ભરપૂર સિંદૂરનાં વૃક્ષોનું પણ વાવેતર કરવામાં આવ્યું છે. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીશ્રીએ 'એક પેડ માં કે નામ ૨.૦'ને શરૂ કરાવી, "પ્લાસ્ટિકમુક્ત બનવવા, ગ્રીન કવરેજ વધારવા"ની પહેલ સાથે પર્યાવરણ દિવસની ઉજવણી કરી હતી. આ પહેલ તમામ બાળકોથી માંડી યુવાનો અને પ્રજાજનો અપનાવે તેવો મંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો.






## માતૃવન વનકવચ નિર્માણનો ગાંધીનગરના સચિવાલય સંકુલ પ્રાંગણમાં પ્રારંભ

વિશ્વ પર્યાવરણ દિવસ 2025 પાંચમી જૂને 'એક પેડ માં કે નામ 2.0' અંતર્ગત ગાંધીનગરમાં સચિવાલય સંકુલના પટાંગણમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે માતૃવન વનકવચ નિર્માણનો પ્રારંભ કરાવ્યો હતો.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 2024ના વિશ્વ પર્યાવણ દિવસે દેશવાસીઓને 'એક પેડ માં કે નામ' અભિયાનમાં જોડાઈને પોતાની માતાના નામે ઓછામાં ઓછું એક વૃક્ષ વાવીને ધરતી માતાને હરિયાળી બનાવવાનું આહ્વાન કર્યું હતું. ગુજરાતે આ અભિયાનમાં 17.48 કરોડ રોપાઓના વાવેતર સાથે દેશભરમાં દ્વિતીય સ્થાન મેળવ્યું છે.

'એક પેડ માં કે નામ 2.0' અભિયાનનો પ્રારંભ કરાવતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભવિષ્યમાં આવનારા પર્યાવરણના પડકારોના નિવારણનું આગવું વિઝન પર્યાવરણ સુરક્ષા સાથેના વિકાસને ધરાતલ પર ઉતારવાના સંકલ્પો સાથે આપણને આપ્યું છે. 'એક પેડ માં કે નામ 2.0' અભિયાન અન્વયે સચિવાલય સંકુલમાં સિંદૂરના 200 રોપાઓ સાથે 4 હજાર રોપાઓના માતૃવન વનકવચનો વૃક્ષારોપણથી પ્રારંભ કર્યો છે. સમગ્ર સચિવાલય સંકુલ પરિસરમાં વન વિભાગના સહયોગથી 16 હજાર જેટલાં વૃક્ષો સાથેનું માતૃવન વન કવચ બનાવવામાં આવશે. આ માતૃવન વનકવચના નિર્માણ માટે રોપા વાવેતરના અવસરે વન રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલ, વરિષ્ઠ અધિકારીઓ તથા સચિવાલયના વિભાગોના અધિકારીઓ-કર્મચારીઓ સહભાગી થયા હતા.

## ૧૨ બીચ પરથી ૧૮,૩૫૦ કિ. ગ્રા. કચરો એકત્રિત કરાયો

વિશ્વ પર્યાવરણ દિવસ ૨૦૨૫ની ઉજવણીના ભાગરૂપે, વન અને પર્યાવરણ વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન - GEMI દ્વારા #BeatPlasticPollution" થીમ હેઠળ રાજ્યવ્યાપી જાગૃતિ અભિયાન યોજાયું હતું. આ ઝુંબેશ હેઠળ ૧૨ જેટલી બીચ ક્લીન-અપ ડ્રાઇવમાં ૧,૬૪૦ નાગરિકોએ સાથે મળીને ૧૮,૩૫૦ કિ. ગ્રા. કચરો એકત્રિત કર્યો હતો. પ્લાસ્ટિક પ્રદૂષણ વિશે જનજાગૃતિ ફેલાવવા માટે અરવલ્લી, રાજકોટ, ભરૂચ, કચ્છ, દાહોદ, જૂનાગઢ અને ડાંગ સહિત ૧૫ જિલ્લાઓના શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં કુલ ૩૭ નુક્કડ નાટકોનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર અને અમદાવાદની ૧૦ રેસિડેન્શિયલ સોસાયટીનાં રહેવાસીઓએ ૨૫૦ કિલોથી વધુ રિસાઇકલ કરી શકાય તેવું પ્લાસ્ટિક એકત્ર કર્યું હતું. નાગરિકોને માટીના કૂંડામાં છોડ અને ખાતરનું વિતરણ કરાયું હતું. આ ઉપરાંત રાજ્યભરમાં પર્યાવરણ સુરક્ષા અંગે ચિત્રસ્પર્ધા, વર્કશોપ, પોસ્ટર, રીલ અને અપસાઇક્લિંગ માટે ઇ-કોન્ટેસ્ટ જેવી વિવિધ પર્યાવરણલક્ષી સ્પર્ધાઓ યોજાઈ હતી, જેમાં મોટી સંખ્યામાં નાગરિકો સહભાગી થયા હતા.



# AMCના 'મિશન ફોર મિલિયન ટ્રીઝ' અભિયાનનો શુભારંભ




'વિશ્વ પર્યાવરણ દિવસ' નિમિત્તે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદમાં વૃક્ષારોપણ કરીને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના 'મિશન ફોર (4) મિલિયન ટ્રીઝ' અભિયાનનો શુભારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ સિંદૂરના બાળવૃક્ષનું વાવેતર કરીને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ચાંદલોડિયા વોર્ડમાં નિર્માણ પામનારા 'સિંદૂર વન'ના નિર્માણનો પ્રારંભ કરાવ્યો હતો. જમ્મુ કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં મરણ પામેલા નાગરિકોના સ્મરણાર્થે તથા ભારતીય સેના દ્વારા હાથ ધરાયેલા 'ઑપરેશન સિંદૂર'ના સન્માનમાં ચાંદલોડિયા વોર્ડમાં ૫૫૧ સિંદૂર વૃક્ષો સાથેનું 'સિંદૂર વન' તૈયાર કરવામાં આવનાર છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'મિશન ફોર મિલિયન ટ્રીઝ' અભિયાનના પ્રચાર પ્રસાર અર્થે તૈયાર કરાયેલા ટેબ્લો સહિત ૧૧ વૃક્ષરથનું પ્રસ્થાન કરાવ્યું હતું. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા 'એક પેડ માં કે નામ' અને 'મિશન ફોર મિલિયન ટ્રીઝ' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણમાં નાગરિકોને સહભાગી બનાવવા કુલ ૩૮ જેટલા વૃક્ષરથ તૈયાર કરવામાં આવનાર છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા 'મિશન ફોર મિલિયન ટ્રીઝ' અભિયાન શરૂ કરવામાં આવ્યું છે, જે અંતર્ગત ૪૦ લાખ જેટલાં વૃક્ષો વાવવામાં આવશે. આ અભિયાનમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વૃક્ષરથ નાગરિકોના ઘરે જઈને વિનામૂલ્ય વૃક્ષારોપણ કરી આપશે. આ માટે કોર્પોરેશન દ્વારા ટોલફ્રી નંબર જાહેર કરવામાં આવ્યો છે તથા AMC સેવા એપ પરથી પણ નાગરિકો વૃક્ષારોપણમાં સહભાગી થઈ શકશે. AMC દ્વારા બનાવવામાં આવેલા વિવિધ ઑક્સિજન પાર્ક પણ આ જ દિશામાં શહેરનું ગ્રીન કવર વધારી રહ્યા છે. એર ક્વોલિટી મૅનેજમૅન્ટ સેલ દ્વારા યોજાયેલ પર્યાવરણલક્ષી ચિત્ર સ્પર્ધાના પાંચ વિજેતાઓને મુખ્યમંત્રીશ્રીએ પુરસ્કાર સ્વરૂપે સાઇકલ એનાયત કરી હતી.






# રાજકોટને ગ્રોથ હબ તરીકે વિકસાવાશે

'સુશાસન' અને 'જનકલ્યાણ' એ ગુજરાત સરકારની શાસન પ્રણાલીના કેન્દ્રમાં છે. સશક્ત શાસન અને લોકકલ્યાણના મિશન સાથે રાજ્ય હરણફાળ ભરી રહ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રૂ. ૩૪૩.૩૯ કરોડનાં ૧૩ વિકાસકામોનાં લોકાર્પણ તથા રૂ. ૨૧૩.૭૯ કરોડના ૨૮ વિકાસકામોનાં ખાતમુહૂર્ત કરીને રાજકોટ શહેર-જિલ્લાને રૂ. ૫૫૭.૧૮ કરોડના વિકાસ પ્રકલ્પોની ભેટ આપી હતી. જેનાથી શહેર અને જિલ્લાના ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ઉદ્યોગ અને જીવનશૈલીમાં વિકાસક્રાંતિ આવશે.

લોકાર્પણ તથા ખાતમુહૂર્ત થનારાં વિકાસનાં કામો રાજકોટ શહેર તથા જિલ્લાના નાગરિકોના "ઇઝ ઓફ લિવિંગ"માં વધારો કરશે. ગુજરાત સરકારે સુરતની જેમ રાજકોટને ગ્રોથ હબ તરીકે વિકસાવવાનું આયોજન કર્યું છે. આ માટે ખાસ રિજિયોનલ ઇકોનોમિક પ્લાન બનાવવામાં આવી રહ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, રાજકોટ જિલ્લાને મળી રહેલા રૂ. ૧૧૨ કરોડનાં રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનાં કામો જિલ્લાના ઉદ્યોગોને બળ આપશે અને નાગરિકોને પરિવહન માટે ઉત્તમ સુવિધા મળશે. શહેરી વિકાસ વર્ષનાં ૨૦ વર્ષની ઉજવણી નિમિત્તે ગુજરાત સરકારે "વર્લ્ડ ક્લાસ સિટીઝ" વિકસાવવાની નેમ સાથે વર્ષ ૨૦૨૫ને શહેરી વિકાસ વર્ષ તરીકે ઊજવવાનો નિર્ધાર કર્યો છે.

આ અવસરે જળસંપત્તિ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ કહ્યું હતું કે, રાજકોટને પીવાના પાણીનો વધુ પુરવઠો પ્રાપ્ત થાય તે માટે લોકાર્પિત થતી મોવિયા,મચ્છુ-૧ અને પડધરી યોજનાઓ દ્વારા ગોંડલ, રાજકોટ, પડધરી, કોટડા સાંગાણી અને લોધિકા વિસ્તારના લાખો લોકોને પ્રતિ વ્યક્તિ સો લિટર પાણી મળશે.

મુખ્યમંત્રીશ્રીના હસ્તે રાજકોટ જિલ્લા તથા મહાનગરના નાગરિકોને સરકારના વિવિધ નવ વિભાગોના આશરે રૂપિયા ૫૨૫ કરોડના ૪૧ વિકાસ પ્રકલ્પોની ભેટ મળી છે. જસદણમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સાત એકર જમીન પર રૂ. ૮.૪૦ કરોડના ખર્ચે અદ્યતન સ્પોર્ટ્સ સંકુલ નિર્માણ પામ્યું છે.

આ તકે મુખ્યમંત્રીશ્રીના હસ્તે રાજકોટ એન્જિનિયરિંગ ઍસોસિયેશનને રૂ. ૭૫ લાખની સહાયની રિ-એમ્બર્સમેન્ટ સબસિડી સ્કીમ પત્ર એનાયત કરવામાં આવ્યો હતો. આ સાથે સ્વામિત્વ યોજના હેઠળ તૈયાર થયેલા પ્રોપર્ટી કાર્ડનું લાભાર્થીઓને વિતરણ પણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત "નિર્મળ ગુજરાત ૨.૦"હેઠળ સફાઈ કામદારોને પ્રોત્સાહન રૂપે રૂ. ૧૦ હજારના ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ બાદ મુખ્યમંત્રીશ્રીએ રાજકોટના કોર્પોરેટરો સાથે બેઠક યોજી હતી. ત્યારબાદ રેસકોર્સ ખાતે રાજકોટ મહાનગર પાલિકા દ્વારા નવનિર્મિત આર્ટ ગૅલરી જાહેર જનતા માટે ખુલ્લી મૂકી પ્રદર્શિત કલાત્મક કૃતિઓ રસપૂર્વક નિહાળી હતી.

## પ્રોજેક્ટ 'લાઇફ'ની સેવાકીય પ્રવૃત્તિને બિરદાવાઈ

મુખ્યમંત્રીશ્રીએ આરોગ્ય, શિક્ષણ અને અન્ય સેવાકીય પ્રવૃત્તિ સાથે જોડાયેલા પ્રોજેક્ટ લાઇફના પ્રદર્શનહૉલને નિહાળીને તેની

કામગીરીને બિરદાવી હતી. ૪૭ વર્ષથી પ્રોજેક્ટ લાઇફ માનવ કલ્યાણલક્ષી કામગીરીને આગળ વધારી રહી છે. સંસ્થા દ્વારા વર્ષ ૧૯૯૧ થી શરૂ કરાયેલા 'થેલિસેમિયા નાબૂદી અભિયાન' અંતર્ગત અત્યાર સુધીમાં ૭ લાખથી વધારે યુવાનોના થેલેસેમિયા ટેસ્ટ કરવામાં આવ્યાં છે તેમજ ૭ લાખથી વધુ બ્લડ અને બ્લડ યુનિટ જરૂરિયાતમંદોને પહોંચાડવામાં આવ્યું છે. ઉપરાંત ૧૨૧ સરકારી શાળાઓનું નવીનીકરણ પણ કરવામાં આવ્યું. 'થેલિસેમિયા નાબૂદ ગુજરાત અભિયાન' રાજ્ય સરકાર દ્વારા ચલાવવામાં આવી રહ્યું છે.

### લોકાર્પિત થયેલા વિકાસ પ્રકલ્પો:

- ગુજરાત ઊર્જા પરિવહન નિગમ દ્વારા રૂ. ૨૩૮.૧૧ કરોડના ખર્ચે ૬૬ કે.વી.ના નવાં સાત સબ સ્ટેશન
- રૂ. ૮૪.૨૯ કરોડના ખર્ચે મોવિયા, મચ્છુ-૧ અને પડધરી એમ ત્રણ જૂથ પાણી પુરવઠા યોજનાના વિસ્તરણનાં કામો
- જસદણ ખાતે રૂ.૮.૪૦ કરોડના ખર્ચે તાલુકા કક્ષાનું રમત સંકુલ
- ખીરસરા-લોધિકા રોડનું રૂ. ૬.૬૮ કરોડના ખર્ચે રિ-સરફેસિંગ કરવામાં આવ્યું છે.
- રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રેસકોર્સમાં રૂ. ૫.૯૧ કરોડના ખર્ચે અદ્યતન આર્ટ ગૅલરી

### ખાતમુહૂર્ત થયેલા વિકાસ પ્રકલ્પો:

- રાજકોટ જિલ્લામાં પાંચ માર્ગો તથા બ્રિજનું નવીનીકરણ
- ગોંડલ ખાતે હૉસ્પિટલ બ્રિજ તથા સરદાર બ્રિજનું પુનઃ નિર્માણ
- પ્રાથમિક શાળા, આંગણવાડી, ફિલ્ટર પ્લાન્ટ સહિત ૧૭ વિકાસકામો હાથ ધરાશે.
- જસદણના સામુદાયિક આરોગ્ય કેન્દ્રને સબ ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલ તરીકે અપગ્રેડ કરાશે.
- રાજકોટની મેટરનિટી એન્ડ ચાઇલ્ડ હૉસ્પિટલમાં મલ્ટિ લેવલ કાર પાર્કિંગ.
- તરઘડીથી બાગી ગામ સુધી વિશિષ્ટ બિટ્યૂમિનસ રોડ બનાવવામાં આવશે.
- પી.જી.વી.સી.એલ.ની માધાપર અને બેડીનાકા સબ ડિવિઝન ઑફિસનું નિર્માણ
- રાજકોટના ઈશ્વરિયા પાર્ક ખાતે "કેક્ટસ ગાર્ડન"નું નિર્માણ કરવામાં આવશે.

## CMની મુલાકાત લેતા ફિનલેન્ડના રાજદૂત



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ભારતમાં ફિનલેન્ડના રાજદૂત શ્રી કિમ્મો લાહદેવીર્તાએ ગાંધીનગરમાં સૌજન્ય મુલાકાત લીધી હતી. ફિનલેન્ડમાં ગુજરાતના ઉદ્યોગ-રોકાણકારોને વેગ આપવા સાથે ફિનલેન્ડ-ભારત, ગુજરાત વચ્ચે એજ્યુકેશન, સસ્ટેઈનેબિલિટી અને ડેવલોપમેન્ટ માટેના પ્રયાસો વેગવાન બનાવવા ફિનલેન્ડની કોન્સ્યુલેટ ઓફિસ અમદાવાદમાં કાર્યરત કરવામાં આવી છે, જેમાં શ્રી કુલીન લાલભાઈની માનદ કોન્સ્યુલેટ તરીકે નિયુક્તિ કરવામાં આવી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગ્રીન એનર્જી, રીન્યુએબલ એનર્જી ઉપરાંત એનર્જી સ્ટોરેજમાં પણ ફીનલેન્ડ આગળ વધી શકે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી.

## મુખ્યમંત્રીશ્રી દ્વારા પુસ્તકનું વિમોચન



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદમાં વિશ્વ ઉમિયાધામ ખાતે પાટીદારોનું ગૌરવવંતુ રજવાડું 'સોનાની હાટડી' પુસ્તકનું વિમોચન કર્યું હતું. આ પુસ્તકમાં પાટડીના રાજવી દરબારો અને દેસાઈ ભાયાતોની આશરે ૭૫૦ વર્ષની વંશાવલીનો સમાવેશ કરાયો છે. આ પ્રસંગે પાટડી દરબારો અને દેસાઈ ભાયાતોના ૭૫૦ વર્ષના ઇતિહાસનું આ પુસ્તક તૈયાર કરનારા પાટીદારોનું મુખ્યમંત્રીશ્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મહાનુભાવો ઉપરાંત બહોળી સંખ્યામાં પાટીદાર સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઝાલાવાડમાં જળ ક્રાંતિ: વિકાસની દિશામાં પ્રસ્થાન



સૌરાષ્ટ્ર અને સુરેન્દ્રનગર–ઝાલાવાડ પંથકને એક સમયે પાણીની ગંભીર સમસ્યા ભોગવવી પડી હતી. પરંતુ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ અપૂરતા પાણીવાળા વિસ્તારોને પાણીદાર બનાવવા માટે સંકલ્પ કર્યો. તેમના પ્રભાવશાળી નેતૃત્વ હેઠળ, સૌની યોજના અને વિસ્તૃત કેનાલ નેટવર્ક દ્વારા છેવાડાનાં ગામડાં સુધી પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સુરેન્દ્રનગરમાં રૂ. ૬૯૬ કરોડના ૧૨ વિકાસ પ્રકલ્પોનાં લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યાં, જેમાંથી રૂ. ૬૬૪ કરોડનાં કામો તો સુરેન્દ્રનગર જિલ્લામાં કેવળ પાણી અને સિંચાઈના પાણીની સુવિધા માટેનાં છે.

સુરેન્દ્રનગર-મોરબી જિલ્લાની સિંચાઈ યોજનામાં ૪૫ ગામોને ૨૩૫ કિલોમીટર લાંબી પાઇપલાઇન દ્વારા પાણી પહોંચાડવામાં આવશે. ઉપરાંત સાયલા, મુળી, વઢવાણ તાલુકાનાં ૪૪ ગામોમાં પાઇપલાઇન નાંખીને પાણી પહોંચાડાશે. સરવડા પમ્પિંગ સ્ટેશન બનાવી બ્રાહ્મણી-૧માંથી પાણી ઉપાડીને ૬૯ કિ.મી. લાંબી પાઇપલાઇન મારફત મોરબીનાં ૧૧ ગામોનાં તળાવો ભરાશે. જેનાથી ૪૩૩ હેક્ટર જમીનને સિંચાઈનો લાભ મળશે.

## જનશક્તિને જલશક્તિ સાથે જોડીને જળસુરક્ષા

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, મા નર્મદાનું પાણી સિંચાઈ અને પીવાના ઉપયોગ માટે મળતાં ઝાલાવાડની માતાઓ-બહેનોનું જીવન વધુ સરળ બનશે અને ખેડૂતોને ખેતીમાં મોટો લાભ થશે. વડાપ્રધાનશ્રીએ સૌની યોજના થકી મા નર્મદાના નીરને સૌરાષ્ટ્ર તરફ વાળીને ખેડૂતોની જિંદગી બદલી છે. સુરેન્દ્રનગર જિલ્લાના લખતરના ઢાંકીમાં નિર્મિત ૨૪ માળ જેટલી ઊંચાઈએ પાણી પમ્પ થાય તેવું એશિયાનું સૌથી મોટું પમ્પિંગ સ્ટેશન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના મક્કમ નિર્ધારનું પરિણામ છે.

## ‘સૌની યોજના’ જળ વ્યવસ્થાપન માટે ગેમ ચેન્જર

એક તરફ નર્મદાનું લાખો લિટર પાણી દરિયામાં વહી જતું હતું. બીજી બાજુ આખું સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાત પાણી માટે વલખાં મારતાં હતાં ત્યારે શ્રી નરેન્દ્રભાઈએ સૌરાષ્ટ્ર-કચ્છનાં ગામેગામ સુધી પાણી પહોંચાડવાનો સંકલ્પ કર્યો અને નર્મદાના વધારાના પાણી પૈકી એક મિલિયન એકર ફીટ પાણીથી સૌરાષ્ટ્રનાં જળાશયો ભરીને સિંચાઈ વ્યવસ્થા વધુ મજબૂત કરવા અને પીવાનું પાણી પહોંચાડવાનું નક્કર આયોજન પાર પાડ્યું છે. ‘સૌની યોજના’ ગુજરાતમાં જળ વ્યવસ્થાપન માટે ગેમ ચેન્જર સાબિત થઈ છે. ખેડૂતોને આર્થિક અને સામાજિક રીતે સશક્ત અને આત્મનિર્ભર બનાવવામાં ’સૌની યોજના’ ઉપકારક બની છે.

આ અવસરે જળસંપત્તિ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ કહ્યું હતું કે, સુરેન્દ્રનગરનાં ૧૦૦ જેટલાં ગામોને સિંચાઈ માટે પાણી મળશે. આ તકે પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઈ બેરા, વન અને પર્યાવરણ રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલ તથા વરિષ્ઠ અધિકારીશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યાં હતાં.



# કૂવા રિચાર્જ અભિયાન : ભૂગર્ભ જળને પુનર્જીવન



આપણી સનાતન સંસ્કૃતિમાં પાણીને પરમેશ્વરનો પ્રસાદ અને નદીઓને માતાનું સ્થાન મળ્યું છે. એટલું જ નહીં, કૃષિના ઋષિ એવા ખેડૂતો કૃષિક્રાંતિ કરી શકે તે માટે જળસિંચન મહત્ત્વનું અંગ છે. 'સીમનું પાણી સીમમાં, ગામનું પાણી ગામમાં' રહે આ મંત્ર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપીને રાજ્યમાં તમામ સ્તરે જળસંચયનાં કામો જનભાગીદારીથી શરૂ કરાવ્યાં છે. દેશમાં પાણીની વાત કરીએ તો ૭૦૦ પૈકી ૧૫૦ જિલ્લા ડાર્ક ઝોનમાં આવે છે, જેમાં ઉત્તર ગુજરાતનો સૌથી મોટો જિલ્લો બનાસકાંઠા પણ ડાર્ક ઝોનમાં છે.

"જળશક્તિ અભિયાન : કેચ ધ રેઇન – ૨૦૨૫" અભિયાન અંતર્ગત જળસંચય જનભાગીદારીની નેમ સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય જળ શક્તિ મંત્રી શ્રી સી.આર.પાટીલ, વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી સહિત મંત્રીશ્રીઓ અને મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતિમાં બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકાના ચોડુંગરી ગામ ખાતેથી રિચાર્જ કૂવા નિર્માણનો શુભારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રી અને મહાનુભાવોએ જે.સી.બી અને ટ્રેક્ટરને લીલીઝંડી આપીને પ્રસ્થાન કરાવીને રિચાર્જ કૂવાનું ઉદ્ઘાટન કર્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કહ્યું હતું કે, ગુજરાતના આજના સર્વગ્રાહી વિકાસના મૂળમાં વડાપ્રધાનશ્રીએ જળશક્તિ, જનશક્તિ, ઊર્જાશક્તિ, રક્ષાશક્તિ અને જ્ઞાનશક્તિનો આપેલો વિચાર છે. સમગ્ર દેશમાં ભૂગર્ભ જળનાં તળ ઊંચાં લાવી શકાય તેવા ઉમદા હેતુથી વડાપ્રધાનશ્રીએ ૨૦૧૯થી રાષ્ટ્રવ્યાપી જળશક્તિ અભિયાનનો પ્રારંભ કરાવ્યો છે. પાણી એ વિકાસની પહેલી શરત છે. શ્રી નરેન્દ્રભાઈએ જળસમસ્યાના નિવારણ માટે જનશક્તિને જળસંચય, ચેકડેમ-બંધારાના વિરાટ અભિયાનમાં જોડી. તેના પરિણામે ગુજરાત વોટર ડેફિસીટ સ્ટેટમાંથી વોટર સરપ્લસ સ્ટેટ બન્યું. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં દેશભરમાં જનભાગીદારીથી જળસંચયનાં કામો થઇ રહ્યાં છે. બનાસકાંઠામાં ભૂગર્ભ જળનાં તળ ઊંચાં લાવવા રાજ્ય સરકારે લગભગ ૫૦ હજાર રિચાર્જ કૂવા બનાવવાનું આયોજન હાથ ધર્યું છે. એમાં બનાસ ડેરીના સહયોગથી ૨૫ હજાર રિચાર્જ કૂવા બનવાના છે. બનાસ ડેરીની આ પ્રતિબદ્ધતા માટે મુખ્યમંત્રીશ્રીએ શ્રી શંકરભાઈ ચૌધરી અને તેમની ટીમને અભિનંદન પાઠવ્યાં હતાં.

કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રી સી.આર. પાટીલે જણાવ્યું કે, દેશમાં ૧૮% પશુઓ છે, જેમાં બનાસકાંઠામાં સૌથી વધુ પશુઓ છે. આ પશુ તેમજ જીવસૃષ્ટિ માટે પાણી અગત્યનું પરિબળ છે. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં પાણીના બચાવ માટે દેશભરમાં અમૃત સરોવર, નર્મદા યોજના, સૌની યોજના જેવી યોજના દ્વારા અવિરત કામ કરવામાં આવી રહ્યું છે. ભારત દેશના પૂર્વ વડાપ્રધાનશ્રી અટલજી કહેતા હતા નદીઓને જોડવી જોઈએ. શ્રી અટલજીના સ્વપ્નને દેશના વડાપ્રધાનશ્રી પૂર્ણ કરી રહ્યા છે. નર્મદા, સાબરમતી અને કચ્છની નદીઓ સાથે જોડાણ માટે કામ થઈ રહ્યું છે.



## વિકસિત ભારત નિર્માણની સંકલ્પપૂર્તિમાં

# વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન મહત્ત્વપૂર્ણ યોગદાન આપશે



સરદાર વલ્લભભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ૧૨ જૂન, ૧૯૨૮ના દિવસે ઐતિહાસિક બારડોલી સત્યાગ્રહનો પ્રારંભ થયો હતો. આ સફળ સત્યાગ્રહના કારણે '૧૨ જૂન- બારડોલી દિવસ' તરીકે રાજ્યભરમાં ઉજવાય છે. આ ઐતિહાસિક દિને બારડોલીના સાંકરી ગામે 'વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન'નો સમાપન સમારોહ અને 'ખેડૂત સંમેલન' યોજાયું હતું. કર્મભૂમિ બારડોલીથી સરદાર સાહેબને મુખ્યમંત્રીશ્રી, કેન્દ્રીય કૃષિમંત્રીશ્રી અને મહાનુભાવોએ ભાવાંજલિ આપી હતી.

આ સંમેલનમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણે બારડોલીમાં નિર્માણ પામનાર સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર સુગરકેનનું ઈ-ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્રસંગે પોરબંદરના મજીવાણા ખાતે સેન્ટર ઓફ એક્સલન્સ ફોર હોર્ટિકલ્ચર, આણંદના ઈસરા ગામે કેળા અને શાકભાજી માટેના સેન્ટર ઓફ એક્સલન્સ તેમજ કચ્છના કુકમા ખાતે પ્રાઈમરી પ્રોસેસિંગ સેન્ટર ઉપરાંત ગુજરાત રાજ્ય બીજ નિગમના સુરતના ચલથાણ, નવસારીના વેડછા અને વલસાડના બારોલીયા ખાતે નવનિર્મિત ગોડાઉનોનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

કેન્દ્રીય કૃષિ મંત્રીશ્રીએ સરદાર વલ્લભભાઈ પટેલની કર્મભૂમિ બારડોલીને નમન કરતા જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનમાં ૧૬ હજાર વૈજ્ઞાનિકોએ ખેડૂતોને આધુનિક ટેકનોલોજી, કૃષિ પદ્ધતિઓથી અવગત કરાવ્યા છે. આ અભિયાન હેઠળ સમગ્ર દેશના એક લાખ ગામોના ૧.૧૨ કરોડ ખેડૂતો સુધી પહોંચીને ખેડૂતોની આવક વધારવી, ખર્ચ ઘટાડવા તેમજ સરકારની કલ્યાણકારી યોજનાઓનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે. 'વિકસિત કૃષિ અને સમૃદ્ધ કિસાન' એ કેન્દ્ર સરકારનું પ્રાથમિક લક્ષ્ય છે. બારડોલીના રાજપુરા લુંભા ગામે કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો સાથે વાર્તાલાપ કર્યો હતો.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન ખેતીને નફાકારક બનાવવા અને આત્મનિર્ભર કૃષિ પ્રણાલી અપનાવવામાં મહત્ત્વપૂર્ણ પહેલ છે. વડાપ્રધાનશ્રીની વિકસિત ભારત નિર્માણની સંકલ્પપૂર્તિમાં વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહેશે.

મુખ્યમંત્રીશ્રી, કેન્દ્રીય કૃષિ મંત્રીશ્રીના હસ્તે ખેડૂત સંમેલન અંતર્ગત આયોજિત કૃષિ પ્રદર્શનને ખુલ્લું મૂકવામાં આવ્યું હતું અને મહાનુભાવોએ વિવિધ સ્ટોલ્સની મુલાકાત લીધી હતી. ખેડૂત સંમેલનમાં કૃષિ કલ્યાણ યોજનાઓના મંજૂરીપત્રો, કૃષિ કિટ્સ, સન્માનપત્રો, સહાય હુકમોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ, આદિજાતિ રાજ્ય મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિ અને દક્ષિણ ગુજરાત ઉપરાંત સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત સહિત અન્ય જિલ્લાના ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



## ચોમાસા પૂર્વે રાજ્ય સરકારે કરી સજ્જતાની સમીક્ષા

# આપદા-પ્રબંધન: નવ હજાર આપદા મિત્રોને તાલીમ અપાશે



આગામી ચોમાસાની સંભવિત વરસાદી સ્થિતિને પહોંચી વળવા રાજ્ય સરકારના વિવિધ વિભાગો દ્વારા સજ્જતા અને આગોતરા આયોજન કરવામાં આવે છે. જેની તલસ્પર્શી માહિતી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠકમાં મેળવી હતી.

રાજ્યમાં પ્રિ-મોનસૂન કામગીરી વિવિધ વિભાગોએ હાથ ધરી છે અને વરસાદી સ્થિતિમાં જનજીવનને વિપરીત અસર ન પડે તેવું આયોજન પોતાના વિભાગોના ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરીને કર્યું છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં વરસાદી સ્થિતિના સમયે જરૂર જણાયે પ્રશાસનની સહાયતા માટે એન.ડી.આર.એફ.ની ટીમ સમયસર પહોંચે તે હેતુસર કચ્છ - સૌરાષ્ટ્ર માટે એક ટીમ પરમેનેન્ટ ડીપ્લોય રહે તે જરૂરી છે. તેમણે આ માટે NDRF સાથે જરૂરી સંકલન માટે મહેસૂલ અધિક મુખ્ય સચિવ શ્રી ડૉ. જયંતિ રવીને સૂચનાઓ આપી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે દરેક વિભાગોના વરિષ્ઠ સચિવોને જણાવ્યું કે, ચોમાસા દરમિયાન જે દુરસ્તી કામ યુદ્ધના ધોરણે હાથ ધરીને જનજીવન પૂર્વવત કરવામાં આવે તે વિષયને સોશિયલ મીડિયા, મીડિયા દ્વારા સકારાત્મક રીતે લોકો સુધી પહોંચે તે પણ જરૂરી છે.

ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી, સિંચાઈ અને જળ સંપત્તિ, પાણી પુરવઠો, ઊર્જા, અન્ન નાગરિક પુરવઠો, માર્ગ મકાન, આરોગ્ય સહિતના પ્રજાજીવન સાથે સીધા સંકળાયેલા વિભાગો દ્વારા પ્રિ-મોન્સુન એક્ટિવિટિઝ આયોજનની છણાવટ કરવામાં આવી હતી.

રાજ્યમાં શહેરી વિસ્તારોમાં મહાનગરપાલિકા, જિલ્લા અને તાલુકા કક્ષાના ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાનમાં કોમ્યુનિટી પાર્ટીશીપેશન વધારવા સાથે મોકડ્રીલ અને તાલીમ કાર્યક્રમ યોજવામાં આવશે તેમ જી.એસ.ડી.એમ.એ. દ્વારા જણાવવામાં આવ્યું હતું. આ હેતુસર ૯ હજાર જેટલા આપદા મિત્રોને બચાવ-રાહતની સઘન તાલીમ આપવાનું પણ આયોજન છે.

મુખ્યમંત્રીશ્રીએ ભારે વરસાદને કારણે હાઇવે - માર્ગોને નુકસાન થાય તો તાકીદે રીપેરીંગ કરવા સાથે વૈકલ્પિક રૂટ તૈયાર રાખવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. રાજ્યના નાના પુલ - કોઝ-વેનું ૯૦ ટકા પ્રિ- મોનસુન ઇન્સ્પેક્શન થઈ ગયું છે તેમ આ બેઠકમાં માર્ગ મકાન સચિવે જણાવ્યું હતું.



# તાજપુરાને ૨૫ હજાર વૃક્ષોની હરિયાળીનો ઉપહાર

"એક પેડ માં કે નામ" અભિયાન તથા "એક વૃક્ષ નારાયણ બાપુજી કે નામ" અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં પંચમહાલના હાલોલ તાલુકાના તાજપુરા ગામે પ.પૂ.શ્રી નારાયણ બાપુના આશ્રમ પાસે આવેલા “શ્રી વિરાટ નારાયણ વન"માં ૨૫ હજાર વૃક્ષોના રોપણનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યુ હતું કે, આજના સમયમાં ગ્લોબલ વોર્મિંગનાં કારણે ગરમીનું પ્રમાણ વધી રહ્યુ છે, જેનું મુખ્ય કારણ ગ્રીન કવરનો અભાવ છે તેમ જણાવી એક વૃક્ષ માં કે નામ અભિયાનમાં દરેક લોકોએ જોડાઈ વૃક્ષનું વાવેતર કરી તેનું જતન કરવા અને તેના થકી સાથે મળી આવનારી પેઢીઓ માટે સ્વસ્થ સમાજનું નિર્માણ કરવા સૌને અનુરોધ કર્યો હતો. "એક પેડ માં કે નામ" અને "એક વૃક્ષ નારાયણ બાપુજી કે નામ" દ્વારા આપણે વૃક્ષો અને પ્રકૃતિ પ્રત્યેની આપણી કૃતજ્ઞતા વ્યક્ત કરવાની તક આપે છે. વૃક્ષારોપણના કાર્યક્રમ બાદ મુખ્યમંત્રીશ્રીએ શ્રી નારાયણ આઇ હોસ્પિટલની મુલાકાત લઈ ત્યાં ઉપલબ્ધ સુવિધાઓનો અંગે જાણકારી મેળવી હતી

# ગિફ્ટ સિટીમાં ઇન્ફોસિસના નવા ડેવલપમેન્ટ સેન્ટરનો શુભારંભ



વડાપ્રધાનશ્રીના દૂરંદેશીભર્યા વિઝનથી શરૂ થયેલું ગિફ્ટ સિટી દેશનું ટેક અને ફિનટેક હબ બન્યું છે અને વિશ્વના અનેક અગ્રણી આઇ.ટી., ફિનટેક તેમજ ન્યૂ એજ ટૅકનોલૉજીનાં એકમો ગિફ્ટ સિટીમાં કાર્યરત છે. આ એકમોમાં વધારો કરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગિફ્ટ સિટીમાં ઇન્ફોસિસના નવા ડેવલપમેન્ટ સેન્ટરનો પ્રારંભ કરાવ્યો હતો. ગુજરાતમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આધારિત પ્રણાલી સ્થાપિત કરીને એ.આઇ. ઇન્ડસ્ટ્રીને પ્રોત્સાહન આપવાની નેમ વ્યક્ત કરી હતી.

ઇન્ફોસિસ દ્વારા ગિફ્ટ સિટીમાં કાર્યરત થયેલા આ ડેવલૉપમેન્ટ સેન્ટર દ્વારા ફિનટેક ફ્રેમવર્ક અન્વયે અતિ આધુનિક નાણાકીય ટૅકનોલૉજીના સૉલ્યુશન પૂરા પાડવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. ગ્લોબલ સર્વિસિસ અને ઇનોવેશન પર પણ વિશેષ ભાર મૂકાશે. 32 કરોડ રૂપિયાના રોકાણ સાથે તૈયાર થયેલા આ સેન્ટરમાં અંદાજે 1,000થી વધુ પ્રોફેશનલ્સને રોજગારીના અવસર પ્રાપ્ત થશે.

વડાપ્રધાનશ્રીના આગવાં કાર્યોને યાદ કરતાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ગિફ્ટ સિટીમાં એ.આઇ. સેન્ટર ઓફ એક્સેલન્સની શરૂઆત કરીને રાજ્યમાં નવા સૉલ્યુશન બનાવનારા એક્સપર્ટ્સ, પ્રોફેશનલ્સ અને સ્ટાર્ટ-અપ્સને એક સાથે લાવવાનું પ્લેટફોર્મ તૈયાર થયું છે.

આ સેન્ટર દ્વારા નાણાકીય સંસ્થાઓ માટે તૈયાર કરાયેલા અદ્યતન એનાલિટિક્સ, મશીન લર્નિંગ અને AI-સંચાલિત ઇનસાઇટ્સ પૂરા પાડવામાં આવશે અને ડિજિટલ પેમેન્ટ, સ્માર્ટ કરારો અને એસેટ ટોકનાઇઝેશન માટે સુરક્ષિત, પારદર્શક સૉલ્યુશનનું એનાલિસીસ પણ કરવામાં આવશે.

# અમદાવાદમાં 'પ્રોગ્રેસિવ ગુજરાત' સમારોહ




અમદાવાદમાં આયોજિત 'પ્રોગ્રેસિવ ગુજરાત' સમારોહમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે વિવિધ ક્ષેત્રોમાં યોગદાન આપનારા મહાનુભાવોને સન્માનિત કરવામાં આવ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ 'ભારત ૨૪' ચેનલના સમગ્ર આયોજનને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ન્યૂ ઇન્ડિયાના વિઝન સાથે સુસંગતતા ગણાવતાં કહ્યું કે, વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના વડાપ્રધાનશ્રીના લક્ષ્ય સાથે કદમતાલ મિલાવીને ગુજરાત પણ શાંતિ, પ્રગતિ અને વિકાસની રાહ પર આગળ વધી રહ્યું છે. વડાપ્રધાનશ્રીના કાર્યકાળનાં 11 વર્ષની વિકાસ યાત્રાની અનુભૂતિ જન-જનને થઈ છે. ગુજરાત સૌભાગ્યશાળી છે કે વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં તે અન્ય રાજ્યો માટે વિકાસનું રોલમૉડલ બન્યું છે તથા ગુજરાતનાં વિકાસની ગતિ પણ બમણી થઈ છે. ફાઇનાન્સિયલ ડિસિપ્લિનમાં પણ ગુજરાત અગ્રેસર છે.

# 'ગ્રોથ ઓફ ગુજરાત' ઍવૉર્ડ વિતરણ સમારોહ



અમદાવાદમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ગુજરાત ફર્સ્ટ ન્યૂઝ ચેનલ દ્વારા આયોજિત 'ગ્રોથ ઓફ ગુજરાત' ઍવૉર્ડ વિતરણ સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે ઉદ્યોગમંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત પણ ઉપસ્થિત રહ્યા હતા, જેમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે વિવિધ ક્ષેત્રોમાં યોગદાન આપનારા 13 મહાનુભાવોને ઍવૉર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા કાર્યમંત્ર 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ' થકી ગુજરાત દેશના વિકાસનું રોલમૉડેલ બન્યું છે. ગુજરાતના વિકાસના પાયામાં શાંતિ, સલામતી અને સુરક્ષા છે. મે, 2025માં રાજ્યના GST આવકના આંકડાઓ જાહેર કરવામાં આવ્યા, જે 11,337 કરોડ છે, ગયા વર્ષની સરખામણીમાં 4% વધુ છે. કોમનવેલ્થ ગેમ્સ અને ઓલિમ્પિક માટે જરૂરી ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવા રાજ્ય સરકાર કાર્યરત છે. મુખ્યમંત્રીશ્રીએ વિશ્વ પર્યાવરણ દિને 'ગ્રોથ ઓફ ગુજરાત' કાર્યક્રમ બદલ ગુજરાત ફર્સ્ટ ન્યૂઝ ચેનલને અભિનંદન પાઠવ્યાં હતાં. આ ઉપરાંત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતીય સેનાએ કરેલા શૌર્ય પરાક્રમ 'ઑપરેશન સિંદૂર'ને બિરદાવી સેનાના જવાનોને પણ અભિનંદન પાઠવ્યાં હતાં.

# સ્વીડિશ કંપનીની ઇન્વેસ્ટર્સ ફેસિલિટેશન મિકેનિઝમ અંતર્ગત બેઠક



ગુજરાત પ્રો-એક્ટિવ ગવર્નન્સ અને પૉલિસી ડ્રીવન સ્ટેટ તરીકે રોકાણકારોની પહેલી પસંદ છે. ગુજરાતનું ઉદ્યોગ પ્રોત્સાહક વાતાવરણ અને સુદૃઢ માળખાગત સુવિધા રાજ્ય સરકાર ઉપલબ્ધ કરાવી રહી છે.

તાજેતરમાં ગુજરાત સરકાર અને સ્વીડન વચ્ચે વિવિધ ક્ષેત્રે રોકાણોને પ્રોત્સાહિત કરવા ઇન્વેસ્ટર્સ ફેસિલિટેશન મિકેનિઝમ અંતર્ગત ગાંધીનગરમાં બેઠક યોજાઈ હતી. જેમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે મુંબઈ સ્થિત સ્વીડનના કોન્સ્યુલ જનરલ શ્રીયુત સ્વેન ઓસ્ટબર્ગે અને ૧૧ જેટલી સ્વીડિશ કંપનીઝ-ઉદ્યોગ સંચાલકોએ ભાગ લીધો હતો.

મુખ્યમંત્રીશ્રીએ રિન્યૂએબલ એનર્જી, ગ્રીન ગ્રોથ જેવાં ક્ષેત્રોમાં સ્વીડનના ઉદ્યોગ-રોકાણકારોને રોકાણો માટે સહયોગ આપવાની ખાતરી આપી હતી. સ્વીડનના કોન્સ્યુલ જનરલ શ્રી સ્વેન ઓસ્ટબર્ગે કહ્યું કે, ગુજરાતમાં વિવિધ ક્ષેત્રે ૬૦ જેટલા સ્વીડિશ ઉદ્યોગ અને કંપનીઝ કાર્યરત છે તથા અંદાજે ૧૧ હજાર લોકોને રોજગારી પૂરી પાડે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ “મેઈક ઇન ઇન્ડિયા, મેઇડ ફોર ધ વર્લ્ડ”નો વિચાર આપ્યો છે તેને સ્વીડિશ ઉદ્યોગ-કંપનીઝ સાકાર કરે છે.

# ‘વિકાસનાં વાઇબ્રન્ટ કેન્દ્રો’ બનાવવા રાજ્ય સરકાર પ્રયત્નશીલ





સેવા, સમર્પણ, સુશાસનના સમન્વયથી નાગરિકોની સુવિધા અને સુખાકારી વધે તે માટે રાજ્યમાં આયોજનબદ્ધ કામગીરી કરાઈ રહી છે. જામનગરમાં “શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫”ના ૨૦ વર્ષની પૂર્ણતાના અવસરે વિશેષ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. મુખ્યમંત્રીશ્રીએ જામનગર શહેર તથા ગ્રામીણ વિસ્તારોના રૂ. ૪૩૦ કરોડ ૫૦ લાખના ખર્ચે વિવિધ ૩૦ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યાં હતાં.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, નળ, ગટર, રસ્તાની વિભાવનાથી અલગ પડીને નગરોને ‘વિકાસનાં વાઇબ્રન્ટ કેન્દ્રો’ બનાવવા રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ ૨૦૦૫ની શહેરી વિકાસ વર્ષ તરીકે કરાયેલી ઉજવણી બાદ ૨૦૨૫માં શહેરી વિકાસ વર્ષને ૨૦ વર્ષ પૂર્ણ થાય છે ત્યારે, શહેરોના વિકાસ માટે સમગ્ર રાજ્યમાં ગાર્ડન, ઓવરબ્રિજ, ડ્રેનેજ નેટવર્ક વગેરે કામગીરીનો રોડમેપ તૈયાર કરી તેનું ઝડપી અમલીકરણ કરાઈ રહ્યું છે. આ વર્ષના ગુજરાતના બજેટમાં શહેરી વિકાસ માટે રૂ.૩૦ હજાર કરોડ ફાળવવામાં આવ્યા છે. માત્ર શહેરીજનો નહીં પરંતુ છેવાડાના માનવી સુધી સુખાકારીઓ પહોંચાડવાનો પ્રયત્ન ગુજરાત સરકાર કરી રહી છે.

શહેરી સ્વચ્છતાનો અભિગમ નાગરિકોએ પોતાના સ્વભાવમાં અપનાવી સ્વચ્છ ભારત અભિયાનમાં સહભાગી થવા જામનગરવાસીઓને મુખ્યમંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો વડાપ્રધાનશ્રીએ દીર્ઘ દૃષ્ટિ અપનાવી ભવિષ્યમાં પાણીની અછત ન સર્જાય તે માટે સમગ્ર દેશમાં ‘કેચ ધ રેઇન’ અભિયાન શરૂ કરાવ્યું છે. વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત બનાવવા માટે ગુજરાત અગ્રેસર રહે તે માટે સરકાર કટિબદ્ધ છે.

આ પ્રસંગે પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું કે, જામનગરને મળનારાં રૂ.430 કરોડથી વધુનાં વિકાસકામો સમગ્ર જિલ્લાના વિકાસને નોંધપાત્ર ગતિ પ્રદાન કરશે. શિક્ષણ, આરોગ્ય, પરિવહન, બાંધકામ સહિતનાં વિકાસકામો જામનગરને નવી ઊંચાઈએ લઈ જશે અને શહેરીજનોની સુખાકારીમાં વધારો કરશે.

મુખ્યમંત્રીશ્રી દ્વારા રૂ.૩૪ કરોડ ૭૪ લાખના ખર્ચે લોકાર્પણ કરાયેલાં મુખ્ય કામોમાં ૨ શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્રો, જામનગર મહાનગરપાલિકા ઑફિસ કેમ્પસમાં નિર્માણ પામેલ નવું જનરલ બોર્ડનું બિલ્ડિંગ, શાળાઓમાં નવા ક્લાસરૂમનો સમાવેશ થાય છે. જ્યારે રૂ.૩૯૫. ૭૬ કરોડના ખર્ચે ખાતમુહૂર્ત કરાયેલાં કામોમાં એમ.પી.શાહ મેડિકલ કૉલેજમાં ૨ હોસ્ટેલ, સરકારી ડેન્ટલ કૉલેજ અને હૉસ્પિટલનું અપગ્રેડેશન અને બાંધકામ, ફ્લાઇઓવર, સિવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા સીવેજ પમ્પિંગ સ્ટેશન, ફાયરસ્ટેશન, શહેરના વિવિધ વિસ્તારોમાં રોડ રસ્તાનાં કામોનો સમાવેશ થાય છે.

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ જામનગરની વિકાસયાત્રાને વર્ણવતી કૉફી ટેબલ બુકનું વિમોચન કર્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેએ ગુજરાતના શહેરી વિકાસનાં ૨૦ વર્ષની ઉજવણીના ઉપક્રમે જામનગરની છેલ્લાં ૨૦ વર્ષની વિકાસયાત્રાને વર્ણવતી દસ્તાવેજી ફિલ્મ નિહાળી હતી.

# "સહકાર"થી સશક્ત ભવિષ્યનું નિર્માણ





ગુજરાતની સહકારી પરંપરાનો પાયો સહયોગ અને સમૃદ્ધિ પર આધારિત છે, જે આજે વૈશ્વિક સ્તરે પોતાનો પ્રભાવ દર્શાવી રહી છે. વિશ્વપ્રસિદ્ધ અમૂલ ડેરી એ સહકારના મૂલ્યોનું એક જીવંત ઉદાહરણ છે, જે ગામડાની નાની સંસ્થા તરીકે શરૂ થઈ અને આજે આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતી છે. આ જ સંકલ્પને આગળ વધારવા આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ-૨૦૨૫ની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગરના રાજભવનમાં 'સહકારથી એક શ્રેષ્ઠ વિશ્વનું નિર્માણ થાય છે' આ થીમ સાથે "સહકારથી સમૃદ્ધિ સંમેલન" યોજાયું હતું.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રદર્શનમાં ભાગ લેનારી સહકારી મંડળીઓના પ્રતિનિધિઓ સાથે વૈચારિક આદાનપ્રદાન સાથે સહકારિતાને વધુ ઊંચાઈએ લઈ જવા મંથન કર્યું હતું. રાજ્યપાલશ્રીએ સહકાર ક્ષેત્રે સંકળાયેલા તમામ પ્રતિનિધિઓને પ્રોત્સાહિત કરતા કૃષિ, બેંકિંગ, મત્સ્ય ઉદ્યોગ અને વિવિધ ક્ષેત્રોમાં સહકારના સિદ્ધાંતોને અપનાવી નવી તકોનું સર્જન, રોજગારીની વૃદ્ધિ અને સામાજિક સુધારાનો સંકલ્પ લેવા આહ્વાન કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ "સહકાર એ માત્ર વ્યવહાર નહીં, તે એક ભાવનાનું પ્રતિબિંબ છે" તે આશય રજૂ કર્યો. "કો-ઓપરેટિવ એમોન્ગ કો-ઓપરેટિવ્ઝ" જેવા આયોજનો વડાપ્રધાનશ્રીના વિઝનને વેગ આપતા હોય, જેમાં "સહકારનાં નાણાં સહકારમાં જ રહે" અને આ નાણાં સમગ્ર સહકારના વિકાસનો સ્રોત બને તો તમામ સંસ્થાઓ એકબીજાને ઉપયોગી થવાની સાથે પાયાના લોકોના ઉત્થાનમાં પણ મદદરૂપ થઈ શકે.



ભારતીય બીજ સહકારી સમિતિમાં ૧૪,૮૧૬ સહકારી સંસ્થાઓ જોડાઈ છે, જે ૩૮,૧૨૬ ક્વિન્ટલ બીજ વિતરણથી રૂ. ૪૧.૫ કરોડના વાર્ષિક ટર્નઓવર સુધી પહોંચી છે. અન્ય રાષ્ટ્રીય સંસ્થાઓ - નેશનલ કોઓપરેટિવ ઓર્ગેનિક અને નેશનલ કોઓપરેટિવ એક્સપોર્ટ- પણ લાખો મેટ્રિક ટન નિકાસની સિદ્ધિથી રાષ્ટ્રીય અર્થતંત્રને મજબૂત બનાવી રહી છે.

સહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, રાજ્યમાં કેન્દ્રીય સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ શરૂ થયેલી "કો ઓપરેશન એમોન્ગ કો ઓપરેટિવ" પહેલ હેઠળ પંચમહાલ અને બનાસકાંઠા જિલ્લામાં પાઇલટ પ્રોજેક્ટના પ્રભાવશાળી પરિણામો મળ્યા છે. આ પ્રસંગે વિધાનસભા અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી અને કેન્દ્રીય સહકારિતા મંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ દેશમાં સહકારિતા ક્ષેત્રનો ખૂબ જ ઝડપી વિકાસ થઇ રહ્યો છે. આ કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોના હસ્તે રાજ્યના પ્રગતિશીલ સહકારી મંડળીઓના પ્રતિનિધિઓને સન્માનિત કરાયા હતા.

# અમદાવાદમાં યોગ શિબિર યોજાઈ



યોગ એ ભારતીય સંસ્કૃતિની ઓળખ છે. યોગ અને પ્રાણાયામ એ માત્ર શારીરિક-માનસિક કસરત નહીં, પરંતુ મન, શરીર અને આત્મા સાથે સંવાદ પ્રસ્થાપિત કરનારી પદ્ધતિ છે. 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-૨૦૨૫'ની ઉજવણીના ભાગરૂપે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત' અભિયાન અંતર્ગત નિ:શુલ્ક 'યોગ શિબિર - કોમન યોગ પ્રોટોકોલ પ્રશિક્ષણ'નું આયોજન કરવામાં આવ્યું હતું. વહેલી સવારે ખુશનુમા વાતાવરણમાં ૧૫ હજારથી વધુ શહેરીજનો આ યોગ શિબિરમાં સહભાગી બન્યા હતા. આ યોગ શિબિરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સહિત સર્વે મહાનુભાવોએ યોગાભ્યાસ કર્યો હતો.

આ પ્રસંગે યુવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા ગૃહ વિભાગના રાજ્ય મંત્રીશ્રી હર્ષ સંઘવીએ કહ્યું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના અધ્યક્ષસ્થાને આ યોગ શિબિરનું આયોજન થયું છે. આ અભિયાન અંતર્ગત આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-૨૦૨૫માં ગુજરાતના તમામ જિલ્લાઓ એક નવો ઇતિહાસ બનાવવા તરફ આગળ વધી રહ્યા છે. આ અવસરે મંત્રીશ્રીએ ગુજરાતના તમામ જિલ્લાના નાગરિકોને યોગથી પ્રેરણા લઈને 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાનમાં જોડાવવા અપીલ કરી હતી.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શ્રી શિશપાલ રાજપૂત તેમજ યોગના પ્રખર નિષ્ણાતો દ્વારા યોગાસન, પ્રાણાયામ અને ધ્યાનના વિવિધ અભ્યાસો અંગે શિબિરમાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.






## જે.સી.બી વિતરણ

*ગાંધીનગરના ટાઉનહૉલ ખાતે ભરવાડ યુવા સંગઠન ગુજરાત પ્રદેશ દ્વારા આયોજિત જે.સી.બી.ના વિતરણ કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીના હસ્તે ભરવાડ સમાજના ૫૦ જેટલા આર્થિક રીતે જરૂરિયાતમંદ યુવાનોને પગભર બનાવવા એકપણ રૂપિયાના ડાઉન પેમેન્ટ વગર જે.સી.બી.નું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, યુવાનોને આત્મનિર્ભર બનાવવા માટે સરકારના પ્રયાસોમાં સમાજનો સહયોગ મળે તો વિકાસની ગતિ બમણી થઈ જાય છે.*

# CMની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન સમિતિની બેઠક




સુશાસન અને લોકો વચ્ચેના વિશ્વાસને વધુ મજબૂત બનાવવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યભરના તમામ જિલ્લાની ફરિયાદ સહ સંકલન સમિતિમાં ઉપસ્થિત રહેવાની નવી કાર્યપ્રણાલીની શરૂઆત જામનગરથી કરી.

મુખ્યમંત્રીશ્રીએ જામનગર કલેક્ટર કચેરીમાં યોજાયેલી બેઠકમાં જણાવ્યું હતું કે, પ્રશાસન અને પ્રજા વચ્ચેની જોડતી કડી અને સેતુ એટલે પ્રજાએ ચૂંટેલા લોક પ્રતિનિધિઓ, તેમના સૂચવેલા કામોનો યોગ્ય પ્રતિસાદ પાઠવવો એ તમામ અધિકારીઓની ફરજ છે તેમણે સરકારી કામોમાં ગુણવત્તા જાળવવા તમામ અધિકારીઓને ટકોર કરી હતી.

આ બેઠકમાં જામનગર જિલ્લાની વિગતો તથા સંકલન અને ફરિયાદ સમિતિ સમક્ષ રજૂ થયેલા પ્રશ્નો અંગેની ટૂંકી ડોક્યુમેન્ટરી ફિલ્મ મુખ્યમંત્રીશ્રી સમક્ષ રજૂ કરાઈ હતી. જાન્યુઆરીથી મે-૨૦૨૫ દરમિયાન ફરિયાદ સમિતિ સમક્ષ રજૂ થયેલા ૭૮ પ્રશ્નોનો હકારાત્મક નિકાલ લાવવામાં આવ્યો હતો.

રીસર્વે, લેન્ડ રેકર્ડ, પ્રમોલગેશન અંગેની વાંધા અરજીઓ વગેરેની યુદ્ધના ધોરણે કરાયેલી પેન્ડન્સી નિકાલની કામગીરીની સવિસ્તાર વિગતો કલેક્ટરશ્રીએ મુખ્યમંત્રીશ્રીને વર્ણવી હતી. NFSA રેશનકાર્ડની E-KYC કામગીરી, કોરોનાની સંભવિત સ્થિતિને પહોંચી વળવાની વહીવટી તંત્રની સજ્જતા, સરકારી જમીન પરના દબાણો દૂર કરવાની કામગીરી, સુજલામ સુફલામ જળ અભિયાન કેચ ધ રેઈન ૨.૦, મનરેગા, પ્રવાસન, વહીવટી સુધારણા સહિતની માહિતી મુખ્યમંત્રીશ્રીએ મેળવી હતી. આ બેઠકમાં પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરા તથા સરકારી વિભાગોના અધિકારીઓ અને પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

## આધુનિકતા સાથે સંસ્કાર ઘડતર એટલે નવી શિક્ષણ નીતિ

પ્રાચીન ગુરુકુળ પરંપરામાં રાજકુમારો ઋષિ મુનિઓ પાસેથી શિક્ષા અને દિક્ષા મેળવતા હતા. ભગવાન રામે વશિષ્ઠ અને વિશ્વામિત્ર મુનિ પાસે જ્યારે ભગવાન શ્રી કૃષ્ણે સાંદીપની ઋષિ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. એ જ ગુરુકુળ સંસ્કૃતિ આજે આધુનિક માધ્યમો સાથે ફરી પ્રાચીન પરંપરાને ઉજાગર કરી રહી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડોદરાના ડભોઇમાં સ્વામિનારાયણ ગુરુકુળને ખુલ્લુ મૂકી વિદ્યારંભ કરાવ્યો હતો. તેઓ જણાવ્યું કે, શિક્ષણને વિકાસ માટેનું સૌથી શક્તિશાળી સાધન માનનારા વડાપ્રધાનશ્રીએ નવી શિક્ષણ નીતિ દ્વારા ભારતના ભવિષ્યના નાગરિકોને આધુનિકતા અને સંસ્કાર સાથે ઘડવાની દિશામાં મજબૂત પગલાં ભર્યાં છે. આવી સંસ્થાઓ આપણી ગુરુકુળ પરંપરાને આધુનિકતાની સાથે જોડીને વિદ્યાર્થીઓને માત્ર શૈક્ષણિક જ્ઞાન નહીં, પરંતુ જીવન ઘડતર માટેની મૂલ્યનિષ્ઠ, સંસ્કારયુક્ત તાલીમ પણ આપી રહી છે. વડાપ્રધાનશ્રીએ ૨૦૪૭ સુધી ભારતને વિકાસશીલ નહિ, પણ "વિકસિત ભારત" તરીકે સ્થાપિત કરવાનો સંકલ્પ લીધો છે. આ સંકલ્પ સાકાર કરવા માટે આપણે સૌએ શિક્ષિત, સંસ્કારયુક્ત અને સંકલ્પશીલ એવી "અમૃત પેઢી" ઘડવી પડશે, તેવું આહ્વાન મુખ્યમંત્રીશ્રીએ કર્યું હતું.



# અમદાવાદમાં દેવી અહિલ્યાબાઈ હોલકરની ૩૦૦મી જયંતીની ઉજવણી...



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદના વસ્ત્રાલ ખાતે 'પુણ્યશ્લોકા દેવી અહિલ્યાબાઈ'ની 300મી જયંતીની ઉજવણીમાં હાજરી આપી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપરાંત સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના મંત્રીશ્રી મુળુભાઈ બેરા, સહકાર રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા તથા શહેરનાં મેયર શ્રી પ્રતિભાબહેન જૈન પણ આ ઉજવણી નિમિત્તે યોજાયેલા મલ્ટિમીડિયા શો આધારિત ગુજરાતી નાટકના કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતાં. દેવી અહિલ્યાબાઈના અમૂલ્ય યોગદાન વિશે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે 'પુણ્યશ્લોકા દેવી અહિલ્યાબાઈના રાજ્યમાં સુશાસનની સાથોસાથ ન્યાય, શિક્ષણ, સમાજ કલ્યાણ, ધાર્મિક કલ્યાણ, જળ સંરક્ષણ જેવા જાહેરહિતને સ્પર્શતા વિષયો માટે ઉમદા કાર્ય થયાં હતાં. તેમણે મહિલાઓ અને સમાજના નબળા વર્ગના લોકોના કલ્યાણ માટે મહત્ત્વપૂર્ણ કાર્યો કર્યાં હતાં. વડાપ્રધાનશ્રીએ અહિલ્યાબાઈની યાદમાં તેમની સ્મારક ટપાલ ટિકિટ અને રૂ.૩૦૦નો ખાસ સિક્કો બહાર પાડ્યો છે.

## 'ઇન્ડિયન ફોક કાર્નિવલ' સંપન્ન

અમદાવાદમાં ગુજરાત લોકકલા ફાઉન્ડેશન દ્વારા આયોજિત ત્રિદિવસીય 'ઇન્ડિયન ફોક કાર્નિવલ' સમારંભમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ ત્રીજા દિવસની સમીસાંજે લોકનૃત્યો તથા લોકસંગીતનો આસ્વાદ માણ્યો હતો. તેમણે લોકકલાના સંવર્ધન માટે આયોજિત આ સુંદર કાર્યક્રમના આયોજન બદલ ગુજરાત લોકકલા ફાઉન્ડેશનને અભિનંદન આપી, સમગ્ર કલાજગતને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

ઇન્ડિયન ફોક કાર્નિવલના પ્રથમ દિવસે ગુજરાતી નૃત્ય પ્રસ્તુતિ, બીજા દિવસે દેશભરનાં આદિજાતિ નૃત્યો, જ્યારે ત્રીજા દિવસે ભારતીય નૃત્ય મહોત્સવ જેમાં ગુજરાત, બંગાળ, મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ, ઓડિશા સહિતના પ્રદેશોનાં નૃત્યો-લોકગીતો પ્રસ્તુત કરાયાં હતાં. આ રાષ્ટ્રીય સ્તરના મહોત્સવમાં સમગ્ર દેશમાંથી ૧૦૦૦થી વધુ લોકકલાકારો સહભાગી થયા હતા. આ આયોજનમાં રાજ્ય સરકારના પ્રવાસન વિભાગ તથા રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગો સહભાગી તરીકે જોડાયા હતા.









# નળ સરોવરનું ખાસ મહેમાન બન્યું દુર્લભ આર્કટિક પક્ષી
# સબાઇન ગલ...



જનક દેસાઈ

'યાયાવર' એટલે એવા ચિરપ્રવાસી પંખી કે જે લાંબા સમય માટે મૂળ ઠંડા પ્રદેશોમાંથી અન્ય હૂંફાળા વિસ્તારોમાં ઠંડીના દિવસો દરમિયાન સ્થળાંતર કરે છે. પંખીઓની ઘણીખરી જાતો ભારત અને ગુજરાતમાં રોકાણ માટે આવતી હોય છે. આ પંખીઓ ઠંડીનો સમય પૂર્ણ થતાં જ પોતાના મૂળ ઘર તરફ પ્રયાણ કરતા હોય છે.

ગુજરાત વન વિભાગના કર્મચારીઓ તા.30મી મે,2025ના રોજ સવારે દૈનિક વિહાર પ્રક્રિયામાં હતા. સવારના 9:00 કલાકના સમયે દુર્લભ ગણાતું સબાઇન ગલ (Xema sabini) પક્ષી નળસરોવર જળાશયમાં જોવા મળ્યું, જે અભયારણ્યના કર્મચારીઓ અને મુલાકાતીઓમાં આનંદ અને આશ્ચર્યની લહેરખી આવી ગઈ. ઇ-બર્ડ જેવા જાહેર પક્ષી નિરીક્ષણ ડેટાબેઝ અનુસાર, ભારતમાં સબાઇન ગલ છેલ્લે 2013માં દક્ષિણ ભારતમાં આવેલા કેરળ રાજ્યમાં જોવા મળ્યું હતું.

સબાઇન ગલ દેખાવમાં નાનું એવું સુંદર પક્ષી છે, જે તેના આકર્ષક દેખાવ માટે જાણીતું છે. તે તીક્ષ્ણ કાળી ટોપી, સફેદ ડોક અને સ્વચ્છ રાખોડી પાંખો ધરાવે છે. તેની સૌથી વિશિષ્ટ ખાસિયતોમાંની એક તેની કાળી, સફેદ અને રાખોડી રંગો સાથેની ત્રિરંગી પાંખની ભાત છે. તે પીળી ટોચ સાથે કાળી ચાંચ અને ખાંચવાળી પૂંછડી ધરાવતા માત્ર બે ગલ પ્રજાતિમાંનું એક છે.

ગલ પ્રજાતિનું આ સબાઈન પંખી ઉત્તર અમેરિકા, ગ્રીનલેન્ડ અને સાઇબેરિયાના ઉચ્ચ-અક્ષાંશના આર્કટિક પ્રદેશોમાં પ્રજનન કરે છે, જે ટુંડ્રના જળાશયના કિનારા નજીક માળો બનાવે છે. તે મુખ્યત્વે દક્ષિણ અમેરિકા અને આફ્રિકાના પશ્ચિમ કિનારાના સમૃદ્ધ દરિયાઈ વિસ્તારોમાં શિયાળો ગાળવા માટે લાંબા અંતરનું સ્થળાંતર કરે છે. ઘણા સ્થળાંતર કરનારાં પક્ષીઓથી વિપરીત તેમનો કોઈ નિયમિત ફ્લાય-વે નથી, કે જે ભારતમાંથી પસાર થતો હોય. ગુજરાતમાં આ સમય દરમિયાન તેની હાજરી આકસ્મિક માનવામાં આવી રહી છે, જેમાં સંભવતઃ સામાન્ય સ્થળાંતર માર્ગથી ભટક્યા હોય તેવી શક્યતા હોઈ શકે છે. ભારતમાં તેનું દેખાવું અત્યંત દુર્લભ માનવામાં આવે છે.

નળ સરોવર ભારતના સૌથી મોટા અને ઇકોલોજિકલી મહત્ત્વપૂર્ણ જળાશય-અભયારણ્યોમાંનું એક છે, જે ફ્લેમિંગો, પેલિકન, બતક અને વેડર્સની અસંખ્ય પ્રજાતિઓ સહિત સ્થળાંતર કરનારાં અને સ્થાનિક પક્ષીઓ માટે પહેલેથી જ આશ્રયસ્થાન છે. અહીંયાં 'સબાઇન ગલ'નું અચાનક દેખાવું આ અભયારણ્યની વૈશ્વિક સ્તરે પક્ષી જીવન માટેની મહત્ત્વની ઓળખમાં વધારો કરી વૈશ્વિક પક્ષીશાસ્ત્રમાં તેનું સ્થાન સુદ્રઢ કરે છે. આ પ્રકારનું અવલોકન વન કર્મચારીઓ, સંશોધકો અને પક્ષી નિરીક્ષકો દ્વારા સતત દેખરેખ અને દસ્તાવેજીકરણના મૂલ્યને વધારે છે. આવી દુર્લભ ઘટનાઓ પક્ષી સ્થળાંતર, આબોહવા અને પર્યાવરણીય પરિવર્તનની વ્યાપક અસરોને સમજવામાં મદદ કરે છે.





**સંવાદ :** જનતા જનાર્દન સાથે એક સામાન્ય માણસની માફક સંવાદ કરવાનું રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી ક્યારેય ચૂકતા નથી. તેઓ ગુજરાત વિદ્યાપીઠમાં NSSની રાષ્ટ્રીય એકતા શિબિરનો શુભારંભ કરાવીને પરત રાજભવન, ગાંધીનગર જઈ રહ્યા હતા ત્યારે તેમણે જૂના વાડજ સ્મશાન માર્ગે રિવરફ્રન્ટના વળાંક પાસે બાળકોને ઉભેલા જોયા. તેમણે તરત પોતાની કાર ઊભી રખાવી, બાળકોને નજીક બોલાવી અને બિસ્કીટ-ચોકલેટ આપી તેમની સાથે વાર્તાલાપ કર્યો હતો.



**બેઠક :** ગાંધીનગર ખાતે નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં સ્થાયી પરામર્શ સમિતિની બેઠક મળી હતી. મંત્રીશ્રીએ પ્રજાલક્ષી-નિર્ણયો અને કામગીરીથી ધારાસભ્યશ્રીઓને માહિતગાર કર્યા હતા . બેઠક દરમિયાન ધારાસભ્યશ્રીઓ દ્વારા રજૂ કરાયેલા પ્રશ્નોનો સત્વરે ઉકેલ લાવવા સંબંધિત અધિકારીશ્રીઓને સૂચનાઓ આપી હતી.



**સમારોહ :** અમદાવાદના ગુજરાત યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલની અધ્યક્ષતામાં 'ગુજરાત નિર્માણ સન્માન એવોર્ડ-2025' સમારોહ યોજાયો હતો. આ અર્થકોન- 2025માં કન્સ્ટ્રક્શન ક્ષેત્રમાં વિવિધ રીતે યોગદાન આપનાર સંસ્થાઓ અને વ્યક્તિઓને મંત્રીશ્રીના હસ્તે એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કન્સ્ટ્રક્શન સેક્ટરને મંત્રીશ્રીએ દેશના જીડીપીમાં પબ્લિક અને પ્રાઈવેટ સેક્ટરમાં સૌથી વધુ રોજગારી આપતું ક્ષેત્ર ગણાવ્યું હતુ.



**સભા :** ગુજરાત સ્ટેટ કો ઓપરેટીવ બેન્કની વાર્ષિક સાધારણ સભામાં મંત્રી શ્રી જગદીશભાઈ પંચાલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, "વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહ-સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના દિશાદર્શનમાં "સહકારથી સમૃદ્ધિ"ના મંત્ર સાથે દેશમાં સહકારિતા ક્ષેત્રનો અભૂતપૂર્વ વિકાસ થઈ રહ્યો છે. સહકારી પ્રવૃત્તિઓનું વિરાટ નેટવર્ક વિકસિત ભારતના નિર્માણમાં શ્રેષ્ઠ યોગદાન આપશે. તેમણે ગુજરાત સ્ટેટ કો ઓપરેટીવ બેંકને ઉત્તરોત્તર યશસ્વી વિકાસની શુભકામના પાઠવી હતી.



**ભૂમિ પૂજન :** વડોદરાના ડભોઇ તાલુકાના ચાંદોદમાં આવેલા શ્રી અનિરુદ્ધાચાર્યજી સંસ્કૃત મહાવિદ્યાલયના પ્રવેશ દ્વારનું તથા મહાવિદ્યાલય માટે બનતા રસ્તાનું ભૂમિ પૂજન શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર તથા ધારાસભ્ય શ્રી ડભોઇ વિધાનસભા શૈલેષભાઈ મહેતા દ્વારા કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં મંત્રીશ્રીએ ચાંદોદની ગ્રામ પંચાયત તથા સંસ્કૃત મહાવિદ્યાલયના પરિવારને શુભેચ્છાઓ પાઠવી. ભૂમિ પૂજન બાદ યાત્રાધામ ચાંદોદ ખાતે ૧૦ દિવસ ઐતિહાસિક મલ્હારરાવ ઘાટ ખાતે ગંગા દશાહરા પર્વની પૂર્ણાહુતિમાં પણ ઉપસ્થિત રહ્યા હતા.



**લોકાર્પણ :** શહેરી વિકાસ વર્ષ – 2025ની ઉજવણી અંતર્ગત શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની વિવિધ યોજનાઓના અમલીકરણ માટે પાટણના સિદ્ધપુર ખાતે ઉદ્યોગ મંત્રી શ્રી બળવંતસિંહ રાજપુતના અધ્યક્ષસ્થાને રૂ.૪.૧૪ કરોડના વિકાસકામોનું લોકાર્પણ તેમજ રૂ.૮ કરોડથી વધુના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.



**સન્માન :** સુરતના માંડવી તાલુકા સહકારી મંડળીઓ દ્વારા માંડવી કૃષિમંગલ હોલ ખાતે સુમુલ ડેરીના પ્રમુખ 'ઇફ્કો સહકાર રત્ન' એવોર્ડ પ્રાપ્ત કરનાર માનસિંહભાઈ પટેલનો સન્માન સમારોહ આદિજાતિ વિકાસ, રાજ્ય મંત્રી કુંવરજીભાઈ હળપતિના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. ઇફ્કો દ્વારા દિલ્હી ખાતે સુમુલ ડેરીના ચેરમેન માનસિંહ પટેલને "ઇફ્કો સહકાર રત્ન" એવોર્ડ અને રૂ. ૧૧ લાખના પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા, જે દક્ષિણ ગુજરાત સહિત સમગ્ર રાજ્યના સહકાર ક્ષેત્ર માટે ગૌરવપૂર્ણ ક્ષણ છે.



**નિરીક્ષણ :** વરસાદના પાણીને જમીનમાં સગ્રહ કરવા માટે ઓલપાડ તાલુકાના મહત્તમ ગામોમાં જળસંચયની કામગીરી વેગવાન બની છે. જળ સંપત્તિ અને પાણી પૂરવઠા રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે ઓલપાડ તાલુકાના કુદીયાણા, ધનસેર, છીણી તથા લવાછા મુકામે ચાલી રહેલ વોટર હાર્વેસ્ટીંગની કામગીરીનું નિરીક્ષણ કરીને વોટર હાર્વેસ્ટિંગ કાર્યોના આગામી આયોજન સંદર્ભે સમીક્ષા કરી હતી.



**મુલાકાત :** રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ નવી દિલ્હીમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. આ મુલાકાતમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા માટે સહકારી ક્ષેત્રના સહયોગ વિષયે ચર્ચા કરતા કેન્દ્રીય મંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, સહકાર અને પ્રાકૃતિક ખેતીનો સંગમ ભારતને આત્મનિર્ભર બનાવશે. જ્યારે રાજ્યપાલશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે, બંને ક્ષેત્રોનો સમન્વય એ પ્રાકૃતિક ખેતી માટે મહત્ત્વપૂર્ણ બની રહેશે.

## ગૂજરાત વિદ્યાપીઠમાં 'કુશલ' યોજનાનો શુભારંભ

ગુજરાત વિદ્યાપીઠના પરિસરમાં આયોજિત રાષ્ટ્રીય સેવા યોજના (NSS)ની રાષ્ટ્રીય એકતા શિબિરના ઉદ્ઘાટન સમારોહ દરમિયાન, ગુજરાતના રાજ્યપાલ અને ગૂજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે 'કુલાધિપતિ શિષ્ય અભ્યાસ લબ્ધિ' (કુશલ) યોજનાના પ્રતીક (લોગો)નું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાપીઠના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી તેમના શૈક્ષણિક ઉત્કર્ષને નવી દિશા આપવાનો છે.

આ 'કુશલ' યોજના અંતર્ગત, આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ થી સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના પ્રતિવર્ષ ૧૦૦ તેજસ્વી અને પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને 'કુલાધિપતિ શિષ્યવૃત્તિ' એનાયત કરવામાં આવશે. આ મહત્વકાંક્ષી યોજના માટે ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા વાર્ષિક રૂપિયા ૧૦ લાખની નાણાકીય જોગવાઈ કરવામાં આવી છે. આ યોજના ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને શૈક્ષણિક ઉત્કર્ષની દિશામાં એક સીમાચિહ્નરૂપ પગલું સાબિત થશે, તેવી સૌએ શ્રદ્ધા વ્યક્ત કરી હતી.

## પોરબંદર મહાનગર પાલિકાને રૂ.૧૧.૯૬ કરોડના વિકાસ કામોની ભેટ



પોરબંદરમાં શ્રમ અને રોજગાર કેન્દ્રીય મંત્રી શ્રી ડૉ. મનસુખભાઈ માંડવીયાના અધ્યક્ષ સ્થાને સેવાસેતુ, મેડીકલ કેમ્પ અને ઇ-ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો હતો. કેન્દ્રીય મંત્રીશ્રી અને ધારાસભ્ય શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા સહિતનાં મહાનુભાવોના હસ્તે પોરબંદર મહાનગર પાલિકાના રૂ.૧૧.૯૬ કરોડના ૧૬ કામોનું ઇ-ખાતમુહૂર્ત અને વિવિધ યોજનાઓના સહાય હુકમ અને કીટ વિતરણ અને સેવાભાવી સામાજિક સંસ્થાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. મહાનુભાવોની ઉપસ્થિતીમાં આપણું પોરબંદર ગ્રીન પોરબંદર અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીશ્રીએ જણાવ્યું કે, સેવાસેતુ કાર્યક્રમ થકી લોકોના રેશનકાર્ડ,આધાર કાર્ડ, સહિતની સેવાઓ એકજ જગ્યાએ મળી રહે છે. સેવા સેતુ કાર્યક્રમ એટલે સામાન્ય જનતા માટેના વિકાસનો સંકલ્પ છે.

# પ્લાસ્ટિક રિસાઇક્લિંગમાં નેતૃત્વ લેતું સુરત...

**મહેશ કથીરિયા**

પર્યાવરણ દિવસના સંદર્ભમાં એક વાસ્તવિકતાથી શરૂઆત કરીએ. જંગલનું સૌથી વિશાળ પ્રાણી એટલે એક હાથી. ધારો કે તેનું મૃત્યુ થાય અને તેને જમીનમાં દાટવામાં આવે છે અને બાજુમાં જ બીજો ખાડો કરી પ્લાસ્ટિકની નાની કાંસકી દાટવામાં આવે તો 20 વર્ષ બાદ એ વિશાળ હાથી સંપૂર્ણ માટી બની ચૂક્યો હોય અને કાંસકી એવી ને એવી હોય. પ્લાસ્ટિક નોન ડિગ્રેડેબલ મટીરિયલ હોવાથી હજ્જારો વર્ષ સુધી નાશ પામતું નથી, જેનાથી પર્યાવરણ, વાયુ, જળ અને જમીન ખૂબ પ્રદૂષિત થાય છે. પ્લાસ્ટિકના વિઘટનમાં ૪૦૦થી ૧૦૦૦ વર્ષ જેટલો સમય લાગે છે. એટલે જ વિશ્વ પર્યાવરણ દિવસ-2025ની 'Beat the or End the Plastic Pollution' (પ્લાસ્ટિક પ્રદૂષણનો અંત કરીએ)ની થીમ સાથેની ઉજવણી કરવામાં આવી.



વિશ્વ આજે પર્યાવરણ સંરક્ષણ અને પ્લાસ્ટિક કચરાના નિયંત્રણની તાતી જરૂરિયાત અનુભવી રહ્યું છે. પ્લાસ્ટિક કચરાના સુવ્યવસ્થાપનથી સુરત શહેર પ્લાસ્ટિકમુક્ત શહેર બનવા તરફ મક્કમ ગતિએ આગળ વધી રહ્યું છે. જનભાગીદારીથી પ્લાસ્ટિક કચરા વ્યવસ્થાપનના 5R સિદ્ધાંતને અનુસરતું સુરત સમગ્ર દેશમાં પ્રથમ શહેર છે. 5R એટલે રિફ્યુઝ, રિડ્યુસ, રિપેર, રિસાઇકલ અને રિયૂઝના સિદ્ધાંતને અનુસરી શહેરે પર્યાવરણ સંરક્ષણની દિશામાં ગતિ વધારી છે.

પ્લાસ્ટિક એ ઘરની ચીજવસ્તુઓથી લઈને ઔદ્યોગિક ઉત્પાદનોમાં વપરાય છે. જીવસૃષ્ટિને ગંભીર નુકસાન પહોંચાડતા પ્લાસ્ટિકના નિકાલ માટે રિસાઇકલિંગ એક અનિવાર્ય ઉપાય છે. સુરત મહાનગરપાલિકા દ્વારા અંદાજિત ૨૨૫થી વધુ મેટ્રિક ટન પ્લાસ્ટિકને રિસાઇકલિંગ અને રિયુઝ કરી અડાજણ, પીપલોદ, વરાછા, ઉધના, કતારગામ સહિતની ૨૯ સ્થળોએ કુલ ૩૮ કિલોમીટરના રોડ બનાવાયા છે. છેલ્લાં આઠ વર્ષમાં સુરત મનપાએ અંદાજિત છ લાખ મેટ્રિક ટન પ્લાસ્ટિકને રિસાઇકલ કરીને રોડ બનાવવામાં ઉપયોગ કર્યો છે.

સુરત મનપાના ડ્રેનેજ અને સોલિડ વેસ્ટ વિભાગના કાર્યપાલક ઇજનેરે જણાવ્યું હતું કે, સુરત મનપા સોલિડ વેસ્ટ મૅનેજમૅન્ટ અને કેન્દ્ર સરકારના વન અને પર્યાવરણ મંત્રાલયના પ્લાસ્ટિક વેસ્ટ મૅનેજમૅન્ટ રૂલ્સ-૨૦૧૬ને અનુસરીને પ્લાસ્ટિકનું રિસાઇકલ અને પુન: ઉપયોગ કરી રહી છે. જેમાં મનપા PPP ધોરણે જુલાઈ ૨૦૧૭થી પ્લાસ્ટિક પ્રોસેસ કરવાની કામગીરી કરી રહી છે. મનપા સંચાલિત કુલ 8 રિફ્યુસ ટ્રાન્સફર સ્ટેશનથી દરરોજ ૨૦૦ ટન પ્લાસ્ટિક છૂટું પાડીને રિસાઇકલ કરે છે. પ્લાસ્ટિકની થેલીઓના સંગ્રહ માટે EPR હેઠળ સુરત સુમુલ ડેરી સાથે કરાર કરીને દરરોજની અંદાજિત દોઢ લાખ દૂધની થેલીઓ એકત્ર કરી પ્રોસેસ કરાય છે. ભટાર ખાતે પ્લાસ્ટિકના કચરામાંથી દરરોજ ૨૦૦ ટન પ્લાસ્ટિક પ્રોસેસ કરીને પેલેટ્સ (પ્લાસ્ટિકના દાણા) બનાવવામાં આવે છે. જેનો બેન્ચ, ટાઇલ્સ, બ્રિક્સ, ખુરશી તેમજ પ્લાસ્ટિકના રોડ બનાવવામાં ઉપયોગ થઈ રહ્યો છે.

# પ્લાસ્ટિક અને ફેબ્રિકના કચરાથી શરૂ કર્યો સર્જનાત્મક ઉદ્યોગ..

**સુનિલ મોહંતી**

આજના સમયમાં જ્યારે પ્લાસ્ટિકનું પ્રદૂષણ વિશ્વવ્યાપી સમસ્યા બની ગયું છે, ત્યારે પ્લાસ્ટિકને સમસ્યામાંથી તક બનાવી વડોદરાની બે બહેનો અંજલીબહેન તાંબે અને શિલ્પાબહેન કુલકર્ણીએ સર્જનાત્મક ઉકેલ શોધ્યો છે. આ બહેનોએ પ્લાસ્ટિક અને ફેબ્રિકના કચરાનો રચનાત્મક ઉપયોગ કરી ઉત્પાદનો બનાવવાની સાથોસાથ ગ્રામીણ મહિલાઓ માટે પણ રોજગારીના નવા માર્ગો ખોલ્યા છે.

વર્ષ 2017માં અંજલીબહેન તાંબે દ્વારા શરૂ કરાયેલા "Lets REDO"નું મિશન છે - પ્લાસ્ટિક પ્રદૂષણને ઘટાડવું અને ટકાઉ જીવનશૈલીને પ્રોત્સાહન આપવું. વડોદરાની એમ.એસ.યુ.માંથી એન્જિનિયરિંગમાં અભ્યાસ કર્યા પછી, અંજલીબહેને લગભગ બે દાયકાની કોર્પોરેટ કારકિર્દીને છોડીને સમાજસેવા માટે નવો માર્ગ અપનાવ્યો. તેઓએ વપરાયેલી પ્લાસ્ટિક સામગ્રીને જમીનમાં કચરો બનતા અટકાવવા તેમાંથી "પ્લાર્ન" એટલે કે 'પ્લાસ્ટિક યાર્ન' બનાવ્યું છે. આ પ્લાર્નને હેન્ડલૂમ પર વણવામાં આવે છે અને તેમાંથી સુંદર તથા ટકાઉ ઘરેલુ વસ્તુઓ તૈયાર કરવામાં આવે છે.



અંજલીબહેન અને શિલ્પાબહેને 34થી વધુ પ્રકારની વસ્તુઓ બનાવી છે જેમાં વોલેટ, ચશ્માં હોલ્ડર્સ, લેપટોપ બેગ, હેન્ડબેગ, પર્સ, ડોરમેટ, પ્લાન્ટર્સ અને ડિસ્પ્લે ટ્રે જેવી દૈનિક ઉપયોગી વસ્તુઓનો સમાવેશ થાય છે. દરેક વસ્તુનું ડિઝાઇનિંગ અને સિલાઈ સ્થાનિક મહિલા કામદારો દ્વારા થાય છે જેથી તેઓ નાની-મોટી આવક મેળવતા થયાં છે. અંજલીબહેન અને શિલ્પાબહેનની આ અનોખી યાત્રા કચરામાંથી સર્જનાત્મકતા કેળવવાની વાતને રજૂ કરે છે.

# ઑક્સિજન માટે ઝુંબેશ : શશીકાંત પાંડાની ખાસ જીવનશૈલી...

ઓડિશાના મૂળ નિવાસી અને હાલમાં વડોદરા નિવાસી 29 વર્ષીય શ્રી શશીકાંત પાંડા પર્યાવરણ સુરક્ષાની દિશામાં એક અનોખી પહેલ કરી રહ્યા છે. COVID-19 રોગચાળા નિમિત્તે મળેલી અનુભૂતિને જીવનમૂલ્યમાં ફેરવી, તેઓએ વધુ વૃક્ષો વાવવા અને સ્વચ્છ હવા માટે લોકોમાં જાગૃતિ ફેલાવવાનું મિશન આરંભ્યું છે. શશીકાંત પાંડા એક ફાર્મસી કંપનીમાં કામ કરે છે અને છેલ્લાં ચાર વર્ષથી રાજ્યભરની મૅરેથૉનમાં પર્યાવરણ સંરક્ષણના સંદેશનો પ્રચાર કરે છે. વિશેષ વાત એ છે કે તેઓ હંમેશા ઑક્સિજન માસ્ક પહેરીને અને પીઠ પર જીવંત છોડ રાખીને મેરેથોનમાં ભાગ લે છે. તે છોડને તેઓ "ઓક્સિજન સિલિન્ડર" તરીકે રજૂ કરે છે.

શ્રી શશીકાંત આજ સુધી વડોદરા, અમદાવાદ, સુરત, ભરૂચ, અંકલેશ્વર, ગાંધીનગર અને રાજકોટ સહિત રાજ્યના અનેક શહેરોમાં યોજાયેલી 30થી વધુ મૅરેથૉનમાં ભાગ લઈ ચૂક્યા છે. દરેક જગ્યાએ તેઓનો અનોખો સંદેશ લોકોના આકર્ષણનું કેન્દ્ર બને છે.




# ગુજરાતની પ્રથમ બાયોડાઇવર્સિટી હેરિટેજ સાઇટ
# "ગુનેરી ઇનલેન્ડ મેન્ગ્રોવ"

પ્રિયંકા પરમાર

ગુજરાતમાં જૈવવિવિધતાની જાળવણી અર્થે રચાયેલા બાયોડાયઇર્સિટી બોર્ડની રચના બાદ ગુજરાતની પ્રથમ બાયોડાયવર્સિટી હેરિટેજ સાઇટ “ગુનેરી ઇનલેન્ડ મેન્ગ્રોવ” જાહેર કરવામાં આવી છે. કચ્છના લખપતમાં આવેલી ૩૨.૭૮ હેક્ટરમાં ફેલાયેલી અનોખી નોન-ટાઇડલ મેન્ગ્રોવ નિવસનતંત્ર ધરાવતી ગુનેરી ઇનલેન્ડ મેન્ગ્રોવ સાઇટને ૨૦૨૫ના વર્ષમાં ગુજરાતના પ્રથમ બાયોડાઇવર્સિટી હેરિટેજ સાઇટ (BHS) તરીકે જાહેર કરવામાં આવી છે. આ સાઇટ તેની વિશિષ્ટ જૈવવિવિધતા અને પર્યાવરણીય મહત્ત્વને કારણે રાજ્યના જૈવવિવિધતા સંરક્ષણમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

ગુનેરી મેન્ગ્રોવ દરિયાકાંઠાથી દૂર, દરિયાઈ ભરતીની અસર વિનાનું ઇનલેન્ડ (અંતર્દેશીય) મેન્ગ્રોવ જંગલ છે, જે તેને સમગ્ર ભારતમાં અનોખું બનાવે છે. આ વિસ્તારમાં એવિસેનિયા મરીના (Avicennia marina) પ્રજાતિના મેન્ગ્રોવ મુખ્ય છે, જે ખારા પાણીના વાતાવરણમાં ટકી રહેવાની ક્ષમતા ધરાવે છે. અહીંનું ઇકોસિસ્ટિમ ખારા-મીઠા પાણીના મિશ્રણ પર નિર્ભર છે, જે કચ્છના રણના વિશિષ્ટ ભૂસ્તરીય વાતાવરણમાં રચાય છે. ગુનેરીની આ સાઇટ ઉપર ૨૦ સ્થળાંતરી અને ૨૫ રહેવાસી પક્ષીઓની પ્રજાતિઓ જોવા મળે છે, જેમાં ફ્લેમિંગો, હેરિયર, અને અન્ય જળપક્ષીઓનો સમાવેશ થાય છે. જ્યારે નાના સસ્તન પ્રાણીઓ, સરિસૃપો અને જળચર જીવો પણ આ વિસ્તારમાં જોવા મળે છે. અહીંયાં મેન્ગ્રોવ ઉપરાંત, અન્ય ખારાશ-સહનશીલ વનસ્પતિઓ જેવી કે સૂઆઇડા અને સાલ્વાડોરાનો અહીંની જૈવવિવિધતામાં મહત્ત્વનો ફાળો રહેલો છે. આ મેન્ગ્રોવ વાતાવરણમાંથી કાર્બન ડાયોક્સાઇડ શોષીને જળવાયુ પરિવર્તન સામે લડવામાં મદદ કરે છે. મેન્ગ્રોવના મૂળ ખાસ કરીને કચ્છના રણ જેવા નાજુક વિસ્તારોમાં જમીનનું ધોવાણ અટકાવે છે.

ગુનેરી ઇનલેન્ડ મેન્ગ્રોવ ગુજરાતની જૈવવિવિધતાનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ છે, જે દર્શાવે છે કે રણ જેવા શુષ્ક વાતાવરણમાં પણ મેન્ગ્રોવ ખીલી શકે છે. ગુનેરી ઇનલેન્ડ મેન્ગ્રોવ એ ગુજરાતની પર્યાવરણીય અને જૈવવિવિધતા સંપત્તિનું એક અમૂલ્ય રત્ન છે. તેનું સંરક્ષણ ન માત્ર સ્થાનિક નિવસનતંત્રને જાળવશે, પરંતુ વૈશ્વિક સ્તરે જળવાયુ પરિવર્તન સામે લડવામાં પણ ફાળો આપશે. ગુજરાત બાયોડાઇવર્સિટી બોર્ડના પ્રયાસો અને સ્થાનિક સમુદાયની ભાગીદારી આ વિસ્તારને ભાવિ પેઢીઓ માટે સુરક્ષિત રાખવામાં મદદ કરશે. આ વિસ્તારમાં મેન્ગ્રોવ વૃક્ષોનું વાવેતર, જૈવવિવિધતાનું દસ્તાવેજીકરણ અને સ્થાનિક સમુદાયો સાથે સહયોગ કરીને સંરક્ષણ કાર્યો કરવામાં આવી રહ્યાં છે, જે પરંપરાગત પદ્ધતિઓ અને આધુનિક વિજ્ઞાનનું સંયોજન કરે છે.



# 'કચરે સે આઝાદી' : વડોદરાના પર્યાવરણપ્રેમી ગામોનો સંકલ્પ...

વડોદરા શહેરની એક સંસ્થા અનોખું કાર્ય કરી રહી છે. 'કચરે સે આઝાદી' અભિયાન હેઠળ પ્લાસ્ટિકને રિસાઇકલ, અપસાઇકલ અને રિયૂઝ કરીને પ્લાસ્ટિક પ્રદૂષણ ઓછું થાય એવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. વડોદરા જિલ્લામાં સાવલી તેમજ વાઘોડિયા વિસ્તારના મોટાભાગનાં ગામમાં ભીનો અને સૂકો કચરો અલગ રાખવામાં આવે છે. જેમાં મંજૂસર, દુમાડ, બાસ્કા, નર્મદાપુરા, ગુલાબપુરા, માધવનગર, સાકરીયા જેવાં ગામોનાં લોકોએ આ અભિગમને આવકાર્યો છે. લગભગ 6 વર્ષના પ્રયત્નો બાદ આ પ્રયાસ સફળ થયો છે. લગભગ 19 ગ્રામ પંચાયતોનાં લોકો આ ઉમદા કાર્યમાં જોડાયાં છે.







આ અભિયાનના સંચાલક ડૉ. સુનિત ડાબકે જણાવે છે કે, "ભીનો કચરો લેવા અમારા તરફથી લેબર મોકલીએ છીએ, જેઓ જે તે ગામમાં જઈને ભીનો કચરો ભેગો કરે છે. જેને રોકેટ કમપોસ્ટરમાં પ્રોસેસ કરી લિક્વિડ ખાતર બનાવીએ છીએ, જેમાં કોઈ પણ પ્રકારના રસાયણ વિના 100% શુદ્ધ કુદરતી ખાતર બને છે જે કોઈ પણ છોડ માટે અસરકારક છે. આ સાથે ઇન્સેન્ટિવ વેસ્ટ સિસ્ટિમ શરૂ કરવામાં આવી છે જેમાં ઘરમાં બહેનો પ્લાસ્ટિકના કચરાને છૂટો પાડીને એકત્રિત કરે તો તેમને એક કિલો પ્લાસ્ટિકના કચરાની સામે એક સાબુ આપવામાં આવે છે. એક અન્ય પ્રયોગ તરીકે ગુલાબનો ઉપયોગ સાબુ બનાવવા તેમજ અગરબત્તી અને ધૂપ માટે કરીએ છીએ."

બાસ્કા એ આજના સમયે મૉડલ ગામ છે, જેમાં મહિનાનો દોઢ ટન કચરો અને અન્ય વેસ્ટનું કલેક્શન કરી સેગ્રિગેશન કરવામાં આવે છે. છેલ્લાં ચાર વર્ષથી બાસ્કા ગ્રામ પંચાયત 'કચરે સે આઝાદી' સંસ્થા જોડે કામ કરી રહી છે. પાંચ હજારની વસ્તી ધરાવતા આ ગામમાં ઇન્સેન્ટિવ વેસ્ટ અને દરરોજના વેસ્ટ એમ બે પ્રકારે કામ થતું હોય છે. બાસ્કા સેગ્રિગેશન પ્લાન્ટમાં 20થી વધુ રૉકેટ કમ્પોસ્ટ લગાવ્યાં છે જેમાંથી પ્રવાહી ખાતર બને છે. ડોર ટુ ડોર કલેક્શનથી પ્લાસ્ટિક વેસ્ટ મૅનેજમૅન્ટ અને પ્લાસ્ટિકનો યોગ્ય નિકાલ થાય છે. બાસ્કા મૉડેલ ગામ પાસેથી અન્ય ગામ પણ પ્રેરણા લઈ આ અભિયાનમાં જોડાઈ શકે છે.

આસોજ ગામ વર્ષ 2021થી વેસ્ટ મૅનેજમૅન્ટ કરી રહ્યું છે. પ્રતિદિન ગામમાં કચરાની વાન ફરે છે, જે ઘરે-ઘરે જઈને કચરાનું કલેક્શન કરે છે. ત્યારબાદ સેગ્રિગેશન માટે જાય છે. આસોજ ગ્રામ પંચાયત સાથે બૅન્ક ઓફ બરોડાના સહયોગથી પર્યાવરણ દિવસના ઉપક્રમે 37 કિલો પ્લાસ્ટિક વેસ્ટ સામે 2 બેન્ચ ભેટ કરવામાં આવી.

# ‘કચરો એ કંચન’ના વિચારને સાર્થક કરતી AMC...

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાંથી એકત્રિત ઘન કચરાના નિકાલનો દૃઢ નિર્ધાર કરાયો છે. આ ઘન કચરાના નિકાલની સમસ્યાને ઘટાડવાના ઉદ્દેશ્ય સાથે દૈનિક ૧૦૦૦ મે.ટન કચરાને પ્રોસેસ કરી શકાય તેવો ગુજરાતનો સૌથી મોટો વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટ કાર્યરત કરવામાં આવ્યો છે. દૈનિક ૧૦૦૦ મેટ્રિક ટન કૅપેસિટીનાં કચરામાંથી વીજળી બનાવતા વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટની વિશેષતા એ છે કે, આ પ્લાન્ટમાં મ્યુનિસિપલ સૉલિડ વેસ્ટને આર.ડી.એફ. બેઝ્ડ ઇનસિનરેશન ટૅકનૉલૉજીની મદદથી બોઇલરમાં ઇનસિનરેટ કરી ૬૫ TPH સ્ટીમ જનરેટ થાય છે. આ સ્ટીમ વડે ૧૫ MW (મૅગાવૉટ) પ્રતિ કલાકનાં કૅપેસિટીના ટર્બાઇન મારફતે પ્રતિ કલાકે ૧૫ મૅગાવૉટ વીજળી ઉત્પન્ન કરવામાં આવી રહી છે.

**પ્લાન્ટના પર્યાવરણીય ફાયદા**

- દૈનિક ૩૬૦ મૅગાવૉટ ઇલેક્ટ્રિસિટી ઉત્પન્ન થઈ રહી છે.
- ૧૫ મૅગાવૉટ વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટ કાર્યરત કરવાથી વાર્ષિક અંદાજે ૬,૫૦,૦૦૦ કિ.ગ્રા જેટલા કાર્બનડાયોક્સાઈડને હવામાં ભળતો અટકાવવામાં આવી રહ્યો છે.
- એકત્રિત થતો ઘન કચરો ખુલ્લામાં નહિ રહેવાના કારણે વાર્ષિક ૧,૫૦,૦૦૦ કિ.ગ્રા જેટલા મિથેન ગેસનું પણ હવામાં ભળવાનું રોકાઈ રહ્યું છે જેને કારણે ગ્રીન હાઉસ ગેસ એમિશન ઓછું થશે.
- વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટમાં સુએજ વોટરનો ઉપયોગ કરવામાં આવતો હોઈ દૈનિક ૩૦ લાખ લિટર જેટલા ચોખ્ખા પાણીનો ઉપયોગ રોકી શકાશે.
- ટ્રિટેડ પાણીનો ઉપયોગ કરવાથી AMCને વાર્ષિક રૂ.૫૦ લાખની આવક થશે.
- આ પ્લાન્ટ સર્ક્યુલર ઇકોનોમીનો ખરા અર્થમાં ભાગ બનશે. અમદાવાદ શહેરનો આ પ્લાન્ટ લેટેસ્ટ ટૅકનૉલોજી ધરાવતો અને સરકારના પ્રદૂષણ નિયંત્રણનાં વિવિધ ધારા-ધોરણોની પૂર્તિ કરતો હોઇ પર્યાવરણીય રીતે સુરક્ષિત છે.

પિરાણા ડમ્પસાઇટ બાયોમાઈનિંગ પ્રોજેક્ટ અંતર્ગત ૩ ડમ્પસાઇટ (1) અજમેરી ડમ્પ-નારોલ -સરખેજ હાઈવે તરફ, (2) હાઈડમ્પ -એક્સેલ પ્રોસેસિંગ પ્લાન્ટની બાજુ પરનો ડમ્પ અને (3) એક્સેલ ડમ્પ-એક્સેલ પ્લાન્ટની પાછળ બાજુ પરનો ડમ્પ પર મળીને અંદાજિત કુલ ૧૨૫ લાખ મેટ્રિક ટનથી વધુ ઘન કચરાનું પ્રમાણ હતું. ડમ્પ સાઇટની કુલ ૮૪ એકર જમીન ઉપર કચરાના મોટા ઢગલાઓ વર્ષો અગાઉથી થવા પામેલ હતા. પિરાણા ખાતે આવેલા પ્રથમ બંને ઢગલાઓ ડિસેમ્બર ૨૦૨૩માં સંપૂર્ણ ખાલી કરી આશરે ૪૫ એકર જગ્યા ખુલ્લી કરવામાં આવી છે. આ ઉપરાંત પીરાણા ડમ્પ સાઇટની બાયોમાઇનિંગની કામગીરી અંતર્ગત અત્યાર સુધીમાં અંદાજિત ૧૨૫ લાખ મેટ્રિક ટન જેટલો લીગસી વેસ્ટ પ્રોસેસ કરવામાં આવ્યો છે.









# બારાહી ખારેકનું મબલખ ઉત્પાદન

ધર્મેશ વાળા

ખારેક એ ખજૂરનું સૂકું સ્વરૂપ છે. શારીરિક નબળાઈને દૂર કરવા માટે ખારેક એક ઉત્તમ આયુર્વેદિક ફળ છે. ખારેક જેવા વિવિધ પાકોની ખેતી ખેડૂતો પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી કરી રહ્યા છે. અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના શાપર ગામના સંજયભાઈ સુદાણીએ બારાહી ખારેકની ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવી છે.

સંજયભાઈએ પ્રાકૃતિક ખેતીના અનુભવ વિશે જણાવ્યું કે, હું પરંપરાગત ખેતી કરતો હતો પરંતુ ઉત્પાદનની સરખામણીમાં ખર્ચ વધુ થતો હતો. કચ્છ ખાતે ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી કરતા કેટલાક ખેડૂતોની મુલાકાત લઈ, માર્ગદર્શન પ્રાપ્ત કરી વર્ષ-૨૦૧૯માં ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ અપનાવી. ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ થકી જમીનની ફળદ્રુપતા વધી છે. તેઓએ ૭ વીઘા જમીનમાં બારાહી ખારેકના ૧૨૫ માદા અને ૫ નર સહિત ૧૩૦ રોપાનું વાવેતર કર્યું



હતું. વિવિધ યોજનાઓ અન્વયે તેમને ૧૨૫ બારાહી પ્લાન્ટ્સ માટે રૂ.૧,૫૬,૨૫૦ની સહાય પ્રાપ્ત થઈ છે. આ સહાયની મદદથી જ બારાહી ખારેકના રોપાનું વાવેતર શક્ય બન્યું. તેમની પાસે હાલમાં ૩ દેશી ગાય છે. આ દેશી ગાયનાં છાણ, ગૌમૂત્ર, દેશી ગોળ, બેસન, પાણી સહિતના મિશ્રણથી જીવામૃત તૈયાર કરે છે. દર ૩૦ દિવસે જીવામૃત બારાહી ખારેકને આપવામાં આવે છે. ખારેકનું ઉત્પાદન પણ મબલખ થઈ રહ્યું છે. ગૌ આધારિત પ્રાકૃતિક ખેતીના માધ્યમથી ઉત્પાદિત પાકની બજારમાં માંગ પણ રહે છે અને આવકમાં વધારો થાય છે.

સમયની માંગ અનુસાર સૌ ખેડૂતો ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવે તે જરૂરી છે. પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવા ખેડૂતોને કૃષિ માટે સહાય આપવામાં આવે છે, જે બદલ રાજ્ય સરકારનો તેમણે આભાર વ્યક્ત કર્યો હતો.



## શાળાઓના પ્રવાસમાં બે ગણવેશધારી પોલીસકર્મીઓની હાજરી ફરજિયાત

**નિર્ણય :** દેશના વડાપ્રધાનશ્રીની અધ્યક્ષતામાં યોજાયેલી ડીજીપી-આઇજીપી કૉન્ફરન્સ-2024 દરમિયાન વડાપ્રધાનમંત્રીશ્રી અને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીનાં સૂચનોને આધારે રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયે મહત્ત્વનો નિર્ણય કર્યો છે. હવેથી રાજ્યની તમામ શાળાઓ (સરકારી, અર્ધસરકારી, ખાનગી) દ્વારા વિદ્યાર્થીઓ માટે આયોજિત થતા પ્રવાસ, ટૂર, પિકનિક કે મુલાકાત જેવા કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓની સુરક્ષા-સલામતી સુનિશ્ચિત કરવા બે ગણવેશધારી પોલીસકર્મીઓની હાજરી ફરજિયાત કરવામાં આવી છે. જો પ્રવાસમાં વિદ્યાર્થિનીઓ સામેલ હોય, તો મહિલા પોલીસકર્મીઓને સાથે રાખવા નિર્દેશ આપવામાં આવ્યો છે. આ કામગીરી માટે શાળાના આચાર્યશ્રીઓએ સ્થાનિક પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવાનો રહેશે.

## માહિતી અધિકાર અધિનિયમ - હેઠળ પાંચ પાનાંની માહિતી નિ:શુલ્ક મળશે

**નિર્ણય :** માહિતી આધિકાર અધિનિયમ-૨૦૦૫ના અમલ માટે પાંચ પાનાંની માહિતી વિનામૂલ્યે આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જાહેર વહીવટમાં પારદર્શિતા તથા ઉત્તરદાયિત્વ આવે તેવા ઉમદા આશયથી અમલમાં મૂકવામાં આવેલા માહિતી અધિકાર અધિનિયમ-2005ના અસરકાર, સુચારુ અમલ માટે સૂચનાઓ બહાર પાડવામાં આવી છે.

**સૂચનાઓ :** ૧. સરકારી રેકર્ડને યથાયોગ્ય રીતે વર્ગીકૃત કરીને તેની અનુક્રમણિકા સાથે જાળવણી કરી તેને યોગ્ય રીતે વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવું.

૨. પાંચ પાનાં સુધીની માહિતી વિનામૂલ્યે આપવી.

૩. ઇ-મેલથી/ઓનલાઇન માહિતી માંગવામાં આવે ત્યારે ફોટો પાડીને માહિતી મોકલી આપવી, ત્યારબાદ તેનેતે માહિતી ભૌતિક સ્વરૂપે મોકલી આપવાની રહેશે નહીં.

૪. અરજદારને રેકર્ડના સ્વનિરીક્ષણ માટે બોલાવવામાં આવે ત્યારે માત્ર આપવાપાત્ર માહિતીનો ફોટો પાડવાની તથા પોર્ટેબલ સ્ટોરેઝ ડિવાઇસમાં લઈ જવાની મંજૂરી આપવી, ત્યારબાદ તે માહિતીને ભૌતિક સ્વરૂપે મોકલી આપવાની રહેશે નહીં.

નમૂના-ક-ની અરજી, જાહેર માહિતી અધિકારી દ્વારા રજૂ કરવામાં આવેલ વિગતો તથા પ્રથમ અપીલની વિગતો ધ્યાને લઈને પ્રથમ અપીલનો વિગતદર્શક હુકમ (Speaking Order) કરવામાં આવે તથા તે હુકમનું જાહેર માહિતી અધિકારી દ્વારા પાલન કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા તમામ પ્રથમ અપીલ અધિકારીશ્રીઓને સૂચના આપવામાં આવેલ છે.

## GCMMF તેમજ દૂધ ઉત્પાદક સંઘમાં પારદર્શિતા લવાશે

**નિર્ણય :** રાજ્ય સરકાર દ્વારા ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન-GCMMF અને જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘમાં વધુ પારદર્શિતા લાવવા માટે એક મહત્ત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે.

**આવશ્યકતા :** આ ફેડરેશન-દૂધ ઉત્પાદક સંઘના ટર્ન ઓવરમાં સતત વધારો થતાં તેમજ અન્ય વહીવટી કારણોસર નિયત નમૂનામાં ફેરફાર કરવા અતિ આવશ્યક જણાતાં, ખાતાના નિવૃત્ત અધિકારીશ્રીઓ અને સી.એ ફર્મના સૂચનો મેળવી વહીવટી અને નાણાકીય હિસાબ તપાસણી યાદીના નવીન નમૂના તૈયાર કરવામાં આવ્યા.

**ફાયદા :** નવીન નમૂના લાગુ કરવાથી ફેડરેશન-દૂધ ઉત્પાદક સંઘ તેમજ સભાસદોને અનેક ફાયદા થશે. આ દૂધ ઉત્પાદક સંઘમાં સભાસદ તથા બિન-સભાસદ મંડળી, વાર્ષિક સાધારણ સભા સહિતની વિગતો મળી શકશે.

- સાતત્યતા, પારદર્શિતા તેમજ સંસ્થાઓની સાચી વહીવટી-નાણાકીય પરિસ્થિતિનો અંદાજ મળશે.
- આ ઉપરાંત ફેડરેશન-દૂધ ઉત્પાદક સંઘની પ્રોજેક્ટ પૉલિસી તેમજ સંસ્થાની કામગીરીની વિગતો મળશે.
- ફેડરેશન-દૂધ ઉત્પાદક સંઘના હિસાબ તપાસણી યાદીના નવીન નમૂનાની મદદથી સંસ્થાના પ્લાન્ટ અને તેના ઉપયોગની માહિતી મળશે.
- લેબર કોન્ટ્રાક્ટના કરાર, સંસ્થામાં થતા ટ્રાન્સપોર્ટ કરાર, દૂધ સિવાયના ખર્ચ-ખરીદી, સ્થાયી મિલકત, અમલીકરણ થતાં પ્રોજેક્ટ તેમજ સંસ્થાના સરવૈયા અને નફા નુકસાન ખાતાના ગુણોત્તરો અંગેની તમામ વિગતો મેળવી શકાશે.
- નવીન ઓડિટ રિપોર્ટથી ગુજરાતના દૂધ સહકારી સંઘોના ઓડિટમાં પારદર્શિતા અને ચોકસાઇ વધશે. આ પગલું પશુપાલકોના હિતમાં અતિ મહત્ત્વનું સાબિત થશે.

## નગરપાલિકાઓના રોડ રિપેરિંગ - રિસરફેસિંગની કામગીરી માટે અગત્યનો નિર્ણય

**નિર્ણય :** મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ચોમાસા દરમિયાન ભારે વરસાદને કારણે રાજ્યના શહેરી વિસ્તારોના રસ્તાઓને નુકસાન થાય તો રિસરફેસ અને રિપેરિંગની કામગીરી શરૂ થઈ શકે તે માટે મુખ્યમંત્રી શહેરી વિકાસ અને મુખ્યમંત્રી શહેરી સડક યોજનામાંથી રાજ્યની ૧૪૯ નાગરપાલિકાઓને કુલ ૧૦૭ કરોડ રૂપિયાની ગ્રાન્ટ ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

**ફાળવણી :** રાજ્યની 149 નગરપાલિકાઓમાંથી ‘અ’ વર્ગની 37 નગરપાલિકાઓને પ્રત્યેકને 1 કરોડ, ‘બ’ વર્ગની 34 નગરપાલિકાઓને દરેકને 80 લાખ, ‘ક’ વર્ગની 61 નગરપાલિકાઓને નગરપાલિકાદીઠ 60 લાખ અને ‘ડ’ વર્ગની 17 નગરપાલિકાઓને પ્રતિ નગરપાલિકા 40 લાખ પ્રમાણે કુલ મળીને 107 કરોડ રૂપિયાની ગ્રાન્ટ મુખ્યમંત્રી શહેરી સડક યોજનામાંથી ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન દ્વારા નગરપાલિકાઓને ફાળવવાનો નિર્ણય કરવામાં આવ્યો.

## શહેરી વિકાસ વર્ષ 2025માં રૂ. 1700 કરોડથી વધુનાં કામોની સૈદ્ધાંતિક મંજૂરી

**નિર્ણય :** મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શહેરી વિકાસ વર્ષ 2025ની ઉજવણી અંતર્ગત 6 નવરચિત મહાનગર પાલિકાઓ, 5 નગરપાલિકાઓમાં વિકાસ કામો માટે એક સાથે એક જ દિવસમાં 1700.57 કરોડ રૂપિયાથી વધુનાં કામોની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

**મંજૂરી :** • અમદાવાદ મહાનગર પાલિકાને 546 કરોડ, ગાંધીનગરને 32 કરોડ તેમજ નવરચિત મહાનગર પાલિકાઓમાં આણંદ 148 કરોડ, મોરબી 270.08 કરોડ, સુરેન્દ્રનગર 257.60 કરોડ, નડિયાદ 71.91 કરોડ તથા વાપી 251.91 કરોડ અને નવસારીને 90.35 કરોડ રૂપિયાના લાભ મળશે. નગરપાલિકાઓમાં વડનગરને 16.37 કરોડ, હિંમતનગરને 7.33 કરોડ, સિદ્ધપુરને 3.74 કરોડ, હળવદને 4.02 કરોડ અને ભરૂચને રૂ.85.52 લાખનાં વિકાસકાર્યો કરવાની તક પ્રાપ્ત થશે.

• ૬ નવનિર્માણ પામેલી મહાનગરપાલિકાઓની સ્ટ્રીટલાઇટ, સોલાર સુવિધા, સિટી બ્યુટીફિકેશન, ડેવલપમેન્ટ ઓફ પબ્લિક ગાર્ડન, ડ્રેનેજ, ટ્રાફિક સર્કલ, રેઇન વોટર હાર્વેસ્ટિંગ, સ્ટોર્મ વોટર ડ્રેનેજ લાઇન, સિટી સિવિક સેન્ટર, ફાયર ઉપકરણો વગેરે જેવી આંતરમાળખાકીય સુવિધાના 247 જેટલા માટે 676.28 કરોડ રૂપિયાની મંજૂરી આપી છે.

• આણંદ, સુરેન્દ્રનગર, વાપી અને મોરબીની નવરચિત મહાનગર પાલિકાઓ તેમજ અમદાવાદ અને ગાંધીનગર મહાનગર પાલિકાના રોડ નવીનીકરણ, રિસરફેસિંગ, વ્હાઇટ ટોપિંગ તથા 60 ફૂટથી મોટા માર્ગોના રિપેરિંગ જેવા કાર્ય માટે 652.78 કરોડ રૂપિયાનાં કામોની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

• ફિલ્ટર પ્લાન્ટ રિપેરિંગ, રોડ-રસ્તા, ગટર અને સ્ટોર્મ ડ્રેન તથા પાણીની સુવિધા જેવા મૂળભૂત માળખાકીય સુવિધાના કામો માટે 191.91 કરોડનાં કામો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સુરેન્દ્રનગર, વાપી અને આણંદની મહાનગર પાલિકાઓ માટે મંજૂર કર્યાં છે.

• આણંદ અને સુરેન્દ્રનગર મહાનગરપાલિકાઓને આઇકોનિક રોડના નિર્માણ માટે 31 કરોડ રૂપિયા તથા ખાનગી સોસાયટી જનભાગીદારી યોજના હેઠળ ભરૂચ નગરપાલિકા વિસ્તારની સોસાયટીઓમાં કોમન પ્લોટ પેવર બ્લોકનાં કામો માટે 85.52 લાખ રૂપિયાનાં કામોની અનુમતિ આપી છે.

• પીવાના પાણીની સુવિધા સરળતાએ ઉપલબ્ધ કરાવવા સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી પાણી પુરવઠાનાં કામો માટે હિંમતનગર, સિદ્ધપુર અને તથા મોરબીની પાલિકાઓને કુલ 67.35 કરોડ મંજૂર કર્યા છે.

• આઉટગ્રોથ વિસ્તારોમાં પીવાના પાણીની લાઇન, ભૂગર્ભ ગટર, ડામર રોડ, સીસી રોડ, ફાયરસ્ટેશન નિર્માણ જેવાં કામો માટે મોરબી અને વાપી તથા હળવદની પાલિકાઓને કુલ મળીને 64.02 કરોડ રૂપિયાના કામોની મંજૂરી આપવામાં આવી છે.

• સુરેન્દ્રનગર મહાનગરપાલિકાને અપાયેલા ૨૫૭.૬૦ કરોડ રૂપિયામાંથી સ્ટ્રીટલાઇટ, સોલાર સુવિધા, સિટી બ્યુટીફિકેશન, ડેવલપમેન્ટ ઓફ પબ્લિક ગાર્ડન, ડ્રેનેજ, ટ્રાફિક સર્કલ, રેન વોટર હાર્વેસ્ટિંગ, સ્ટોર્મ વોટર ડ્રેનેજ લાઇન, સિટી સિવિક સેન્ટર, ફાયર ઉપકરણો વગેરે જેવી આંતરમાળખાકીય સુવિધા ઉપલબ્ધ થશે.

# શબ્દરમત

**અરુણા ડાવરા**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ના | લ | કું | પ | તં | જ | લિ | જી | સ્વા |
| ભી | વૃ | ભ | ર્વ | ત | જૌ | હ | અ | સ્થ્ય |
| ત્રા | ટ | ક | તા | ન્ય | ફૃ | ઠ | ષ્ટાં | મ |
| શૂ | દ | બ | સ | ગ્રી | ન | યો | ગ | ણિ |
| ન્ય | ર્ષ | જિ | ન | જો | ત્રૂ | ગ | યો | પુ |
| મુ | ગો | યા | ય | મ | ના | પ્ર | કા | ર |
| દ્રા | પ | ત | શ્રી | કૃ | ષ્ણ | દિ | સ | હ |
| છો | આ | છો | વા | દ | ળી | પિ | છ | ઠ્ઠો |
| ત્રિ | દો | ષ | યુ | જ્ | લો | કા | થૂ | સ્ટ્ર |

1. શ્રીમદ્ ભગવદ્ ગીતાનો કયો અધ્યાય ધ્યાનયોગનું વિસ્તૃત જ્ઞાન આપે છે?
2. શ્રી કૃષ્ણે કઈ યોગ પદ્ધતિને મન અને ઇન્દ્રિયોને વશ કરવા માટેનું સાધન બતાવ્યું છે?
3. સંસ્કૃત ભાષાની કઈ ધાતુમાંથી 'યોગ' શબ્દ ઉદ્ભવ્યો છે?
4. યોગની "મનની વૃત્તિઓનો નિરોધ એટલે યોગ" આ વ્યાખ્યા કોણે આપી છે?
5. આયુર્વેદ મુજબ શરીરના રોગોનું મૂળ કારણ શું છે?
6. 'યોગઃ કર્મસુ કૌશલમ્'નો ઉપદેશ કોણે આપેલો છે?
7. કર્ણપીડા, દાંતના રોગ, હૃદયરોગ તેમજ ગળાના રોગમાં કઈ હસ્તમુદ્રાથી લાભ થાય છે?
8. ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા યોગ સાથે વૃક્ષારોપણ અને પર્યાવરણ સંરક્ષણ માટે કયા કાર્યક્રમની ઉજવણી કરવામાં આવશે?
9. વિશુદ્ધિ ચક્રનો રંગ કયો છે?
10. પર્વતાસન ક્યાં ચક્રની સક્રિયતા વધારે છે?
11. અષ્ટાંગ યોગ મુજબ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ શું છે?
12. મુદ્રા વિજ્ઞાન અનુસાર હાથની પહેલી આંગળી એટલે કે તર્જની કયા તત્ત્વ સાથે સંકળાયેલી છે?
13. 11મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની થીમ 'એક વિશ્વ એક ...... માટે યોગ
14. અત્યાહાર, પ્રજલ્પ, પ્રયાસ, નિયમનિગ્રહ, જનસંગ અને લૌલ્ય, યોગ માર્ગના આ છ બાધક તત્ત્વોનો ઉલ્લેખ કયા ગ્રંથમાં છે?
15. ધનુરાસન, તોલાંગુલાસન, જાનુશિરાસન, હલાસન, મયૂરાસન, મત્સ્યાસન અને પાદહસ્તાસન ક્યાં રોગને દૂર કરવા ઉપયોગી છે?
16. 'ૐ ખગાય નમઃ' મંત્ર સૂર્ય નમસ્કારના કયા આસન સાથે સંકળાયેલો છે?
17. 'કોઈ વસ્તુને સ્થિર દ્રષ્ટિથી જોવું' તેને ષટ્કર્મ અનુસાર શું કહેવાય?
18. શરીર, મન અને પ્રાણના આરોગ્યને જાળવવા માટે યોગીઓએ ..... ના પ્રયોગ કર્યા હતા.

જવાબ 1. છઠ્ઠો, 2. અષ્ટાંગ, 3. યુજ્, 4. પતંજલિ, 5. ત્રિદોષ, 6. શ્રીકૃષ્ણ, 7. શૂન્ય મુદ્રા, 8. ગ્રીન યોગ, 9. આછો વાદળી, 10. મણિપુર, 11. યમના પ્રકાર, 12. વાયુ, 13. સ્વાસ્થ્ય, 14. હઠ યોગ પ્રદિપિકા, 15. કબજિયાત, 16. પર્વતાસન, 17. ત્રાટક, 18. મુદ્રા

# વર્ષામાં વાયુથી સાવચેત રહો

**વૈદ્ય મહેશ અખાણી**

આખા વર્ષમાં સૌથી વધુ વાયુનો પ્રકોપ વર્ષામાં, પિત્તનો પ્રકોપ શરદમાં અને કફનો પ્રકોપ વસંતઋતુમાં થાય છે. બધામાં વાયુ જ સૌથી વધુ બળવાન છે. તંદુરસ્તી કે બીમારીમાં, ચેપી કે અશક્તિના રોગોમાં, શારીરિક કે માનસિક રોગોમાં, બધામાં વાયુ જ મુખ્ય કારણભૂત છે. તેથી વર્ષાઋતુ શરૂ થાય તે પહેલાંથી જ વાયુને નાથવાની તૈયારી શરૂ કરી દેવી જોઈએ.



- વ્યાયામ, ઉજાગરા કે ઉપવાસથી વાયુ વધે છે તેથી વર્ષાઋતુમાં સંયમની વધુ જરૂર છે. મળ- મૂત્ર- અપાનવાયુનો વેગ રોકવાથી વાયુ વધે છે.
- અતિ સર્વત્ર વર્જયેત્. કોઈપણ પ્રવૃત્તિ, શક્તિ કરતાં વધુ થાય એટલે ધાતુ ઘટે, અશક્તિ આવે અને વાયુ વધે. સંયમ દ્વારા વાયુનું શમન ઉત્તમ થાય. આહાર હોય કે વિહાર હોય તેનું સેવન હંમેશાં પ્રમાણસર હોય તેને સંયમ કહેવાય.
- વર્ષાઋતુમાં પાચન નબળું પડે તેથી તાવ, શરદી, ઝાડાના દર્દ વિશેષ થવાનાં. ઠંડું પાણી કે પીણાનું સેવન, ઉજાગરા અને રાત્રી ભોજન બંધ કરવું જોઈએ. આદું અને સૂંઠના સેવનથી ભૂખ લાગશે, પાચન સુધરશે, ઝાડા, શરદી મટશે. સૂંઠ અને ધાણાનું ઉકાળેલું પાણી પીવાથી તાવ આવશે નહિ. વર્ષામાં અગ્નિ પ્રજ્વલિત રહેવો જોઈએ તે જ વર્ષાની ભક્તિ છે. ગીતામાં કહ્યું છે, હું પ્રત્યેકના શરીરમાં અગ્નિ સ્વરૂપે રહેલો છું.
- વાયુનું શમન માલિસથી અને લસણથી થાય. શરીરે માલિસ અને આહારમાં ઘી સાથે લસણનો ઉપયોગ થાય, લસણથી તૈયાર કરેલ મગનો ઉપયોગ વધુ થાય તો વાયુનું શમન થાય, પાચન સરળતાથી થાય, શરીર હલકું રહે તેથી વર્ષાઋતુના રોગો થાય નહિ, શરીર સ્વસ્થ રહે.

# ગુજરાત પાક્ષિક ક્વિઝ

- મૃગેશ એસ. દવે

૧. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરાવેલા 'ગ્રીન વોલ ઓફ અરવલ્લી પ્રોજેક્ટ' અંતર્ગત ગુજરાતના ૭ જિલ્લાઓમાં નીચેનામાંથી કયા જિલ્લાઓનો સમાવેશ થાય છે?
૧. બનાસકાંઠા ૨. મહીસાગર ૩. મહેસાણા ૪. દાહોદ ૫. પંચમહાલ
(A) ૧, ૨, ૪, ૫ (B) ૨, ૩, ૪, ૫
(C) ૧, ૨, ૫ (D) આપેલા તમામ

૨. 'એક પેડ માં કે નામ' અભિયાનમાં ૧૭.૪૮ કરોડ રોપાના વાવેતર સાથે ગુજરાતનો ભારતમાં ક્રમ કયો છે?
(A) પહેલો (B) બીજો (C) ત્રીજો (D) ચોથો

૩. વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે માનનીય મુખ્યમંત્રીશ્રીએ નીચેનામાંથી કયા સ્થળે પ્લાસ્ટિક ઉદ્યોગો માટે નવનિર્મિત કોમન ઇન્ફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું વર્ચ્યુઅલી લોકાર્પણ કર્યું?
(A) હાલોલ (B) વાપી (C) ભરૂચ (D) મોરબી

૪. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) દ્વારા કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર.પાટીલના અધ્યક્ષસ્થાને 'એન્વાયરમેન્ટ કોન્કલેવ-૨૦૨૫'નું આયોજન કયા થયું હતું?
(A) દાંતેજ, નવસારી (B) આંબલી, અમદાવાદ
(C) નખત્રાણા, કચ્છ (D) સરસાણા, સુરત

૫. ૨૪ માળ જેટલી ઊંચાઈએ પાણી પમ્પ થાય તેવું એશિયાનું સૌથી મોટું પમ્પિંગ સ્ટેશન નીચેનામાંથી કયા જિલ્લામાં આવેલું છે?
(A) સુરત (B) પાટણ (C) સુરેન્દ્રનગર (D) મહીસાગર

૬. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નીચેનામાંથી કયા મહાનુભાવની ૩૦૦મી જન્મજયંતી નિમિત્તે સ્મારક ટપાલ ટીકીટ અને રૂ.૩૦૦ નો ખાસ સિક્કો બહાર પાડ્યો છે?
(A) સાવિત્રીબાઇ ફૂલે (B) દેવી અહિલ્યાબાઇ હોલકર
(C) રાણી દૂર્ગાવતી (D) સર ટી. માધવરાવ

૭. મુખ્યમંત્રીશ્રીએ ભૂપેન્દ્રભાઇ પટેલે નીચેનામાંથી કયા દેશના પ્રતિનિધિ સાથે વિવિધ ક્ષેત્રે રોકાણોને પ્રોત્સાહિત કરવા ઇન્વેસ્ટર્સ ફેસિલિટેશન મિકેનિઝમ અંતર્ગત બેઠક યોજી હતી?
(A) સ્વીડન (B) નેધરલેન્ડ (C) સિંગાપોર (D) ઓમાન

૮. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે નીચેનામાંથી કઇ કંપનીના નવા ડેવલપમેન્ટ સેન્ટરનો ગિફ્ટ સિટી ખાતે પ્રારંભ કરાવ્યો હતો?
(A) HCL (B) TCS (C) વીપ્રો (D) ઇન્ફોસિસ

૯. મુખ્યમંત્રીશ્રીએ તમામ જિલ્લાની ફરિયાદ સહ સંકલન સમિતિમાં ઉપસ્થિત રહેવાની નવી કાર્ય પ્રણાલીની શરૂઆત નીચેનામાંથી કયા જિલ્લાથી કરી છે?
(A) ગાંધીનગર (B) અમદાવાદ
(C) જામનગર (D) ગીર સોમનાથ

૧૦. 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-૨૦૨૫'ની ઉજવણીના ભાગરૂપે નીચેનામાંથી કયા જિલ્લામાં યોજાયેલ નિઃશુલ્ક યોગ શિબિર – કોમન યોગ પ્રોટોકોલ પ્રશિક્ષણ'નો લાભ ૧૫૦૦૦ લોકોએ લીધો?
(A) અમદાવાદ (B) સુરત
(C) વડોદરા (D) ભાવનગર

૧૧. 30 મે,2025 ના રોજ નળસરોવરમાં જોવા મળેલ દુર્લભ સબાઇન ગલ પક્ષી બાબતે નીચેનામાંથી કયા વિધાન સત્ય છે?
૧. તે પીળી ટોચ સાથે કાળી ચાંચ અને ખાંચવાળી પૂંછડી ધરાવતા માત્ર બે ગલ પ્રજાતિમાંનું એક છે. ૨. મૂળ આર્કટિક ક્ષેત્રનું આ પક્ષી પ્રથમવાર ભારતમાં જોવા મળ્યું છે.
(A) માત્ર ૧ (B) માત્ર ૨ (C) ૧ અને ૨ (D) એક પણ નહિ

૧૨. ગ્લોબલ પ્લાસ્ટિક ટ્રીટી નીચેનામાંથી કઈ સંસ્થા દ્વારા જાહેર કરવામાં આવેલ પહેલ છે?
(A) UNEP (B) IPCC
(C) UNFCCC (D) ઉપરોક્ત તમામ સંસ્થાઓના સહયોગથી

૧૩. વિશ્વ પર્યાવરણ દિવસ 2025 ના રોજ માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરના કયા સ્થળે માતૃવન વનકવચના નિર્માણનો પ્રારંભ કરાવ્યો?
(A) રાજભવન (B) મહાત્મા મંદિર
(C) ગિફ્ટ સિટી (D) સચિવાલય સંકુલ

૧૪. જનભાગીદારીથી પ્લાસ્ટિક કચરા વ્યવસ્થાપનના 5R સિદ્ધાંતમાં નીચેનામાંથી શેનો સમાવેશ થતો નથી?
(A) રિસાઇકલ (B) રિથિન્ક (C) રિપેર (D) રિડ્યુઝ

૧૫. ગુજરાતની પ્રથમ બાયોડાયવર્સિટી હેરિટેજ સાઇટ ગુનેરી ઇનલેન્ડ મેન્ગ્રોવ કચ્છના કયા તાલુકામાં આવેલી છે?
(A) ભૂજ (B) ગાંધીધામ (C) લખપત (D) રાપર

૧૬. સરદાર વલ્લભભાઈ પટેલના નેતૃત્વમાં લડાયેલ બારડોલી સત્યાગ્રહની યાદમાં નીચેનામાંથી કયા દિવસને બારડોલી દિવસ તરીકે ઉજવવામાં આવે છે?
(A) 6 જૂન (B) 8 જૂન (C) 12 જૂન (D) 15 જૂન

૧૭. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભારે વરસાદને કારણે રાજ્યના શહેરી વિસ્તારોના રસ્તાઓને થતા નુકસાનને પહોંચી વળવા ૧૬૯ નગરપાલિકાઓને કેટલી ગ્રાન્ટ ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે?
(A) રૂ. ૧૦૫ કરોડ (B) રૂ. ૧૦૭ કરોડ
(C) રૂ. ૧૦૦ કરોડ (D) રૂ. ૧૦૨ કરોડ

૧૮. આધારકાર્ડ સંબંધિત કોઇ પણ માહિતી મેળવવા માટે માય આધાર પોર્ટલનો ટોલ ફ્રી નંબર કયો છે?
(A) ૧૯૫૦ (B) ૧૯૪૫ (C) ૧૯૪૨ (D) ૧૯૪૭

૧૯. જળશક્તિ અભિયાન : કેચ ધ રેઇન – ૨૦૨૫ અભિયાન અંતર્ગત જળસંચય જનભાગીદારી નેમ સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નીચેનામાંથી કયા જિલ્લાથી રિચાર્જ કૂવા નિર્માણનો શુભારંભ કરાવ્યો?
(A) કચ્છ (B) પાટણ (C) બનાસકાંઠા (D) મહેસાણા

૨૦. વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદમાં વૃક્ષારોપણ કરીને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના 'મિશન ..... મિલિયન ટ્રીઝ' અભિયાનનો શુભારંભ કરાવ્યો હતો.
(A) વન (1) (B) ટુ (2) (C) થ્રી (3) (D) ફોર (4)

**જવાબ:** 1 (D), 2 (B), 3 (A), 4 (D), 5 (C), 6 (B), 7 (A), 8 (D), 9 (C), 10 (A), 11 (A), 12 (A), 13 (D), 14 (B), 15 (C), 16 (C), 17 (B), 18 (D), 19 (C), 20 (D)

*ગુજરાત ક્વિઝ અંગે આપના પ્રતિભાવ gujaratmagazine@gmail.com પર મોકલવા વિનંતી છે.*

## પગારમાંથી દર મહિને રૂ. ૧૫,૦૦૦ અલગથી સેવાકીય કાર્યો માટે

# ૪૨ સંતાનોની ''યશોદા મા''ની ફૂલવાડી

જિજ્ઞેશ સોલંકી

'મારા પગારમાંથી હું દર મહિને રૂ. ૧૫,૦૦૦ સેવા કાર્ય માટે અલગથી રાખું છું. માનવતાથી મોટો બીજો કોઈ ધર્મ નથી. જરૂરિયાતમંદોને પૈસા આપવા કરતાં જરૂરી વસ્તુ ખરીદી આપીએ તો તેનો સદુપયોગ થાય છે.' આ શબ્દો છે વલસાડ તાલુકાના ચણવઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઑફિસર ડૉ. રાધિકાબેન ટીક્કુના. જેઓ ખરા અર્થમાં "માનવ સેવા એ જ પ્રભુસેવા"નું ઉત્તમ દૃષ્ટાંત ચરિતાર્થ કરી રહ્યાં છે.

ગરીબ પરિવારનાં જરૂરિયાતમંદ દીકરા-દીકરીઓ આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે પગભર થાય તે માટે નિઃસ્વાર્થભાવે સેવાની સરવાણી વહેડાવનાર ડૉ.રાધિકા ટીક્કુ વલસાડનાં ગામડાં તેમજ અંતરિયાળ વિસ્તારોમાં જરૂરિયાતમંદ પરિવાર અને દર્દીઓ માટે આશાનું કિરણ છે.

વર્ગ – ૧ ના મેડિકલ ઑફિસર તરીકે વર્ષ ૧૯૯૬થી કાર્યરત ડૉ.રાધિકાબેન ટીક્કુ જણાવે છે કે, હું વર્ષ ૨૦૧૭માં ગોરગામ પીએચસીમાં ફરજ પર હતી ત્યારે સગર્ભા માતાની વિઝિટ માટે ફૂલવાડી ગામ ગઈ. ત્યાં ગરીબ પરિવારોની હાલત જોઈ મારું હૈયું દ્રવી ઊઠ્યું તેઓના ભવિષ્યની ચિંતા થતાં શરૂઆતમાં ૫-૧૦ બાળકોને દત્તક લીધાં, આજે ૪૨ બાળકોને દત્તક લઈ તેઓના વિકાસ માટે શૈક્ષણિક અને રમતગમત માટે જરૂરી સાધનસામગ્રી સમયાંતરે ખરીદી આપું છું. જાહેર રજાના દિવસે આ બાળકોને "મસ્તી કી પાઠશાળા" હેઠળ ભણાવું છુ, સાથે રમું પણ છું. વર્ષમાં બે વાર સ્વખર્ચે શૈક્ષણિક પ્રવાસ અને ખાનગી સ્કૂલોમાં વાર્ષિકોત્સવ મનાવવાનો ટ્રેન્ડ છે તે મુજબ ફૂલવાડી ગામમાં દર વર્ષે વાર્ષિકોત્સવ ઊજવું છું. ડ્રોપઆઉટ છોકરીઓને સીવણ મશીન આપી આર્થિક રીતે પગભર બનાવવામાં મદદરૂપ થઉં છું. ફૂલવાડી ગામનાં બાળકો અને વાલીઓ સ્વચ્છતાના પાઠ ભણે તે માટે વાંસમાં કોતરણી કામ કરી આકર્ષક ફેન્સિંગ પણ દરેકના ઘરઆંગણે કરાવી છે. વાંચનનો શોખ કેળવાય તે માટે ગામડાઓમાં બાળકોને ફ્રીમાં લાઇબ્રેરી પણ બનાવી આપી છે.



તેમની સેવાની મહેક નવસારી જિલ્લામાં પણ પ્રસરી છે. નવસારીના ઠક્કરબાપા આશ્રમમાં રહેતા ૫૧ વિદ્યાર્થીને દાતાઓની મદદથી ૫૧ સાઇકલ ભેટસ્વરૂપે આપી હતી. સિકલસેલના ૧૫ દર્દીઓને પોતાના પગારમાંથી ઘી-ગોળ અને ગ્રીન વેજિટેબલ સહિતની પોષણ કિટ અને સાથે રાખવાની દવા,પાણીની બોટલ અને નેપ્કિન સહિતની કિટ પણ ખરીદી આપે છે. ટીબીના દર્દીઓને સ્વખર્ચે તાંબાના કળશ અને પ્રોટીન માટે ચણા રાખવાના સ્ટીલના ડબ્બા પણ વિનામૂલ્યે આપ્યા છે. આ ઉપરાંત તેઓ મહિલા સશકતીકરણ માટે 'મધુશાલા પ્રોજેક્ટ' તેમજ 'સખી મંગલા પ્રોજેક્ટ' ચલાવે છે. આવાં નારી રત્નને વંદન.





Scan the QR and stay safe

# સાવધાન..!
# ફેક લેટર સ્કેમથી બચો..!

વિપુલ ચૌહાણ

આજના ડિજિટલ યુગમાં સાયબર ક્રાઇમના નવા-નવા રૂપ સામે આવી રહ્યા છે ત્યારે એવો જ એક સ્કેમ ચાલી રહ્યો છે 'ફેક લેટર સ્કેમ'. જેમાં સાયબર ભેજાબાજો લોકોને બનાવટી લેટર મોકલીને ટ્રેપમાં ફસાવી લાખો રૂપિયા પડાવી લે છે.

એક ઇ-મેલ આવે, જેમાં સરકારના કોઇ એક વિભાગના લેટરની નકલ કરી ફેક લેટર બનવવામાં આવ્યો હોય છે. લેટરમાં અલગ અલગ મોડસ ઓપરેન્ડીનો ઉપયોગ કરી ઠગાઈ માટે ટ્રેપ ગોઠવવામાં આવી શકે છે. જેમાં લોટરીમાં લાખો રૂપિયા જીત્યા હોવાનો લેટર પણ હોઈ શકે છે કે નોકરીની ઓફર, વર્ક પરમિટ, કોઇ ચેરિટી સંસ્થાના નામે અથવા કોઈ નકલી ચેરિટીના નામે દાનની વિનંતી કરતો લેટર પણ હોઇ શકે છે. આ ફેક લેટરમાં સરકારી લોગો, મોટી કંપનીનું નામ અને ઓફિશિયલ દેખાય તેવા સહી સિક્કા પણ મારેલા હોય છે.

આવા જ એક ફેક લેટર સ્કેમને સમજીએ. રમેશભાઇને રૂ.૫૦ લાખની લોટરી જીત્યાનો મેલ એટેચ કરેલા લેટરમાં મળ્યો. રૂ.૫૦ લાખની લોટરી ક્લેઇમ કરવાની પ્રોસેસ જાણી તો કહ્યું કે લોટરીના પૈસા લેવા માટે રૂ. 50,000 ટેક્સ અને પ્રોસેસિંગ ફી ભરવાં પડશે, પછી જ લોટરીના પૈસા મળશે.

રમેશભાઈએ ઉતાવળમાં ફી ભરવાનું વિચાર્યું, પણ તેમના દીકરાએ લેટરની ખરાઈ કરી તો ખબર પડી કે આ તો સ્કેમ હતો..! ઠગે બનાવટી પત્ર મોકલી ફસાવવાનો પ્લાન બનાવ્યો હતો.

આ સ્કેમમાં ઠગ ઇ-મેલ કે વોટ્સએપ દ્વારા બનાવટી લેટર મોકલી લોટરી, ઇનામ, નોકરીની ઓફર કે સરકારી નોટિસનો દાવો કરે છે. તેમાં પૈસા, બેંક ડિટેલ્સ કે ઓટીપી માંગવામાં આવે છે.

**અજાણ્યા લેટર પર ભરોસો ન કરો:** જો તમે લોટરીમાં ભાગ ન લીધો હોય, તો જીતવાનો સવાલ જ નથી.

**વેરીફાઇ કરો:** લેટરમાં આપેલા ફોન નંબર, ઇ-મેલ કે વેબસાઇટને વેરીફાઇ કરો.

**પૈસા ન ભરો:** કોઈ પણ ઇનામ મેળવવા માટે પૈસા ભરવાની જરૂર નથી.

**સાયબર હેલ્પલાઈન:** શંકા હોય તો 1930 પર ફોન કરો અથવા cybercrime.gov.in પર ફરિયાદ નોંધાવો.

મોટા ભાગના ફેક લેટર સ્કેમમાં કેટલીક સામાન્ય મોડસ ઓપરેન્ડી જોવા મળે છે:

- ટાર્ગેટ: સ્કેમર્સ સામાન્ય રીતે એવા લોકોને ટાર્ગેટ બનાવે છે જેઓ આર્થિક રીતે તણાવમાં હોય, આશાવાદી હોય અથવા એકલવાયા હોય.
- સોર્સ: લેટર ઇ-મેલ, કુરિયર સેવાઓ અથવા ઇન્ટરનેટ દ્વારા મોકલવામાં આવે છે.

**વિશ્વાસ કેળવવો:**

- પ્રોફેશનલ દેખાવ: લેટર ઘણીવાર પ્રોફેશનલ રીતે ડિઝાઇન કરવામાં આવે છે, જેમાં લોગો, લેટરહેડ્સ, સીલ અને અધિકૃત દેખાતી સહીઓ હોય છે.
- કાનૂની પરિભાષા: કાનૂની અથવા તકનીકી પરિભાષાનો ઉપયોગ કરીને લેટરને વધુ અધિકૃત બનાવવાનો પ્રયાસ કરવામાં આવે છે.
- ખોટી ઓળખ: છેતરપિંડી કરનારાઓ પોતાને વકીલ, બેંકર, સરકારી અધિકારી, અથવા કંપનીના પ્રતિનિધિ તરીકે રજૂ કરે છે.
- પ્રી-પેમેન્ટની માંગ: લગભગ તમામ સ્કેમમાં, છેતરપિંડી કરનાર પીડિત પાસેથી કોઈને કોઈ બહાને અગાઉથી નાણાંની માંગ કરે છે.

યાદ રાખો સરકાર તરફથી આવતા ઇમેઇલમાં સરકારી આઇ.ડીમાં છેલ્લે (.gov.in) અવશ્ય હોય છે.

# માય આધાર પોર્ટલ

**હર્ષદ રૂપાપરા**

આજના સમયમાં તમામ ભારતીય નાગરિકો માટે આધાર કાર્ડ મહત્ત્વનો ઓળખ દસ્તાવેજ બન્યો છે. કોઈ યોજનાનો લાભ લેવાનો હોય કે અન્ય કોઈ સરકારી સેવા કે પછી ઓળખપત્રની જરૂર આ દરેક ક્ષેત્રમાં આધાર કાર્ડ જરૂરી બન્યું છે. ઘણી વખત આધારકાર્ડ ખોવાઈ જાય, ખરાબ થઈ જાય કે સામાન્ય સુધારા કરવા માટે આધાર સેન્ટરની લાઇનમાં ઊભું રહેવું પડતું હોય છે. ડિજિટલ ટૅક્નોલૉજીના માધ્યમથી નાગરિકોને ઝડપી, પારદર્શી અને સરળ સેવાઓ આપવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ડિજિટલ ઇન્ડિયાનો સંકલ્પ કર્યો છે. નાગરિકોનાં સમય અને શક્તિનો બચાવ થાય તે માટે આધાર સંલગ્ન વિવિધ સેવાઓ "માય આધાર" (https://myaadhaar.uidai.gov.in) પોર્ટલ મારફતે ઓનલાઇન કરવામાં આવી છે.

## માય આધાર પોર્ટલમાં કઈ રીતે લોગઇન કરશો?

- કોઈ પણ વેબ બ્રાઉઝરમાં જઈને https://myaadhaar.uidai.gov.in સર્ચ કરો.
- હવે હોમ પેજ પર "Login" બટન પર ક્લિક કરો.
- તમારો આધાર નંબર અથવા VID (Virtual ID) દાખલ કરો
- ત્યારબાદ CAPTCHA કોડ ભરી Send OTP બટન પર ક્લિક કરો.
- તમારાના રજિસ્ટર્ડ મોબાઇલ નંબર પર OTP આવશે.
- OTP નાખીને લોગઇન થશે

## માય આધાર પોર્ટલમાં કઈ કઈ સેવા ઓનલાઇન?

- **આધાર ડાઉનલોડ** આધાર પીડીએફ સ્વરૂપે ડાઉનલોડ કરી શકો, આ આધાર પાસવર્ડ-પ્રોટેક્ટેડ હોય છે. જેમાં નામના પ્રથમ 4 અક્ષરો (કેપિટલમાં) + જન્મ વર્ષ દાખલ કરી ઓપન કરી શકાય.
- **PVC આધાર કાર્ડ** રૂ. 50 ચૂકવીને તમારું આધાર પ્લાસ્ટિક કાર્ડ તરીકે ઘરે મંગાવી શકો છો.
- **સરનામું સુધારવું** સરનામાના પુરાવાના દસ્તાવેજ (PDF/JPEG) અપલોડ કરી તમે સરનામું ઑનલાઇન અપડેટ કરી શકો છો.
- **અપોઇન્ટમેન્ટ બુક કરી શકાય** નામ, જન્મતારીખ, મોબાઇલ નંબર જેવી માહિતી ઓનલાઇન સુધારવા માટે આધાર સેવા કેન્દ્ર જવું પડે છે. તે માટે આ પોર્ટલ પરથી ઓનલાઇન એપોઇન્ટમેન્ટ બુક કરી શકો છો તેમજ નવા આધાર માટે અથવા અપડેટ માટેના ટાઇમ સ્લોટ ઉપલબ્ધ હોય છે.
- **આધાર ઑથેન્ટિકેશનની હિસ્ટ્રી ચેક કરી શકાય** તમારા આધારનો છેલ્લાં 6 મહિનાનો ઉપયોગ કેટલા વખત, ક્યારે અને ક્યાં થયો તે જોવા મળે છે.
- **VID (Virtual ID) જનરેટ કરી શકાય** તમારો આધાર નંબર શેર કરવાને બદલે 16-અંકનો Virtual ID જનરેટ કરી શકાય છે તે વધુ સિક્યૉર અને પ્રાઇવસી-ફ્રેન્ડલી છે.
- **SMS દ્વારા આધાર સેવા** કેટલીક આધાર સેવાઓ SMS દ્વારા પણ મેળવી શકાય છે. જેમ કે, VID જનરેટ કરવા માટે SMS મોકલી શકો છો.

## માય આધાર પોર્ટલના ફાયદા

- સમય બચાવવો, સામાન્ય સુધારા માટે આધાર કેન્દ્ર પર જવાની જરૂર નથી
- ઓનલાઇન પેમેન્ટ થઈ શકે છે.
- આધાર કેન્દ્ર પર ભીડમાં ઊભું રહેવું પડતું નથી.

## વધુ માહિતી માટે ક્યાં સંપર્ક કરશો

- ટોલ ફ્રી નંબર 1947
- ઈ-મેલ - help@uidai.gov.in
- વેબસાઈટ- https://uidai.gov.in

વધુ માહિતી માટે સ્કેન કરો



# વન્ય જીવન
## ગુજરાતની પ્રાણીસૃષ્ટિથી પરિચિત કરાવતું પુસ્તક




બેલા મહેતા

ગુજરાત રાજ્યની આગવી જૈવવિવિધતા એ તેની વિશિષ્ટ ઓળખ છે. દરિયો, જંગલ, સફેદ રણ, ડુંગરાળ પ્રદેશો જેવા ભિન્ન વિસ્તારો પ્રમાણે રાજ્યના વન્ય પ્રાણીઓમાં પણ વૈવિધ્ય જોવા મળે છે. ગુજરાતની આવી જ પ્રાકૃતિક વૈવિધ્યતાનું પ્રતિબિંબ “વન્યજીવન: ગુજરાતના વન્યપ્રાણીઓ” પુસ્તકમાં ઝિલાયુ છે. આ પુસ્તક માત્ર પ્રાણીઓના બાહ્ય દેખાવના વર્ણનો સુધી સીમિત નથી, પરંતુ પ્રાણીઓની સ્વભાવત્ ખાસિયતોથી પણ વાચકોને અવગત કરી જાય છે.

પુસ્તકનાં ૧૩૬ પાનામાં ગુજરાતના વન્ય વિસ્તારોમાં જોવા મળતાં ૬૪ પ્રાણીઓનું સચિત્ર વર્ણન વાચકોની પ્રાણીઓ પ્રત્યે રહેલી જિજ્ઞાસાને પૂરતો ન્યાય આપે છે. આ પુસ્તકમાં પ્રાણીઓના આહાર-વિહાર, ટેવો, પ્રાપ્યસ્થાન, આયુષ્ય વર્ષો, તેમના પદચિહ્નો અને ખાસ તો તેમના વૈજ્ઞાનિક નામ જેવી અગત્યની માહિતીનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પુસ્તક એશિયાઈ સિંહથી લઈને ઘુડખર, કાળિયાર અને મગર સુધીના સંવર્ધિત પ્રાણીસૃષ્ટિને નજર સમક્ષ તાદૃશ્ય રજૂ કરે છે.

**ઓનલાઇન વાંચવા માટે**

રાજ્યનાં વિવિધ જિલ્લામાં પથરાયેલી વનરાજી સાથે સંકળાયેલા પ્રાણીઓની રસપ્રદ વિગતો વાચકોને સાનંદ આશ્ચર્યમાં મૂકી દેશે. જેમ કે શહેરી વિસ્તારોમાં રહેતા કુતરાઓની ટેવથી તદ્દન ભિન્ન જંગલી કુતરાઓ ભસવાના કે રુદનના અવાજના બદલે એકબીજાને સીટી જેવા અવાજોના ઉપયોગ વડે સંદેશાની આપ-લે કરતા હોય છે. ઘોરખોદિયું જેવું પ્રાણી તેની સખત ચામડીને કારણે શાહુડીના કાંટા, મધમાખી અને સાપના ડંખથી બચી જઈ શકે છે. ઉપરાંત પુસ્તકમાં સાપ અને નોળિયાની લોકવાયકાનું ખંડન કરતા જણાવાયું છે કે આ બંને વચ્ચેની લડાઈમાં નોળિયાના વાળ ઊભા થઈ જતા હોવાથી સાપ તેના દાંત નોળિયામાં ઉતારી શકતો નથી અને બચકું ભરી શકતો નથી. સાબર વિશે રસપ્રદ જાણવા મળશે કે જેમ મોરના પીછા ઋતુ અને જરુરિયાત પ્રમાણે આવ-જા કરે છે તેમજ નર સાબરના માથે આવતા શિંગડાં સંવનન ઋતુ દરમિયાન પુન: આવી જતા હોય છે. વાચકોના કૂતુહલને સંતોષનારી આ પ્રકારની માહિતીથી પુસ્તકને રસપ્રદ બનાવવાનો પૂર્ણ પ્રયાસ કરવામાં આવ્યો છે.

ટૂંકમાં કહીએ તો "વન્યજીવન"નું વાંચન આપને ગુજરાતની પ્રાણીસૃષ્ટિથી મિત્રતા કેળવવામાં સહયોગી નીવડશે. આ એક ઉપયોગી સંદર્ભગ્રંથ તરીકે પણ આપના બુકસેલ્ફમાં સ્થાન પામી શકે છે. વિદ્યાર્થીઓ, શિક્ષકો, સંશોધકો અને કુદરતપ્રેમીઓ માટે તેનું વાંચન તો જાણે ફરજિયાત જ કહી શકાય. ગુજરાતી ભાષાના સરળ શબ્દો અને સહજ સમજણ સાથેનું લેખન વાચકોને નિરાશ નહીં કરે. આ પુસ્તકના સંપાદન અને સંકલનનું કાર્ય માહિતી નિયામકની કચેરી સહ વન વિભાગ દ્વારા તેમજ સ્વ. હેમંત સુથારના સહયોગ વડે વર્ષ ૨૦૨૪માં થયું છે. જે વાચકોને માહિતીની કચેરીએથી નિ:શુલ્ક મળવા પ્રાપ્ત છે.

# વ્હાલી દીકરી યોજના



| | |
|---|---|
| **યોજનાનો ઉદ્દેશ / હેતુ** | દીકરીઓના જન્મદરમાં વધારો કરવા, શિક્ષણમાં ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવા તેમજ બાળલગ્ન પ્રથા અટકાવવાના ઉદ્દેશ્યથી આ યોજના અમલી બનાવવામાં આવેલ છે. |
| **આવક મર્યાદા** | દંપતીની (પતિ-પત્નિની સંયુક્ત) વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય અને શહેરી વિસ્તાર માટે રૂ. ૨ લાખ કે તેથી ઓછી હોવી જોઈએ. |
| **પાત્રતાના ધોરણો** | 1. તા. ૦૨/૦૮/૨૦૧૯ (તા. ૦૧/૦૮/૨૦૧૯ મધ્યરાત્રી ૧૨:૦૦ કલાક પછી) કે ત્યારબાદ જન્મેલ દીકરીને લાભ મળવાપાત્ર રહેશે.<br>2. દીકરીના જન્મ સમયે માતાની ઉંમર ૧૮ વર્ષ કે તેથી વધુ હોવી જોઇએ.<br>3. દંપતીની પ્રથમ ત્રણ સંતાનો પૈકીની તમામ દીકરીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે. |
| **યોજના અંતર્ગત મળતી સહાય** | • પ્રથમ ધોરણમાં પ્રવેશ વખતે રૂ. ૪૦૦૦ની સહાય.<br>• નવમાં ધોરણમાં પ્રવેશ વખતે રૂ. ૬૦૦૦ની સહાય.<br>• ૧૮ વર્ષની ઉંમરે ઉચ્ચ શિક્ષણ/લગ્ન સહાય તરીકે રૂ. ૧ લાખની સહાય. |
| **અમલીકરણ કરતી કચેરી/સંપર્ક અધિકારી** | નિયામકશ્રી, મહિલા કલ્યાણ, કમિશનર, મહિલા અને બાળ વિકાસની કચેરી |
| **અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા** | વિભાગ દ્વારા નિયત કરેલા ધારા ધોરણ પ્રમાણેના |

વ્હાલી દીકરી યોજનાની વધુ માહિતી તથા અરજી માટે સ્કેન કરો

**'મારી યોજના' પોર્ટલ** એ રાજ્ય સરકારની પ્રજાલક્ષી વિવિધ યોજનાઓની પ્રાથમિક માહિતી એક જ મંચ પર ઉપલબ્ધ કરાવતું યુઝર ફ્રેન્ડલી ડિજિટલ પ્લેટફોર્મ છે, જે માત્ર એક ક્લિકથી પૂરી પાડશે **તમામ યોજનાઓની માહિતી.**




**Published on Date : 16-6-2025**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2024-26 Valid upto 31/12/2026, LPWP No. WPP PMG/NG/061/2024-26 Valid upto 31/12/2026
• Licensed to Post without Prepayment At Post : BPC, Gandhinagar on every 3 to 11 and 18 to 26 E.M.,
Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**48 + 4 Cover = Total 52 Pages** • **Editor and Published by** Director of Information on behalf of Directorate of Information,
Block No-19/1, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Government Photo Litho Press, Ahmedabad
• If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**
માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦